અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


07 DECEMBER-2025 SUNDAY | Vol. : 17 | Issue : 157 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  પુતિનની ભારત મુલાકાતથી શું બદલાયું : તેલ પુરવઠાની ખાતરી સહિત 19 ડીલ

4  આખરે 26/11 જેવા આતંકી હુમલાનો ક્યારે આવશે અંત!

6  દિવ્યા ખોસલાએ મુકેશ ભટ્ટનું કોલ રેકોર્ડિંગ શેર કર્યું

7 

નેટફ્લિક્સે વોર્નર બ્રધર્સ સ્ટુડિયોને ખરીદવાની જાહેરાત કરી

## NEWS BRIEF

## પૂર્વ IAS પ્રદીપ શર્માને મની લોન્ડરીંગ કેસમાં 5 વર્ષની સજા

### અગાઉના કેસની સજાથી અલગ ભોગવવાની રહેશે, હવાલાથી મોટી રકમ અમેરિકા ટ્રાન્સફર કરવાનો આરોપ

રાજ્યના પૂર્વ IAS પ્રદીપ શર્મા સામે મની લોન્ડરીંગ એક્ટ હેઠળ નોંધાયેલી ફરિયાદમાં PMLA કોર્ટ દ્વારા 5 વર્ષની સજા ફટકારવામાં આવી છે. પ્રદીપ શર્મા હાલ જે કેસમાં સજા કાપી રહ્યા છે તેનાથી અલગ સજા ભોગવવાની રહેશે. આ ઉપરાંત કોર્ટે ચુકાદામાં જણાવ્યું છે કે, સરકાર દ્વાર અધિકારીની જે સંપત્તિ ટાંચમાં લીધી છે તે સરકાર હસ્તક જ રહેશે. વેલસ્પન ગ્રુપ ઓફ કંપનીઝના માલિકો સાથે મળીને USમાં રહેતી પોતાની પત્ની શ્યામલ શર્માને સહયોગી પેઢી વેલ્યુ પેકેજીંગ પ્રાઈવેટ લિમીટેટમાં 30 ટકાના ભાગીદાર બનાવ્યા હતા. 2007 સુધી શ્યામલ શર્માએ કોઈ મૂડી રોકાણ નહોતું કર્યું, જ્યારે 2008માં 1 લાખનું રોકાણ કર્યું હોવાનું સામે આવ્યું હતું. એપ્રિલ 2008 થી જૂન 2009 દરમિયાન શ્યામલ શર્માને નફાના હિસ્સા મુજબ અંદાજિત 28 લાખ રૂપિયા મળ્યા હતા. આ રકમ માંથી 22 લાખ રૂપિયા તેમના NRO એકાઉન્ટમાં જમા કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. પ્રદીપ શર્માએ આ નાણાંનો ઉપયોગ ગાંધીનગરમાં તેમના ઘરમાં બાંધકામ માટે લીધેલી લોન ચૂકવવા અને ગાંધીનગર દહેગામ ખાતેની જમીન ખરીદવા માટે કરી હોવાનો આરોપ હતો.

## 'શિવા ટકલા'ની પીશાચી મર્ડર સ્ટાઈલ, હત્યા પહેલા વાળ-ભ્રમર કાપ્યા : સુરતમાં 20 હજાર માટે ત્રણ મિત્રોનું અપહરણ

સુરતના ગોડાદરા વિસ્તારમાં બુટલેગર શિવા ટકલાની માનવતાને લજવતી એક ઘટના સામે આવી છે. માત્ર 20 હજારની ઉઘરાણી માટે તેણે ત્રણ મિત્રોનું અપહરણ કરી લાકડાના ફટકા, લોખંડના સળિયા, લાતો-બુટથી ઢોરમાર માર માર્યો અને "કોઈને મોઢું બતાવવા લાયક નહીં રાખીએ"ની ધમકી આપીને અડધા વાળ, મૂછ અને એક આંખની ભ્રમર અસ્તરાથી કાપી વિકૃત પિશાચી આનંદ લીધો. આ અમાનુષી અત્યાચાર સહન ન થતાં 22 વર્ષીય સોએબ શેખનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું, જ્યારે નાઝીમની લાશ મહારાષ્ટ્ર બોર્ડર પરથી મળી.

**નાઝીમની શિવા ટકલા સાથે પૈસા મામલે જૂની માથાકૂટ**

આ ઘટનામાં બચી ગયેલા ઈર્શાદે પોલીસને વિગત આપતા જણાવ્યું કે, 1લી ડિસેમ્બરના રોજ લિંબાયતના ગોવિંદ નગરમાં રહેતા ઈર્શાદ ઉર્ફે કાણિયો, નાઝીમ ઉર્ફે ભાંજા સાદીક અને સોએબ ફિરોજ ચાંદ શેખ મારુતિ નગરમાં બેઠા હતા. નાઝીમની શિવા ટકલા સાથે પૈસા બાબતે કોઈ જૂની માથાકૂટ ચાલતી હતી. આ મામલે વાતચીત કરવા માટે ત્રણેય મિત્રો ગોડાદરાના લક્ષ્મણ નગર ગયા હતા. જોકે, ત્યાં વાતચીત ઉગ્ર બોલાચાલીમાં ફેરવાઈ ગઈ હતી. આ વાતચીત બાદ શિવા ટકલાએ પોતાના સાગરીતો સાથે મળીને ત્રણેય મિત્રોનું અપહરણ કરી લીધું હતું અને તેમને કેપિટલ સ્ક્વેર ખાતે લઈ ગયો હતો. અહીં શિવા ટકલા ઉપરાંત નામચીન બુટલેગર રાજુ શીલાનો પુત્ર મેહુલ, બિપીન ગડરીયો, તાજીબ, અમિત અને સની કાલીયા જેવા લુખ્ખા તત્વો હાજર હતા. હત્યારાઓએ ત્રણેય યુવાનોને ચોમેર તરફથી ઘેરી લીધા હતા. ત્યારબાદ લાકડાના ફટકા, લોખંડના સળિયા, લાતો અને બુટથી તેમને ઢોર માર મારવામાં આવ્યો હતો પરંતુ, શિવા ટકલાનો ગુસ્સો માત્ર માર મારવાથી શાંત થયો નહોતો. તેણે અને તેની ગેંગે ત્રણેય મિત્રોને ધમકી આપી હતી કે, 'તમને કોઈને મોઢું બતાવવા લાયક નહીં રાખીએ.' આ ધમકી બાદ તેમણે બર્બરતાપૂર્વક ત્રણેય યુવાનોના માથાના અડધા વાળ અસ્તરાથી કાપી નાખ્યા હતા અડધો ટકો કર્યો હતો. આટલું ઓછું હોય તેમ, એક આંખ પરની ભ્રમર અને અડધી મૂછ પણ કાપી નાખી હતી. શરીરે અસંખ્ય ઘા અને લોહીલુહાણ હાલતમાં પણ તેઓ આ યુવાનોની મજાક ઉડાવતા રહ્યા હતા.

### 500 કિમી સુધીની મુસાફરી માટે મહત્તમ ભાડું 7,500 રૂપિયા : 500 થી 1,000 કિમી વચ્ચેની મુસાફરી માટે મહત્તમ ભાડું 12,000 રૂપિયા

# એરલાઇન્સની મનમાની પર બ્રેક!

**નવી દિલ્હી, તા.06**

ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ઈન્ડિગો સંકટને ધ્યાનમાં રાખીને તમામ અસરગ્રસ્ત રૂટ પર યોગ્ય અને વાજબી ભાડા નક્કી કરવા માટે તેની નિયમનકારી સત્તાઓનો ઉપયોગ કર્યો છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અસરગ્રસ્ત રૂટ માટે મહત્તમ ભાડા મર્યાદા નક્કી કરી છે. સરકારે એરલાઈન્સને નિર્દેશ આપ્યો છે કે તેઓ વ્યક્તિગત રૂટ માટે નક્કી ભાડા કરતાં મુસાફરો પાસેથી વધુ ભાડું નહીં વસૂલે. જણાવી દઈએ કે, ઈન્ડિગો સંકટ વચ્ચે અન્ય એરલાઈન્સ ખૂબ ઊંચું ભાડું વસૂલતી હોવાની ફરિયાદો પર કેન્દ્ર સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

સરકારે ૫૦૦ કિમી સુધીની મુસાફરી માટે મહત્તમ ભાડું ૭,૫૦૦ રૂપિયા નક્કી કર્યું છે. વધુમાં, ૫૦૦ થી ૧,૦૦૦ કિમી વચ્ચેની મુસાફરી માટે મહત્તમ ભાડું ૧૨,૦૦૦ રૂપિયા છે, અને ૧,૦૦૦ થી ૧,૫૦૦ કિમી વચ્ચેની મુસાફરી માટે ૧૫,૦૦૦ રૂપિયા છે. એ નોંધવું જોઈએ કે ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો છેલ્લા પાંચ દિવસથી ગંભીર ઓપરેશનલ સંકટનો સામનો કરી રહી છે. આ સંકટને કારણે ઈન્ડિગોએ છેલ્લા પાંચ દિવસમાં હજારો ફ્લાઈટ્સ રદ કરી છે. વધુમાં અસંખ્ય ઈન્ડિગો ફ્લાઈટ્સ મોડી પડી છે.




### નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અસરગ્રસ્ત રૂટ માટે મહત્તમ ભાડા મર્યાદા નક્કી કરી

1. ૫૦૦ કિ.મીની યાત્રા માટે વધુમાં વધુ ૭૫૦૦ રૂપિયા વસૂલી શકાશે.
2. ૫૦૦થી ૧૦૦૦ કિ.મી.ની યાત્રા માટે વધુમાં વધુ ૧૨,૦૦૦ રૂપિયા ભાડું વસૂલી શકાશે.
3. ૧૦૦૦થી ૧૫૦૦ કિ.મી. લાંબી યાત્રા માટે વધુમાં વધુ ૧૫,૦૦૦ રૂપિયા વસૂલી શકાશે.
4. ૧૫૦૦ કિ.મી.થી વધુ અંતર માટે ૧૮૦૦૦ રૂપિયાથી વધુ ભાડું વસૂલી શકાશે નહીં.

## સુરતમાં રોજીરોટી છીનવાતાં મહિલાઓ રડી પડી; 'મેં ભટ્ટસાહેબને માની ઉંમરની હોવાનું જણાવ્યું તો કહે, મારા બાપને બીજી બાયડીની જરૂર નથી

### 'અમે દારૂ નથી વેચતા, નડતા હોય તો મારી નાખો'

**સુરત, તા.06**

'અમે દારૂ નથી વેચતા, ઈમાનદારીનો ધંધો કરીએ છીએ. દારૂ અને જુગારના અડ્ડા ચાલે છે, એમને પકડો. ત્યાંથી પૈસા મળે છે અને અમારી પાસેથી કશું નથી મળતું એટલે અમારો સામાન ઉઠાવી જાય છે. અમે દિવસના માંડ-માંડ 50 કે 100 રૂપિયા કમાઈને પેટ ભરીએ છીએ તો અમારો વાંક શું? જો અમે ગમતા ન હોય તો ગોળી મારીને મારી નાખો, આમ રોજ-રોજનું મરવા કરતા એક વાર મારી નાખો...'

આ વેદનાભર્યા શબ્દો છે સુરતમાં 60થી 65 વર્ષની એ વૃદ્ધ મહિલાઓના છે જેઓ



રસ્તા પર બેસીને શાકભાજી વેચી રહી છે. સુરતના વરાછા વિસ્તારમાં આજે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જ્યાં તંત્રની કડક કાર્યવાહી અને અધિકારીઓના તોછડા વર્તનથી ત્રસ્ત થયેલી વૃદ્ધ મહિલાઓનું ટોળું પોતાની વ્યથા ઠાલવવા ધારાસભ્ય કુમાર કાનાણીની ઓફિસે પહોંચ્યું હતું. આ મહિલાઓની આંખોમાં આંસુ સાથે તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો.

'હું શું ત્યાં ભટ્ટ સાહેબની બાપની બાયડી બનવા ગઈ હતી?' એક વૃદ્ધ મહિલાએ ધ્રુજતા અવાજે અને રડતાં-રડતા પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, જ્યારે સાહેબો મારો સામાન જપ્ત કરી રહ્યા હતાં, ત્યારે હું કરગરી રહી હતી. મેં ભટ્ટ સાહેબને હાથ જોડીને કહ્યું કે, સાહેબ, હું તમારી માની ઉંમરની છું, મારી લાચારી સમજો. ત્યારે ભટ્ટ સાહેબે વળતા જવાબમાં મને હીન કક્ષાના શબ્દો સાંભળ્યા છે.

## 10 વર્ષમાં સ્વીડન, જાપાનની માફક અમદાવાદમાં કચરાનો નિકાલ થશે; 2036 પહેલાં 'ઝીરો વેસ્ટ સિટી' બનાવવાનો પ્લાન

### ટ્રેનના 100 ડબ્બાના વજન જેટલો કચરો અમદાવાદીઓ રોજ ફેંકે છે

**અમદાવાદ, તા.06**

4530 મેટ્રિક ટન આ માત્ર આંકડો નથી. અમદાવાદીઓ દરરોજ પોતાના ઘરમાંથી આટલો કચરો ફેંકે છે. સરળ રીતે સમજવા માટે તુલના કરીએ તો ટ્રેનના 100 ડબ્બાનું જેટલું વજન થાય એટલો કચરો અમદાવાદના લોકો રોજ ઠાલવી રહ્યા છે. જેમ કહેવત છે કે ટીપે-ટીપે સરોવર ભરાય એમ એક-એક ડોલ કચરો થઈને અમદાવાદના પીરાણામાં કચરાનો પહાડ બની ચૂક્યો છે. આ પહાડ અમદાવાદની ઓળખ, લોકોનાં સ્વાસ્થ્ય અને મનપાના વહીવટ સામે એક સવાલ બનતો જઈ રહ્યો છે. અમદાવાદમાં 2030માં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાનું નક્કી થઈ ગયું છે અને 2036માં ઓલિમ્પિક ગેમ્સ પણ રમાય એવું સરકારનું આયોજન છે. ત્યારે ઓલિમ્પિક પહેલાં જ અમદાવાદ ઝીરો વેસ્ટ સિટી જાહેર થાય અને ઘરમાંથી નીકળતો તમામ કચરો રિસાઈકલ થાય એ માટે અમદાવાદની સેપ્ટ



યુનિવર્સિટી સહિત દેશની પાંચ મોટી શૈક્ષણિક સંસ્થાઓ ફુલપ્રૂફ પ્લાન બનાવવામાં લાગી છે. આ પ્રોજેક્ટમાં અમદાવાદની CEPT યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. અનિલ કુમાર રોય અને તેમની ટીમ આગામી 5 વર્ષ માટે કામ કરી રહી છે. છેલ્લાં 20 વર્ષથી CEPT યુનિવર્સિટીના પ્લાનિંગ ડિપાર્ટમેન્ટમાં પ્રોફેસર તરીકે કાર્યરત ડો. અનિલ કુમાર રોય સાથે અમે વાતચીત કરી.

## 24 વર્ષ શિક્ષક રહ્યાં, BLO બનાવીને માતાની હત્યા કરી, કામચોર કહ્યા તો ફાંસી લગાવી

**બંગાળ, તા.06**

'માતાના મૃત્યુ પછી લોકોએ જાતજાતની વાતો કરી. ખૂબ દુઃખ થયું, જ્યારે તેમને ફાકીબાજ (કામચોર) કહેવામાં આવ્યાં. તેઓ સ્કૂલમાં બાયોલોજી ભણાવતાં હતાં. ઉંમર 53 વર્ષની હતી. થોડાં વર્ષોમાં રિટાયર થઈ જાત. બે મહિના પહેલાં જ તેમને BLO બનાવવામાં આવ્યાં હતાં. 24 વર્ષની નોકરીમાં પહેલીવાર આ કામ કરી રહ્યાં હતાં. SIRના કામને કારણે પ્રેશરમાં હતાં. 22 નવેમ્બરની રાત્રે તેમણે આત્મહત્યા કરી લીધી.' પશ્ચિમ બંગાળના નદિયા જિલ્લાના કૃષ્ણાનગરમાં રહેતા અરિક્તો રિન્કુ તરફદારના દીકરા છે. રિન્કુ ટીચર હતા, પરંતુ પશ્ચિમ બંગાળમાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ની પ્રક્રિયા શરૂ થયા પછી તેમને BLOનું કામ મળ્યું હતું. આરોપ છે કે રિન્કુ



પર કામ સમયસર પૂરું કરવા માટે દબાણ બનાવવામાં આવી રહ્યું હતું. તેનાથી તે પરેશાન હતા અને તેમણે ફાંસી લગાવી લીધી. સુસાઈડ નોટમાં પણ તેમણે કામના દબાણની વાત લખી છે. TMCનો દાવો છે કે SIR દરમિયાન પશ્ચિમ બંગાળમાં 39 મૃત્યુ થઈ ચૂક્યા છે. આમાં 4 BLO છે.

## પાલનપુરથી જિજ્ઞેશ મેવાણીની ચેલેન્જ

## હર્ષ સંઘવીને મારી જોડે ડિબેટ કરવાની તાકાત ન હોય તો મારા પટાવાળા જોડે કરે



**પાલનપુર, તા.06**

પાલનપુરમાં આજે ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલા કોંગ્રેસના કાર્યક્રમમાં વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ નયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પડકાર ફેંક્યો છે. તેમણે જણાવ્યું કે બે દિવસ અગાઉ હર્ષ સંઘવી મારા મત વિસ્તારમાં આવ્યા પણ તેમણે દારૂ-ડ્રગ્સ બંધ કરાવવાનું વચન ન આપ્યું. હું તેમને મારી સાથે ડિબેટ કરવાની ચેલેન્જ આપુ છું અને જો એમની મારી સાથે ડિબેટ કરવાની કેપેસીટી ન હોય તો મારા પટાવાળા કે ડ્રાઈવર સાથે કરે. જીગ્નેશ મેવાણીએ જણાવ્યું કે, રાજ્યમાં લગભગ 20 લાખ જેટલા સ્ત્રી અને પુરુષો ડ્રગ્સના રવાડે ચડ્યા છે અને છેલ્લા પાંચ વર્ષમાં ડ્રગ્સની બદી ચરમસીમાએ પહોંચી છે. બે દિવસ પૂર્વે નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સંઘવી મારા વિધાનસભા વિસ્તાર વડગામમમાં આવ્યા હતા, પરંતુ તેમણે જુગારધામ, કુટણખાના, દારૂ કે ડ્રગ્સનો વેપાર બંધ કરાવવા અંગે કોઈ વચન આપ્યું ન હતું. ધારાસભ્ય મેવાણીએ ગૃહમંત્રી સંઘવીને જાહેરમાં ડિબેટ કરવા પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે જો સંઘવીમાં તેમની સાથે ડિબેટ કરવાની ક્ષમતા ન હોય તો તેમના પટાવાળા, ડ્રાઈવર કે પીએ સાથે ડિબેટ કરે. મેવાણીએ મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના વિધાનસભા વિસ્તારોમાં દારૂ અને જુગારના અડ્ડા ચાલુ છે કે બંધ તે અંગે સ્પષ્ટતા કરવા પણ માંગ કરી હતી.



## ન્યૂઝ ટ્રેક

### 'સશસ્ત્ર સેના ધ્વજ દિન' ભંડોળ એકત્ર કરવાના કાર્યક્રમનો શુભારંભ : જિલ્લાવાસીઓને ઉદાર હાથે ફાળો આપી વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા કલેક્ટરની અપીલ

ગાંધીનગર, તા.06

સેનાના જવાનોના અપ્રિતમ સાહસ, શૌર્ય અને અનન્ય બલિદાનનું સ્મરણ કરવા અને તેમનું સન્માન કરવાના હેતુસર, દર વર્ષે વર્ષ 7 ડિસેમ્બરના રોજ 'સશસ્ત્ર સેના ધ્વજ દિન'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે સુરેન્દ્રનગર ખાતે સશસ્ત્ર સેના ધ્વજ દિન અંતર્ગત જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી દ્વારા ભંડોળ એકત્ર કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ જિલ્લા કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલના હસ્તે ફાળો એકત્રિત કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સશસ્ત્ર સેના ધ્વજદિનનું મહત્વ સમજાવતા જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, આપણા સૈનિકો પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશના સીમાડાઓ અને રાષ્ટ્રના સર્વભૌમત્વનું રક્ષણ કરે છે. યુદ્ધની સ્થિતિ હોય કે શાંતિના સમયે કાયદો અને વ્યવસ્થાની જાળવણી, અથવા કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ હોય, નાગરિકોની સુરક્ષા અને સહાયતા માટે આપણા જવાનો હંમેશા ખડે પગે સેવા બજાવે છે. આ ફરજ દરમિયાન અનેક જવાનો શારીરિક ક્ષતિનો ભોગ બને છે અથવા વીરગતિ પામે છે. આવા ઈજાગ્રસ્ત, નિવૃત કે શહીદ જવાનોના પરિવારોની પડખે ઊભા રહી તેમના પુનર્વસનમાં મદદરૂપ થવું એ આપણા સૌની સામાજિક જવાબદારી છે. વધુમાં જિલ્લા કલેક્ટરે જિલ્લાના તમામ નાગરિકોને નમ્ર અપીલ કરતા જણાવ્યું હતું કે, આ વીર જવાનો અને તેમના આશ્રિતોના કલ્યાણ અર્થે એકત્રિત કરવામાં આવતા આ ભંડોળમાં આત્મીયતા અને ઉદારતા સાથે યથાશક્તિ યોગદાન આપીએ અને આપણા જાંબાઝ જવાનો પ્રત્યે આદર અને સન્માનની લાગણી વ્યક્ત કરીએ.

નાગરિકોએ દાન/ફાળો જમા કરાવવા માટે નીચે મુજબના બેંક ખાતામાં ડિજિટલ માધ્યમથી અથવા બેંકમાં જઈને સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળમાં રકમ જમા કરાવી શકાશે.

ખાતાનું નામ:-'કલેક્ટર અને પ્રમુખ એ. એફ.એફ.ડી. ફંડ એકાઉન્ટ, સુરેન્દ્રનગર'

બેંકનું નામ:-સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, વાદીપરા બ્રાન્ચ, સુરેન્દ્રનગર

ખાતા નંબર:- 42362667719

IFSC Code:- SBIN0060101

### પીજીવીસીએલની 41 ટીમો એક્શન મોડમાં : 822 જોડાણની ચકાસણી, 103 વીજકનેક્શનોમાં વીજચોરી ઝડપાઇ, 47.15 લાખનો દંડ ફટકાર્યો



સુરેન્દ્રનગર, તા.06

સુરેન્દ્રનગર જિલ્લામાં વીજચોરીનું દૂષણ દિવસે દિવસે વધી રહ્યુ છે.જેના ડામવા માટે તંત્ર દ્વારા વીજચેકિંગ સાથે દરોડાઓપાડવામાં આવી રહ્યા છે. તેમ છતાજિલ્લામાં રહેણાંક વિસ્તારોસહિતના સ્થળોએ લોકો દ્વારાવીજચોરી કરવામાં આવી રહી છે.ત્યારે રાજકોટના ચીફ ઈજનેરએ.એસ.ચૌધરીની સૂચનાઅનુસાર અધિક્ષક ઈજનેર,સુરેન્દ્રનગર એન.એન.અમીનનીમાર્ગદર્શન હેઠળ જિલ્લામાં તા.5-12-2025ને શુક્રવારે ચેકિંગનીકાર્યવાહી હાથ ધરી હતી.

જેમાં પીજીવીસીએલની 41 વીજચેકિંગની ટીમો દ્વારા ધ્રાંગધ્રા,દસાડા તમજ પાટડી તાલુકાનાજુદા જુદા ગામોમાં વીજ ચેકિંગનીકામગીરી કરવામાં આવી હતી.આ માટે 14 એસઆરપીનાજવાનો તથા 20 પોલીસ સ્ટાફદ્વારા પ્રોટેકશન આપવામાં આવ્યુહતુ.

તેમજ 6 વિડીયોગ્રાફરમૂકવામાં આવ્યા હતા. આ વીજચેકિંગની કામગીરી દરમિયાન ઘરવપરાશના 816, વાણિજ્યના 6એમ કુલ 822 વીજ જોડાણોનીચકાસણી કરવામાં આવી હતી.જેમાંથી ઘર વપરાશના 101 તથાવાણિજ્યના 2 એમ કુલ 103 વીજજોડાણોમાં વીજ ચોરી પકડવામાંઆવી હતી.

આ પૈકીના વીજજોડાણો વગરના કુલ 61 વીજચોરીના કેસ પકડવામાં આવ્યાહતા. કુલ 103 વીજ જોડાણોમાંવીજચોરી ધ્યાને આવતા રૂ. 47.15લાખનો દંડ આપવામાં આવતાવીજચોરી કરતા તત્વોમાં દોડધામમચી હતી.

દરોડામાં 61 જેટલા લોકો મીટરવગરના અને સીધા લંગરીયા નાંખીનેવીજચોરી કરતા ઝડપાઇ ગયા હતા.

કયા ગામોમાં દરોડા

ધ્રાંગધ્રા, દસાડા તથા પાટડીતાલુકાના ગામડાઓમાં શુક્રવારેપીજીવીસીએલ ટીમોએ કામગીરી કરીહતી. જેમાં વાવડી, માલવણ,બજાણા, ઝેઝરી, ખેરવા, જૈનાબાદ,ધ્રાંગધ્રા શહેર, દેવચરાડી, મીઠાઘોડા,ચીકાસર, એછવાડા, એરવાડા,વણોદ સહિતના ગામોમાં કામગીરી કરવામાં આવી હતી.

### આત્મહત્યા કરી લેનાર કોટડા સાંગાણીના ખેડૂતના પરિવારને મળશે, જેલમાં બંધ AAP નેતાઓ સાથે મુલાકાત કરશે

# કેજરીવાલ રવિવારથી ત્રણ દિવસ રાજકોટની મુલાકાતે

■ 31 ઓક્ટોબરે સુદામડામાં ખેડૂત મહાપંચાયતમાં હાજરી આપી હતી



રાજકોટ, તા.06

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીએ વિસાવદર બેઠક પર આપની જીત બાદ સૌરાષ્ટ્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કેજરીવાલ વધુ એકવાર સૌરાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યા છે. રવિવારે સાંજે કેજરીવાલ રાજકોટ પહોંચશે અને ત્રણ દિવસ સુધી રોકાણ કરશે. રાજકોટ મુલાકાત દરમિયાન કેજરીવાલ કોટડા સાંગાણીમાં આત્મહત્યા કરી લેનારા ખેડૂતના પરિવારજનો સાથે મુલાકાત કરશે. આ ઉપરાંત બોટાદમાં ખેડૂત મહાપંચાયત સમયે પોલીસ સાથે થયેલા ઘર્ષણ બાદ જે આપ નેતાઓ જેલમાં બંધ છે તેઓ સાથે પણ મુલાકાત કરશે. શુક્રવારે જામનગરમાં ગોપાલ ઈટાલિયા પર જૂતું ફેંકાતા આ મુદ્દાને લઈ કેજરીવાલ પ્રેસ કોન્ફરન્સ કરશે. કેજરીવાલ 7 ડિસેમ્બરથી ત્રણ દિવસ રાજકોટના પ્રવાસે આવી રહ્યા છે. આવતીકાલે સાંજે 7.15 ની ફ્લાઈટમાં તેઓ દિલ્હીથી રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચશે. શહેરના 150 ફૂટ રીંગ રોડ પર આવેલી ફોર્ચ્યુંન હોટલમાં તેમનું રોકાણ છે. 9 ડિસેમ્બર સુધી તેમનું રોકાણ છે ત્યારે ત્રણ દિવસ દરમિયાન તેઓ ખેડૂતો અને અગાઉ બોટાદમાં થયેલી સભામાં જેઓની ધરપકડ કરવામાં આવેલી છે તેઓને જેલમાં મળશે. રાજકોટ જેલમાં અંદાજે 30 જેટલા કેદીઓ છે જેમની તે વખતેની સભા બાદ ધરપકડ થઈ હતી. કોટડા સાંગાણી તાલુકામાં આત્મહત્યા કરી લેનાર ખેડૂતના પરિવારને મળશે ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી અને રાજકોટ આમ આદમી પાર્ટીના આગેવાન અજીત લોખીલે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ રાજકોટ પ્રવાસે આવી રહ્યા છે. 8 નવેમ્બરના રાત્રિના કોટડા સાંગાણીના અરડોઇ ગામે 50 વર્ષીય ખેડૂત દિલીપ વિરડીયાએ પાક નિષ્ફળ જવાને કારણે આપઘાત કરી લીધો હતો તેના પરિવારજનોને અરવિંદ કેજરીવાલ મળશે. આ ઉપરાંત ગોપાલ ઇટાલીયા પર જૂતું ફેંકવામાં આવ્યું તેને લઈને પ્રેસ કોન્ફરન્સ કરશે.

### ત્રણ દિવસ રાજકોટમાં રોકાણ કરશે

કેજરીવાલ 7 ડિસેમ્બરથી ત્રણ દિવસ રાજકોટના પ્રવાસે આવી રહ્યા છે. આવતીકાલે સાંજે 7.15 ની ફ્લાઈટમાં તેઓ દિલ્હીથી રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચશે. શહેરના 150 ફૂટ રીંગ રોડ પર આવેલી ફોર્ચ્યુંન હોટલમાં તેમનું રોકાણ છે. 9 ડિસેમ્બર સુધી તેમનું રોકાણ છે ત્યારે ત્રણ દિવસ દરમિયાન તેઓ ખેડૂતો અને અગાઉ બોટાદમાં થયેલી સભામાં જેઓની ધરપકડ કરવામાં આવેલી છે તેઓને જેલમાં મળશે.

### 31 ઓક્ટોબરે સુદામડામાં ખેડૂત મહાપંચાયતમાં હાજરી આપી હતી

12 ઓક્ટોબરના દિવસે બોટાદના હડદડ ગામમાં કડદા પ્રથા બંધ કરવા માટે ખેડૂતોને મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડૂતોની મહાપંચાયત દરમિયાન અચાનક પથ્થરો થવા લાગ્યો હતો જેમાં પોલીસે અને ખેડુતો વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં અનેક પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત પણ થયા હતા. જેમાં આમ આદમી પાર્ટીના બે નેતાઓ સામે ફરિયાદ નોંધી ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ ખેડૂતોને ન્યાય અપાવવા માટે આમ આદમી પાર્ટીએ સરકાર સામે બાયો ચડાવી દીધી છે.

## ગુજરાત શિક્ષણ બોર્ડે ભૂલ સુધારી, પેપરની તારીખ બદલી

### ધોરણ 10-12ની ધુળેટીના દિવસે લેવાનારી પરીક્ષા હવે 18 અને 16 માર્ચ લેવાશે, જુઓ નવું ટાઈમ ટેબલ

અમદાવાદ, તા.06

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પોતાની ભૂલ સ્વીકારવામાં આવી છે. ધુળેટીની જાહેર રજામાં બોર્ડની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પરીક્ષાની તારીખ હવે બદલી દેવામાં આવી છે. ધોરણ 10ની સામાજિક વિજ્ઞાનની પરીક્ષા 4 માર્ચના બદલે હવે 18 માર્ચના રોજ લેવામાં આવશે. ધોરણ 12 સામાન્ય પ્રવાહની 4 માર્ચે યોજાનારી નામાના મૂળતત્વો, ઈતિહાસ, જીવવિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને વાણિજ્ય સંચાલન, સમાજશાસ્ત્ર મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રની પરીક્ષા 18 માર્ચના રોજ યોજવામાં આવશે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની 4 માર્ચે યોજાનાર જીવ વિજ્ઞાનની પરીક્ષા હવે 16 માર્ચના રોજ બપોરે 3 વાગ્યાથી 6 વાગ્યા સુધી લેવામાં આવશે. અને સંસ્કૃત પ્રથમાની 16 માર્ચના રોજ સવારે 10 વાગ્યાથી 1.15 વાગ્યા સુધી જ્યારે સંસ્કૃત મધ્યમાની 16 માર્ચના બપોરે 3 વાગ્યાથી 6.16 વાગ્યા સુધી લેવામાં આવશે. ધુળેટીની જાહેર રજાના દિવસે જ બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ અસમંજસની સ્થિતિમાં મુકાઈ ગયા છે. રંગોના તહેવારના દિવસે જ બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતામાં મુકાયા છે. જો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ પહેલી વખત આ પ્રકારની ભૂલ નથી કરવામાં આવી. અગાઉ પણ વર્ષ 2023માં ચેટી ચાંદના દિવસે બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. એ બાદ રજૂઆતના આધારે તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, જેથી આ વર્ષે પણ ધુળેટીના દિવસે બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવતાં હવે એમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે.

### રંગોના તહેવારના દિવસે જ બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન

રંગોના તહેવારના દિવસે જ બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતામાં મુકાયા છે. જો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ પહેલી વખત આ પ્રકારની ભૂલ નથી કરવામાં આવી. અગાઉ પણ વર્ષ 2023માં ચેટી ચાંદના દિવસે બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. એ બાદ રજૂઆતના આધારે તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, જેથી આ વર્ષે પણ ધુળેટીના દિવસે બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવતાં હવે એમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે.

## નવી ટ્રેનનો તરસાઇ,સખપુર અને રાણા બોરડી સ્ટોપ ન હોવાથી 12 હજાર લોકોને 6થી 12 કિલોમીટરના ધક્કા

પોરબંદર, તા.06

રેલ્વે વિભાગ દ્વારા તાજેતરમાં જ પોરબંદર રાજકોટ માટે લોકલ ટ્રેઈનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.પરંતુ આ ટ્રેઈનને તરસાઈ,સખપુર અને રાણા બોરડી ગામે સ્ટોપ ન હોવાથી આ ત્રણ ગામના 12 હજાર લોકોને 6 થી 12 કિલોમીટરના ધક્કા ખાવા પડે છે.રેલ્વે વિભાગ દ્વારા નવી કરાયેલ પોરબંદર રાજકોટ લોકલ ટ્રેનને 3 ગામને સ્ટોપ ન આપતા હાલ આ ગામના અનેક મુસાફરો આ ટ્રેઈનમાં મુસાફરી કરી શકતા નથી જેને લઈને રેલ્વે વિભાગને પણ નુકસાન થઈ રહ્યું છે તો આ 3 ગામના લોકોને પણ વધુ પૈસા ખર્ચે કરવા પડી રહ્યા છે. પોરબંદરના સંસદ સહિતના આગેવાનોની રજૂઆતને લઈને તાજેતરમાં ભાવનગર રેલ્વે ડીવિઝન દ્વારા પોરબંદર થી રાજકોટ માટે 2 નવી લોકલ ટ્રેઈન શરૂ કરવામાં આવી હતી.આ ટ્રેઈનના પ્રારંભ પોરબંદરના સંસદ સહિતના આગેવાનો રાજકોટ થી પોરબંદર ટ્રેઈન મારફતે પહોંચ્યા હતા.આ લોકલ ટ્રેઈનના પ્રારંભે મોટાભાગના સ્ટેશન ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું.પરંતુ આ લોકલ ટ્રેનનો પોરબંદર જિલ્લાના રાણા બોરડી તેમજ જામનગર જિલ્લાના સખપુર અને તરસાઈ ગામને લાભ મળતો નથી. તરસાઈ,સખપુર અને રાણા બોરડી ગામે પોરબંદર રાજકોટ લોકલ ટ્રેનનો સ્ટોપ ન આપવામાં આવતા આ ગામમાં રહેતા 12 હજાર જેટલા સભ્યોને આ ટ્રેનનો લાભ લેવા ફરજીયાત રાણાવાવ અથવા વાસવાળીયા ગામે જવાની ફરણ પડે છે. આ બંને સ્ટેશન આ ત્રણ ગામથી 6 થી 12 કિલોમીટર દૂર હોવાથી ગ્રામ્ય પંથકમાં સમયસર વાહનો મળતા નથી તેમજ રૂ.5 થી 50 સુધીનો ખર્ચ કરવાની ફરજ પડે છે.

## કોડીનાર KVK દ્વારા જમીન આરોગ્ય દિવસની ઉજવણી:પ્રાકૃતિક ખેતી અને તેના આયામો વિશે ખેડૂતોને માર્ગદર્શન અપાયું

કોડીનાર, તા.06

કોડીનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 1થી 5 ડિસેમ્બર દરમિયાન 'જમીન આરોગ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયો હતો. આ ઉજવણીમાં ઉના તાલુકાના સોંદરડી ગામ અને કેશોદ તાલુકાના રંગપુર ગામના ખેડૂતોએ ભાગ લીધો હતો. કુલ 100થી વધુ પ્રગતિશીલ ખેડૂતો આ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિકો અને વિષય નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જમીન વિજ્ઞાન, પાક વિજ્ઞાન, પાક સંરક્ષણ અને બાગાયત વિષયના નિષ્ણાતોનો સમાવેશ થાય છે. નિષ્ણાતોએ જમીનનું આરોગ્ય જાળવવા માટે જમીન ચકાસણીનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જમીનમાં સેન્દ્રીય કાર્બન વધારવાના ઉપાયો, પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અપનાવી જમીનને સુરક્ષિત રાખવાના માર્ગો અને જમીન ચકાસણીના પરિણામોના આધારે ખાતરોના ઉપયોગ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

## અનોખી વિશેષતાઓને કારણે કચ્છના ભૂંગા દેશ-વિદેશમાં લોકપ્રિય

### ભૂકંપ, ગરમી અને ઠંડી સામે આપે છે રક્ષણ, રણોત્સવને કારણે કારીગરોની કમાણી વધી

કચ્છ, તા.06

કચ્છ જિલ્લાના દુર્ગમ બન્ની વિસ્તારમાં જોવા મળતા આકર્ષક દેશી ભૂંગાઓ તેની વિશેષતાઓને લઈ દેશ વિદેશમાં લોકપ્રિય બન્યા છે. કચ્છની ભાતિગળ સંસ્કૃતિ દર્શાવતા ઈકો ફ્રેન્ડલી ભૂંગાઓ તેની ગોળાકાર બનાવટથી ઠંડી અને ગરમીની ઋતુમાં વાતાનુકૂલિતની ગરજ સારે છે. ભૂકંપપ્રૂફ ભૂંગા બનાવવા સ્થાનિક કારીગરોને સમગ્ર દેશમાંથી ઓર્ડર મળે છે. આ હંગામી આવાસો હવે કચ્છીમાડુઓ માટે કાયમી રોજગાર બન્યા છે. આજે પણ અહીં લોકો જુનવાણી ભૂંગામાં રહેવાનું પસંદ કરે છે

કચ્છના રણોત્સવના કારણે ધોરડો અને આસપાસના ગામોમાં ઘરોની બાજુમાં ઠેર ઠેર કલાત્મક હોમ સ્ટે અને રિસોર્ટ જોવા મળે છે. આજે પણ અહીં લોકો જુનવાણી ભૂંગામાં રહેવાનું પસંદ લોકો આજે પણ ભૂંગામાં રહેવાનું વધુ પસંદ કરે છે. લાકડાં, છાણ અને દેશી ઘાસની મદદથી તૈયાર થતા દેશી



કરે છે. હોડકો ગામમાં 100 વર્ષથી પણ જૂના ભૂંગા આવેલા છે. અહીં મુખ્યત્વે દેશી અને માંગરોઈ નળિયાવાળાં ઘરો આવેલાં છે, જોકે, તેમ છતાં સ્થાનિક ગોળાકાર મકાનને ભૂંગો કહેવાય છે, જેમાં વર્તુળાકારે ઊભી કરાયેલી દીવાલમાં માટી અને છાણ મિશ્રિત લીંપણથી ભીંત સજાવવામાં આવે છે.

## નવા વર્ષથી રાજકોટમાં દોડશે ભારત ટેક્સી : ટુ-વ્હીલર, રિક્ષા અને કારના 1 હજારથી વધુ ગુજરાતી સારથી તરીકે જોડાયા

■ રાજકોટમાં સહકાર ટેક્સીના એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ સંદીપ પટણીએ જણાવ્યું હતું કે, ભારત ટેક્સીની શરૂઆત સૌપ્રથમ દિલ્હીમાં કરાઈ હતી

સુરત, તા.06

"ભારત ટેક્સી છે એ આપણી ટેક્સી છે, આપણી એપ છે અને આપણી રીતે ચલાવવાની છે" - આ સૂત્ર સાથે વિશ્વનું સૌથી મોટું ડ્રાઇવર-માલિકી નેટવર્ક 'ભારત ટેક્સી' હવે રાજકોટમાં પગપેસારો કરી ચૂક્યું છે. દિલ્હી બાદ ગુજરાતમાં પ્રથમ વખત રાજકોટમાં 26 નવેમ્બરે સોફ્ટ લોન્ચ થયું અને પહેલા જ દિવસે 200થી વધુ ડ્રાઈવરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. હાલ અહીં 1000થી વધુ ટુ-વ્હીલર, રિક્ષા અને કાર ડ્રાઈવરો જોડાઈ ચૂક્યા છે, જ્યારે ગુજરાત-દિલ્હી મળીને આખા દેશમાં 51 હજારથી વધુ ડ્રાઈવરો સરકાર માન્ય ભારત ટેક્સીમાં રજિસ્ટર્ડ થયા છે. ડિસેમ્બર અંત સુધીમાં કસ્ટમર એપ લોન્ચ થતાં જ રાજકોટના લોકોને અન્ય ખાનગી કેબ કંપનીઓ કરતા સસ્તી અને કમિશન-ફ્રી રાઈડ સેવા મળવા લાગશે, કારણ કે અહીં ડ્રાઈવર જ માલિક છે. આ સેવામાં જોડાનારા ડ્રાઈવરોને સારથી તરીકે ઓળખવામાં આવશે. રાજકોટમાં સહકાર ટેક્સીના એક્ઝિક્યુટિવ આસિસ્ટન્ટ સંદીપ પટણીએ જણાવ્યું હતું કે, ભારત ટેક્સીની શરૂઆત સૌપ્રથમ દિલ્હીમાં કરાઈ હતી અને ત્યારબાદ ગુજરાતના રાજકોટ શહેરમાં કિસાનપરા ચોક ખાતે 26 નવેમ્બરના રોજ ડ્રાઈવર રજિસ્ટ્રેશન એપ્લિકેશન લોન્ચ કરી હતી. આ લોન્ચિંગ સહકાર ટેક્સીના ઉચ્ચ અધિકારી ગૌતમ ગાંગુલી, એક્ઝિક્યુટિવ સંદીપ પટણી, અને બોર્ડ ઓફ ડિરેક્ટર કિશનભાઈની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

## ભુજમાં ઇલેક્ટ્રિક શોરૂમના ગોડાઉનમાં ભીષણ આગ

કચ્છ, તા.06

ભુજના ભાવેશ્વર નગરમાં આવેલા સિમરન સેલ્સના ઈલેક્ટ્રિકલ ઘર વપરાશની સામગ્રીના ગોડાઉનમાં ગત રાત્રે ભીષણ આગ લાગી હતી. આગ લાગવાથી આસપાસના વિસ્તારમાં ભારે દોડધામ મચી હતી. આગને કાબુમાં લેવા માટે ફાયર વિભાગે ભારે જહેમત ઉઠાવી હતી. લગભગ રાત્રિના 2 વાગ્યાની આસપાસ આગ ઉપર કાબુ સંપૂર્ણ કાબુ મેળવાયો હતો. આ ઘટનામાં વિવિધ પ્રકારની વિદ્યુત સામગ્રી બળી જતા લાખો રૂપિયાની નુકસાની થવા પામી છે. ભુજ ફાયર કંટ્રોલરૂમને કોલ મળતા જ તાત્કાલિક ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ગયું હતું. આગ વધુ વિકરાળ હોવાથી અન્ય ત્રણ ફાયર ફાઈટર મંગાવવામાં આવ્યા હતા, આમ કુલ ચાર ફાયર ફાઈટરની મદદથી આગ બુઝાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ગોડાઉન બંધ હોવાથી આગને કાબુમાં લેવામાં મુશ્કેલી પડી રહી હતી. ફાયર વિભાગે JCB મશીનની મદદથી ગોડાઉનનો શટર અને દીવાલ તોડાવી આગને ફેલાતી અટકાવી હતી. આશરે સાડા ત્રણ કલાકની ભારે જહેમત બાદ 96,000 લીટર પાણીનો ઉપયોગ કરીને આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. આજુબાજુ રહેણાંક વિસ્તાર હોવાથી માનવ સલામતીને ધ્યાનમાં રાખીને નજીકના તમામ રહેવાસીઓની વીજળી પુરવઠો કાપીને તેમને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

## શિક્ષણ બોર્ડના નવા ટાઇમ-ટેબલથી 12 સાયન્સના મેડિકલ વિદ્યાર્થીઓને મૂશ્કેલી

રાજકોટ, તા.06

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધૂળેટીના દિવસે પેપર રાખવામાં આવ્યા બાદ ભૂલ સુધારી રિવાઈઝ્ડ ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું. જોકે તેમાં ધોરણ 12 સાયન્સના બી ગ્રુપના વિદ્યાર્થીઓની પરીક્ષા 13ને બદલે 16 માર્ચે પૂર્ણ થઈ રહી છે અને આ વખતે મેડિકલના વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં એડમિશન માટેની NEETની પરીક્ષા 4ને બદલે 3મે ના લેવાઈ રહી છે.

ગત વર્ષે બોર્ડની પરીક્ષા 10 માર્ચે જ પૂર્ણ થઈ ગઈ હતી. જેથી ગત વર્ષની તુલનામાં આ વખતે NEETની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને રીવિઝન માટેનો 7 દિવસનો ઓછો સમય મળશે. NEETની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને 80 ચેપ્ટર ભણવાના આવતા હોય છે. જેમાં તેઓ દરરોજના એવરેજ 5 ચેપ્ટર રીડિંગ કરતા હોય છે એટલે સાત દિવસના 35 ચેપ્ટરનું રિમિશન લઈ થઈ શકે. જેથી વાલીઓ માંગ કરી રહ્યા છે કે મેડિકલના વિદ્યાર્થીઓને તેના જીવનની સૌથી મોટી અને મહત્વની ગણાતી આ પરીક્ષામાં રીડિંગ માટેનો વધુ સમય મળે તે માટે બોર્ડની પરીક્ષાના સમય પત્રકમાં ફેરફાર કરવામાં આવે.

રાજકોટના વાલી મેઘાબેને જણાવ્યું હતું કે, મારો પુત્ર ધોરણ 12 સાયન્સમાં અભ્યાસ કરે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓ માટેની પરીક્ષાનું રીવાઈઝ્ડ ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે, જે મુજબ પહેલા ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનું બાયોલોજીનું પેપર 4 માર્ચના લેવાનું નક્કી કરાયું હતું. તે રિ-શેડ્યુલ કરી 16 માર્ચના લેવાનું નક્કી કરવામાં આવ્યું છે.

જેને લીધે દર વર્ષે બોર્ડની પરીક્ષા 10 કે 11 માર્ચે પૂરી થઈ જતી હોય છે તે આ વર્ષે 16મી માર્ચે પૂર્ણ થશે. આ સાથે જ NEETની પરીક્ષા કે જેના આધારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મેડિકલમાં ઉચ્ચ અભ્યાસ માટે એડમિશન મળતું હોય છે તે એક્ઝામ પણ 4ને બદલે 3મે ના રોજ લેવાશે. જે થોડી વહેલી છે અને તેને કારણે વિદ્યાર્થીઓને રિવિઝનનો સમય ઘટી ગયો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે નીટની પરીક્ષામાં એક માર્ક ઓછો હોય તો પણ હજારો રેન્કનો ફર્ક પડી જાય છે અને તેથી વિદ્યાર્થીઓને સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશમાં મુશ્કેલી પડે છે. જેથી ગુજરાત બોર્ડ અને સરકારને વિનંતી છે કે વિદ્યાર્થીઓને રીડિંગનો વધુ સમય મળે તે માટે ધોરણ 12 સાયન્સની પરીક્ષાની તારીખોમાં થોડો ફેરફાર કરવામાં આવે.

### NEET એક્ઝામ વહેલી લેવાતા વિદ્યાર્થીઓને તૈયારીના 7 દિવસ ઘટ્યા

ગત વર્ષે બોર્ડની પરીક્ષા 10 માર્ચે જ પૂર્ણ થઈ ગઈ હતી. જેથી ગત વર્ષની તુલનામાં આ વખતે NEETની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને રીવિઝન માટેનો 7 દિવસનો ઓછો સમય મળશે. NEETની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને 80 ચેપ્ટર ભણવાના આવતા હોય છે. જેમાં તેઓ દરરોજના એવરેજ 5 ચેપ્ટર રીડિંગ કરતા હોય છે એટલે સાત દિવસના 35 ચેપ્ટરનું રિમિશન લઈ થઈ શકે. જેથી વાલીઓ માંગ કરી રહ્યા છે કે મેડિકલના વિદ્યાર્થીઓને તેના જીવનની સૌથી મોટી અને મહત્વની ગણાતી આ પરીક્ષામાં રીડિંગ માટેનો વધુ સમય મળે તે માટે બોર્ડની પરીક્ષાના સમય પત્રકમાં ફેરફાર કરવામાં આવે.

# પુતિનની ભારત મુલાકાતથી શું બદલાયું : તેલ પુરવઠાની ખાતરી સહિત 19 ડીલ

■ **રશિયા જહાજ નિર્માણના ક્ષેત્રમાં નિષ્ણાત છે. બીજી તરફ ભારત પણ પોતાના શિપયાર્ડ્સને સુધારવા માંગે છે.**



**દિલ્હી, તા.06**

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તેમની 27 કલાકની ભારત મુલાકાત પૂર્ણ કરીને પાછા ફર્યા છે. તેમણે શુક્રવારે પીએમ મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરી અને બિઝનેસ ફોરમને સંબોધિત કર્યું. આ દરમિયાન ભારત-રશિયા વચ્ચે કોઈ મોટા કરારની જાહેરાત થઈ ન હતી. અગાઉના અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે બંને દેશો વચ્ચે SU-57 ફાઈટર જેટ અને S-400 ડિફેન્સ સિસ્ટમ અંગે ડીલ થઈ શકે છે. જોકે, બંને દેશો વચ્ચે તેલ સપ્લાયની ગેરંટી સહિત 19 કરારો પર સહમતિ સધાઈ હતી. જેમાં ઘણા મહત્ત્વપૂર્ણ કરારો પણ સામેલ છે.

પુતિનની ભારત મુલાકાત પરના મહત્ત્વના કરારો

1. મેનપાવર મોબિલિટી

ભારત અને રશિયાએ મેનપાવર મોબિલિટી કરાર કર્યો છે. આનાથી બંને દેશોના નાગરિકો અસ્થાયી રૂપે એકબીજાના દેશમાં કામ કરી શકશે. જો કોઈ ભારતીય રશિયામાં અથવા કોઈ રશિયન ભારતમાં કામ કરવા માંગે છે, તો તે હવે વધુ સરળ બનશે. આ સાથે, ગેરકાયદેસર રીતે અવર-જવર પર પણ મજબૂત રોક લાગશે.

2. હેલ્થકેર અને મેડિકલ એજ્યુકેશન

ભારત અને રશિયાના સ્વાસ્થ્ય મંત્રાલય વચ્ચે સ્વાસ્થ્ય સેવાઓ, મેડિકલ રિસર્ચ અને મેડિકલ શિક્ષણમાં સહયોગનો કરાર થયો છે. આ કરાર ત્રણ મોટા ક્ષેત્રો પર કેન્દ્રિત છે. સ્વાસ્થ્ય સેવાઓ- બંને દેશો ડોક્ટરો, હોસ્પિટલો અને હેલ્થ સિસ્ટમ સાથે જોડાયેલા અનુભવો શેર કરશે. આમાં હોસ્પિટલોમાં સારવારને બહેતર બનાવવી, નવા રોગોનો સંયુક્ત રીતે અભ્યાસ કરવો અને ટેક્નોલોજી અને સારવારની આધુનિક પદ્ધતિઓ શેર કરવી શામેલ હશે. મેડિકલ શિક્ષણ- બંને દેશોની મેડિકલ કોલેજો અને સંસ્થાઓ સાથે મળીને કામ કરશે. આમાં સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ, ડોક્ટરો-મેડિકલ સ્ટાફની તાલીમ અને સંશોધનમાં સંયુક્ત કાર્યક્રમોનો સમાવેશ થાય છે. મેડિકલ સાયન્સ અને રિસર્ચ- આમાં નવી દવાઓ, રસીઓ અને સારવાર તકનીકો પર સંયુક્ત સંશોધન કરવું અને કેન્સર, હૃદય રોગ, દુર્લભ રોગો પર સંયુક્ત અભ્યાસ કરવાનો સમાવેશ થાય છે.

3. ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ-

આ કરાર ભારતની FSSAI અને રશિયાની ગ્રાહક સુરક્ષા એજન્સી વચ્ચે થયો છે. ભારત અને રશિયા એ વાત પર સાથે કામ કરશે કે બંને દેશોના લોકોને સુરક્ષિત અને સારા ધોરણોવાળો ખોરાક મળે. કોઈપણ ખાદ્ય ઉત્પાદન એક દેશમાંથી બીજા દેશમાં જાય, તો તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવશે.

4. જહાજ નિર્માણ

ભારત અને રશિયાએ શિપિંગ, પોર્ટ્સ, જહાજ નિર્માણ અને આર્કટિક સહયોગને મજબૂત કરવા માટે એક નવો કરાર કર્યો છે. આર્કટિક ક્ષેત્રમાં સહયોગ- રશિયા આર્કટિક ક્ષેત્રમાં એક મોટો ખેલાડી છે અને ત્યાં તેની પાસે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. ભારત હવે રશિયા સાથે મળીને આર્કટિકમાં સંશોધન, દરિયાઈ માર્ગો અને ઊર્જા પ્રોજેક્ટ્સ પર કામ કરશે. આનાથી નવા વ્યાપારી માર્ગો અને ઊર્જા સંસાધનો સુધી પહોંચ સરળ બનશે. શિપિંગ અને બંદરોમાં ભાગીદારી- ભારત અને રશિયા વચ્ચે શિપિંગને ઝડપી અને સુવિધાજનક બનાવવા માટે સાથે મળીને કામ થશે. બંદરો વચ્ચે કનેક્ટિવિટી અને તકનીકી સહયોગ વધશે. બંને દેશો તેમના દરિયાઈ વેપારને વધારવા માટે વધુ સારા માર્ગો નક્કી કરશે.

જહાજ નિર્માણ- બંને દેશો જહાજ બનાવવા, સમારકામ, ટેક્નોલોજી શેર કરવા અને તાલીમમાં ભાગીદારી કરશે. રશિયાએ પ્રસ્તાવ મૂક્યો છે કે આર્કટિક-ક્લાસ જહાજો સાથે મળીને બનાવવામાં આવે. ભારતમાં એવા જહાજોનું નિર્માણ કરવામાં આવશે, જે બર્ફીલા આર્કટિક અને નોર્ધન સી રૂટ જેવા દરિયાઈ માર્ગોમાં કામ કરી શકે.

રશિયા જહાજ નિર્માણના ક્ષેત્રમાં નિષ્ણાત છે. બીજી તરફ ભારત પણ પોતાના શિપયાર્ડ્સને સુધારવા માંગે છે. રશિયા જહાજ નિર્માણના ક્ષેત્રમાં નિષ્ણાત છે. બીજી તરફ ભારત પણ પોતાના શિપયાર્ડ્સને સુધારવા માંગે છે.

5. ખાતર કરાર

ભારત અને રશિયાની મોટી ખાતર કંપનીઓ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ કરાર થયો છે. આમાં રશિયાની ઉરલકેમ (UralChem) અને ભારતની રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (RCF), નેશનલ ફર્ટિલાઈઝર્સ લિમિટેડ (NFL) અને ઈન્ડિયન પોટાશ લિમિટેડ (IPL) શામેલ છે. આ કરારનો હેતુ ભારતમાં ખેડૂતોને સમયસર અને પર્યાપ્ત માત્રામાં ખાતર ઉપલબ્ધ કરાવવાનો છે. કરાર હેઠળ, રશિયાની ઉરલકેમ ભારતને મોટી માત્રામાં યુરિયા, પોટાશ, ફોસ્ફેટ અને અન્ય ખાતરોનો સતત પુરવઠો પૂરો પાડશે.


# પાકિસ્તાન-અફઘાનિસ્તાન બોર્ડર પર ફરી ફાયરિંગ

## પીસ ટોકના 48 કલાક બાદ હુમલો; એકબીજા પર પહેલા હુમલો કરવાનો આરોપ લગાવ્યો



**બિહાર, તા.06**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની ચમન-સ્પિન બોલ્ડક સરહદ પર શુક્રવારે ફરી એકવાર ભારે ગોળીબાર થયો. ગોળીબાર રાત્રે લગભગ 10 વાગ્યે શરૂ થયો અને મોડી રાત સુધી ચાલુ રહ્યો. બંને દેશો એકબીજા પર હુમલો શરૂ કરવાનો આરોપ લગાવી રહ્યા છે.અફઘાન તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે કહ્યું કે પાકિસ્તાને સૌથી પહેલા કંધાર પ્રાંતના સ્પિન બોલ્ડક વિસ્તારમાં હુમલો કર્યો, જેના જવાબમાં તેમની સેનાએ જવાબી કાર્યવાહી કરી. બીજી તરફ પાકિસ્તાની અધિકારીઓનો દાવો છે કે અફઘાન સેનાએ કોઈ ઉશ્કેરણી વિના ચમન સરહદ પર ગોળીબાર શરૂ કર્યો, જેના પછી પાકિસ્તાની દળોએ જડબાતોડ જવાબ આપ્યો. વડાપ્રધાનના પ્રવક્તા મોશર્રફ ઝૈદીએ કહ્યું, "પાકિસ્તાન પોતાની સરહદ અને લોકોની સુરક્ષા માટે સંપૂર્ણપણે સતર્ક અને તૈયાર છે." જોકે, હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. આના 48 કલાક પહેલા જ બંને દેશો વચ્ચે શાંતિ વાત થઈ હતી. જોકે, આ વાતચીત નિષ્ફળ રહી. આ અથડામણ ત્યારે થઈ છે જ્યારે 2-4 ડિસેમ્બરના રોજ સાઉદી અરબમાં બંને દેશો વચ્ચે ત્રીજી શાંતિ વાત કોઈ પરિણામ વિના સમાપ્ત થઈ હતી. જોકે, બંને પક્ષોએ યુદ્ધવિરામ જાળવી રાખવાનું વચન આપ્યું હતું, પરંતુ તણાવ ઓછો થઈ રહ્યો નથી. સાઉદી અરેબિયાથી બંને પ્રતિનિધિમંડળ 4 ડિસેમ્બરે પોતાના દેશ પાછા ફર્યા હતા અને 5 ડિસેમ્બરની રાત્રે ગોળીબાર શરૂ થઈ ગયો હતો. આ પહેલા કતાર અને તુર્કીમાં પણ વાતચીત થઈ ચૂકી છે. ચોથો રાઉન્ડ ક્યારે અને ક્યાં થશે, તેની કોઈ તારીખ નક્કી નથી. ચમન-સ્પિન બોલ્ડક બોર્ડરને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે અને બંને દેશોએ તૈનાતી વધારી દીધી છે. ચમન-સ્પિન બોલ્ડક બોર્ડરને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે અને બંને દેશોએ તૈનાતી વધારી દીધી છે. પાકિસ્તાનનું કહેવું છે કે અફઘાનિસ્તાનની જમીન પરથી આતંકવાદી હુમલા કરી રહ્યા છે. તાલિબાન સરકાર આ તમામ આરોપોને સંપૂર્ણપણે નકારે છે અને કહે છે કે પાકિસ્તાન પોતાની આંતરિક નિષ્ફળતાનો દોષ અફઘાનિસ્તાન પર ઢોળી રહ્યું છે. હાલમાં ચમન-સ્પિન બોલ્ડક બોર્ડરને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે અને બંને તરફ મોટી સંખ્યામાં સૈનિકો તૈનાત છે. આવનારા દિવસોમાં તણાવ વધુ વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પાકિસ્તાને અડધી રાત્રે અફઘાનિસ્તાનમાં 3 એરસ્ટ્રાઈક કરી હતી, પાકિસ્તાને 24 નવેમ્બરની અડધી રાત્રે અફઘાનિસ્તાનના ત્રણ પ્રાંત ખોસ્ત, કુનાર અને પક્તિકામાં એરસ્ટ્રાઈક કરી હતી.



નવી દિલ્હી: રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન નવી દિલ્હીમાં રાજઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરે છે.

# ઈન્ડિગોના 54% મુસાફરો મોડું થવાથી અને સ્ટાફના વર્તનથી પરેશાન

## એક વર્ષમાં 63% ફરિયાદો વધી; પાયલટ-ક્રૂની અછતને કારણે નવેમ્બરમાં 1,232 ફ્લાઈટ્સ રદ

**મહારાષ્ટ્ર, તા.06**

ઈન્ડિગો એરલાઈન્સે છેલ્લા 4 દિવસમાં 2000થી વધુ ફ્લાઈટ્સ રદ કરીને મુસાફરોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. પરંતુ આવું પહેલીવાર બન્યું નથી. લોકલસર્કલ્સના સર્વે મુજબ, છેલ્લા એક વર્ષમાં આ કંપની વિરુદ્ધની ફરિયાદોમાં 63% નો વધારો થયો છે. આ સર્વેમાં સામે આવ્યું છે કે ઈન્ડિગોથી મુસાફરી કરનારા 54% મુસાફરોએ ફ્લાઈટમાં મોડું થવાથી અને સ્ટાફના ખરાબ વર્તનની ફરિયાદો કરી છે. દેશના એરલાઈન માર્કેટમાં ઈન્ડિગોનો હિસ્સો 60% છે. સર્વેમાં મુસાફરોએ છેલ્લા 12 મહિનામાં ફ્લાઈટ રદ થવી, મોડી પડવી અને સેવા સંબંધિત સમસ્યાઓની સૌથી વધુ ફરિયાદો કરી છે. એટલું જ નહીં, પાઈલટ અને ક્રૂની અછતને કારણે કંપનીને માત્ર નવેમ્બર મહિનામાં 1,232 ફ્લાઈટ્સ રદ કરવી પડી છે.



લોકલસર્કલ્સના સર્વેમાં મુસાફરોને 15 સમસ્યાઓ પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. તેમાં 15,938 મુસાફરોએ 15 મુદ્દાઓમાંથી એકથી વધુ સમસ્યાઓની ફરિયાદ કરી હતી. 54% લોકોએ ફ્લાઈટ સમયસર ન ઊડવાને મોટી સમસ્યા ગણાવી હતી. આ સાથે 54% લોકોએ સ્ટાફના વર્તનની ફરિયાદ કરી હતી. 45% મુસાફરોએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમને માહિતી મોડી અથવા અધૂરી આપવામાં આવી હતી. 42% લોકોએ સામાન સંભાળવાની ફરિયાદ કરી હતી. 32% લોકોએ ગ્રાહક સેવા પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. સર્વેમાં જાણવા મળ્યું કે મોટાભાગના મુદ્દાઓમાં ફરિયાદો 2024ની સરખામણીમાં વધી છે. વિલંબની ફરિયાદો 33% થી વધીને 54% થઈ ગઈ છે. એટલે કે તેમાં 63%નો વધારો થયો. બેગેજ હેન્ડલિંગની ફરિયાદો 27% થી વધીને 42% થઈ ગઈ છે. સ્ટાફના વર્તન સંબંધિત ફરિયાદો 46%થી વધીને 54% થઈ ગઈ. ગ્રાહક સેવા 23% થી 32% અને એરક્રાફ્ટની ગુણવત્તાની ફરિયાદો 19% થી વધીને 27% થઈ ગઈ. માહિતી પારદર્શિતાના મુદ્દાઓ 27% થી વધીને 45% થઈ ગયા. ઈન્ડિગો અગાઉ તેના ઓન-ટાઈમ પર્ફોર્મન્સ (OTP) માટે જાણીતી હતી, પરંતુ તેમાં ઘટાડો થયો છે. રિપોર્ટ્સ અનુસાર, 2021માં OTP 92.4% હતી, જે 2023માં ઘટીને 85.4% રહી ગઈ. વર્ષ 2024માં ઈન્ડિગોની માત્ર 69.69% ફ્લાઈટ્સ જ સમયસર તેમના ગંતવ્ય સ્થાને પહોંચી. હાલમાં ઓન-ટાઈમ અરાઈવલ રેટ 80-82% ની આસપાસ છે. DGCA એ પાયલટો અને અન્ય ક્રૂ મેમ્બર્સના કામ સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યા છે. તેને ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન (FDTL) નામ આપવામાં આવ્યું છે. આ નિયમો બે તબક્કામાં લાગુ કરવામાં આવ્યા.

# રાજસ્થાન-MPના 37 શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે

## 8 ડિસેમ્બરથી ઠંડી વધુ તીવ્ર બનશે ; ઉત્તરાખંડ અને હિમાચલમાં હિમવર્ષાનું એલર્ટ, કેદારનાથમાં પારો-14 ડિગ્રી



**ફતેહપુર, તા.06**

પહાડી વિસ્તારોમાંથી આવતા ઠંડા પવનોએ ઘણા રાજ્યોમાં ઠંડી વધારી દીધી છે. રાજસ્થાનના 18 શહેરોમાં શુક્રવારે તાપમાન 10 ડિગ્રીથી નીચે આવી ગયું. 7 શહેરોમાં તાપમાન 5 ડિગ્રીથી નીચે પહોંચી ગયું. ફતેહપુર 1.9 ડિગ્રી સાથે સૌથી ઠંડું શહેર રહ્યું. લૂણકરણસરમાં 3.2, સીકરમાં 3 અને નાગૌરમાં 3.1 પારો નોંધાયો. મધ્ય પ્રદેશના 19 શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે પહોંચી ગયું. પચમઢીમાં પારો સૌથી ઓછો 5.8 ડિગ્રી નોંધાયો. હવામાન વિભાગ અનુસાર, પહાડોમાંથી ઠંડી હવાઓ આવવાને કારણે 7 અને 8 ડિસેમ્બરે ઠંડીની અસર વધુ વધશે. આ તરફ, IMD એ ઉત્તરાખંડમાં રવિવારે વરસાદ અને હિમવર્ષાનું એલર્ટ જાહેર કર્યું છે. આનાથી તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો આવી શકે છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં તાપમાન પહેલાથી જ શૂન્યથી નીચે પહોંચી ગયું છે. કેદારનાથમાં શુક્રવારે -14 અને બદ્રીનાથમાં -11 ડિગ્રી તાપમાન નોંધાયું. હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં પણ હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. શુક્રવારે રાજ્યના તમામ શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે ગયું છે. 14 શહેરોમાં તાપમાન 5 ડિગ્રીથી ઓછું રહ્યું. લાહૌલ સ્પીતિના તાબોમાં -8.3 ડિગ્રી અને કુકુમસૈરીમાં -5.2 ડિગ્રી તાપમાન નોંધાયું.

# બંગાળમાં સસ્પેન્ડેડ TMCના ધારાસભ્યએ બાબરી મસ્જિદનો પાયો નાખ્યો

## મૌલવીઓ સાથે રિબન કાપી, 2 લાખથી વધુ લોકો મસ્જિદ માટે માથે ઈંટો લઈને પહોંચ્યા






**બેલડાંગામાં ઠેર ઠેર બાબરી મસ્જિદના શિલાન્યાસનાં પોસ્ટર લગાવવામાં આવ્યાં છે.**

કાર્યક્રમ પહેલાં હુમાયુ કબીરે શનિવારે કહ્યું હતું કે હિંસા ભડકાવીને કાર્યક્રમને અટકાવવા માટે કાવતરાં ઘડવામાં આવી રહ્યાં છે. કોઈપણ તાકાત આને રોકી શકશે નહીં. અમે કોલકાતા હાઈકોર્ટના આદેશોનું પાલન કરીશું. હાઈકોર્ટે મસ્જિદના બાંધકામ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો, શુક્રવારે કોલકાતા હાઈકોર્ટે મસ્જિદના બાંધકામ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે સમારોહ દરમિયાન શાંતિ જાળવવાની જવાબદારી રાજ્ય સરકારની રહેશે. હાઈકોર્ટના નિર્દેશ બાદ હુમાયુ કબીરે મસ્જિદનો પાયો નાખ્યો. તેમના સંબોધન દરમિયાન, એક સાથીદારે તેમને ફ્લાઈટના સમયની યાદ અપાવી, અને ધનખરે જવાબ આપ્યો, હું ફ્લાઈટ પકડવાની ચિંતામાં મારી ફરજ ન છોડી શકું.

**મુર્શિદાબાદ/કોલકાતા, તા.06**

તૃણમૂલ કોંગ્રેસના સસ્પેન્ડેડ ધારાસભ્ય હુમાયુ કબીરે શનિવારે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગામાં બાબરી મસ્જિદનો પાયો નાખ્યો છે. કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કબીરે સ્ટેજ પર મૌલવીઓ સાથે રિબન કાપીને ઔપચારિકતા પૂર્ણ કરી હતી. સવારથી જ 2 લાખથી વધુ લોકો ટ્રેક્ટર, ઈ-રિક્ષામાં અને માથા પર ઈંટો લઈને બાંધકામ સ્થળ પર પહોંચી રહ્યા છે. બેલડાંગા સહિત આસપાસનો વિસ્તાર આજે હાઈ એલર્ટ પર છે. કોલકાતા હાઈકોર્ટે શુક્રવારે મસ્જિદ નિર્માણ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું- કાર્યક્રમ દરમિયાન શાંતિ જાળવી રાખવાની જવાબદારી રાજ્ય સરકારની રહેશે. હાઈકોર્ટના નિર્દેશ બાદ રાજ્ય સરકારે બેલડાંગા અને રાનીનગર પોલીસ સ્ટેશનના વિસ્તાર અને આસપાસ સેન્ટ્રલ આર્મ્ડ ફોર્સની 19 ટીમો, રેપિડ એક્શન ફોર્સ, બીએસએફ, સ્થાનિક પોલીસની અનેક ટીમો સહિત 3 હજારથી વધુ જવાનો તહેનાત કર્યાં છે. હુમાયુ કબીરે 25 નવેમ્બરે કહ્યું હતું કે તેઓ 6 ડિસેમ્બરે અયોધ્યામાં વિવાદિત માળખાના ધ્વંસનાં 33 વર્ષ પૂરાં થવા પર બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરશે. TMCએ 4 ડિસેમ્બરે હુમાયુ કબીરને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા. બેલડાંગામાં મસ્જિદના નિર્માણ માટે માલદા સહિત અનેક જિલ્લાઓમાંથી બાંધકામનો સામાન ભરેલાં ટ્રેક્ટર પહોંચી રહ્યાં છે. કાર્યક્રમ પહેલાં હુમાયુ કબીરે શનિવારે કહ્યું હતું કે હિંસા ભડકાવીને કાર્યક્રમને અટકાવવા માટે કાવતરાં ઘડવામાં આવી રહ્યાં છે. કોઈપણ તાકાત આને રોકી શકશે નહીં. અમે કોલકાતા હાઈકોર્ટના આદેશોનું પાલન કરીશું. હાઈકોર્ટે મસ્જિદના બાંધકામ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો, શુક્રવારે કોલકાતા હાઈકોર્ટે મસ્જિદના બાંધકામ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે સમારોહ દરમિયાન શાંતિ જાળવવાની જવાબદારી રાજ્ય સરકારની રહેશે. હાઈકોર્ટના નિર્દેશ બાદ હુમાયુ કબીરે મસ્જિદનો પાયો નાખ્યો. બાબરી મસ્જિદના શિલાન્યાસ સમારોહમાં સાઉદી અરેબિયાના ધાર્મિક નેતાઓ હાજર રહ્યા હતા. આ સમારોહ 25 વીઘા જમીન પર યોજાયો હતો. હુમાયુ કબીરે અગાઉ 3 લાખથી વધુ લોકો ભેગા થવાનો અંદાજ હતો. આ કાર્યક્રમ માટે 150 ફૂટ લાંબું અને 80 ફૂટ પહોળું સ્ટેજ બનાવાયું હતું, જેમાં 400થી વધુ લોકો બેસી શકે એવી વ્યવસ્થા હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો માટે 60,000થી વધુ બિરયાનીનાં પેકેટ તૈયાર કરવામાં આવ્યાં હતં, અને 2,000થી વધુ સ્વયંસેવકોએ વ્યવસ્થા સંભાળી હતી. ભાજપનેતા દિલીપ ઘોષે મુર્શિદાબાદમાં બાબરીના નામે મસ્જિદના શિલાન્યાસ પર કહ્યું- આજે શૌર્ય દિવસ છે, સંહતિ દિવસ નથી. આજના દિવસે બાબરી ઢાંચાને હટાવવામાં આવ્યો, વિદેશી આક્રમણકારોનાં નિશાનને ખતમ કરી દેવામાં આવ્યાં. કોર્ટના આદેશ બાદ ત્યાં એક ભવ્ય રામ મંદિર બન્યું. લોકો તે લોકોને ઓળખવા લાગ્યા છે જેઓ રાજકીય લાભ માટે મુસલમાનોને ગેરમાર્ગે દોરે છે. TMC અને હુમાયુ કબીર વચ્ચે તાલમેલ છે. આ મુસ્લિમ વોટબેંક ખેંચવાની રાજનીતિ છે. 28 નવેમ્બર: મુર્શિદાબાદના બેલડાંગામાં ઘણી જગ્યાએ બાબરી મસ્જિદના શિલાન્યાસનાં પોસ્ટર જોવા મળ્યાં. એમાં લખ્યું છે કે- 6 ડિસેમ્બરે બેલડાંગામાં બાબરી મસ્જિદનો શિલાન્યાસ સમારોહ યોજાશે. પોસ્ટર પર હુમાયુ કબીરને આયોજક તરીકે દર્શાવવામાં આવ્યા હતા. આ પછી વિવાદ વધી ગયો હતો. ભાજપે એનો વિરોધ કર્યો, જ્યારે કોંગ્રેસના નેતાઓએ એનું સમર્થન કર્યું. TMCએ આ મામલે પોતાને અલગ કર્યા. તેણે નિવેદનમાં કહ્યું હતં કે કબીરની આ ઘોષણા સાથે પાર્ટીનો કોઈ સંબંધ નથી. અન્ય એક પાર્ટી નેતાએ કહ્યું કે હુમાયુ કબીરે આ વિવાદ એટલા માટે ઊભો કર્યો છે, જેથી તેમને રેઠનગર બેઠક પરથી વિધાનસભા ચૂંટણીમાં ટિકિટ મળી શકે. હુમાયુ હાલમાં મુર્શિદાબાદની ભરતપુર બેઠક પરથી ધારાસભ્ય છે.

તંત્રી લેખ

## અમેરિકામાં ભારતીયોને લૂંટવાનો નવો ટ્રેન્ડ : ડિપોર્ટેશન અને એમ્બેસીના નામે જાળમાં ફસાવે છે

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત પછી ઘણા ભારતીયોમાં 'ડિપોર્ટેશન' એટલે કે દેશનિકાલ થવાનો ડર પેસી ગયો છે. હવે સાયબર ઠગોએ આ ડરને જ પોતાનું હથિયાર બનાવ્યું છે. અત્યારસુધી પોલીસ કે CBI બનીને લૂંટતા ઠગો હવે 'ઈન્ડિયન એમ્બેસી'ના અધિકારી બનીને લોકોને શિકાર બનાવી રહ્યા છે. જો તમારા પર આવો કોઈ ફોન આવે તો ગભરાયા વગર શું કરવું જોઈએ? ચાલો... ભાસ્કર એક્સપ્લેનરમાં જાણીએ...

કેવી રીતે થાય છે ફ્રોડની શરૂઆત?

તમારા મોબાઈલ પર એક અજાણ્યો ફોન આવશે. જ્યારે તમે ટ્રુ-કોલર (Truecaller) પર ચેક કરશો તો ત્યાં નામ દેખાશે - 'ઈન્ડિયન એમ્બેસી' (Indian Embassy). સામેવાળી વ્યક્તિ ખૂબ જ પ્રોફેશનલ રીતે વાત કરશે અને તમને કહેશે કે 'તમારા બાળકના વિઝા ફોર્મમાં ગંભીર ભૂલ છે' અથવા 'તમારા નામે ગંભીર ગુના નોંધાયેલા છે.'

તમને ડરાવવા માટે કહેવામાં આવશે કે 'જો તમે અત્યારે જ આ મામલો થાળે નહીં પાડો અથવા સેટલમેન્ટ નહીં કરો તો તમને કે તમારા બાળકને તાત્કાલિક ભારત પાછા મોકલી દેવામાં (Deport) આવશે.'

'સ્પૂફિંગ' અને 'ડિજિટલ અરેસ્ટ'નો ખેલ સમજો

અહીં સૌથી મોટો સવાલ એ થાય કે ટ્રુ-કોલર પર 'ઈન્ડિયન એમ્બેસી' કેમ બતાવે છે?

કોલ સ્પૂફિંગ (Call Spoofing): આ એક એવી ટેકનોલોજી છે, જેના દ્વારા સાયબર ક્રિમિનલ્સ કોઈપણ સરકારી ઓફિસ કે સંસ્થાના અસલી નંબરની કોપી કરી શકે છે, એટલે તમને જે નંબર દેખાય છે એ સરકારી હોઈ શકે છે, પણ કોલ કરનાર ઠગ હોય છે.

મુંબઈ પોલીસનું નાટક: વાત અહીં અટકતી નથી. તમને ડરાવ્યા બાદ આ કોલ 'મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ'ને ટ્રાન્સફર કરવાનું નાટક કરવામાં આવે છે. ત્યાર બાદ વીડિયો કોલ પર 'ડિજિટલ અરેસ્ટ'નો આખો ખેલ શરૂ થાય છે અને લાખો રૂપિયા પડાવવામાં આવે છે.

અધિકારી અને ઠગ વચ્ચેનો ભેદ કેવી રીતે પારખવો?

જો તમને આવો કોલ આવે તો ગભરાવાની જરૂર નથી. અસલી ઈન્ડિયન એમ્બેસી અને ફ્રોડ વચ્ચેનો તફાવત આ 3 મુદ્દાથી સમજી શકાય છે:

પૈસાની માગણી: ઈન્ડિયન એમ્બેસી ક્યારેય ફોન પર ધમકી આપીને પૈસા ટ્રાન્સફર કરવાનું કે સેટલમેન્ટ કરવાનું કહેતી નથી.

સંપર્કની રીત: જો એમ્બેસીને તમારા કામને લગતી કોઈ ક્વેરી હોય તો તેઓ સત્તાવાર રીતે ઈ-મેલ કરે છે, વ્હોટ્સએપ કોલ કે સાદો કોલ કરીને ધમકાવતા નથી. માહિતીનો અભાવ: ઘણીવાર આ ઠગ લોકોને તમારું સાચું નામ પણ ખબર હોતી નથી, તેઓ માત્ર અટકળો લગાવીને વાત શરૂ કરે છે.

આટલું ખાસ યાદ રાખો

જો તમને આવો કોઈ શંકાસ્પદ કોલ આવે, જેમાં વિઝા રદ કરવાની કે ડિપોર્ટ કરવાની ધમકી આપવામાં આવે તો નીચે મુજબનાં પગલાં લો...

# આખરે 26/11 જેવા આતંકી હુમલાનો ક્યારે આવશે અંત!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

21/11 એ ફેમિલી મેનની ત્રીજી સીઝન શરૂ થઈ, જોકે હજી એનું ટ્રેલર જ જોયું, અને જે બોમ્બ બ્લાસ્ટનાં સીન જોયાં, હ્રદય કમકમી ગયું ! ભલે એ તો બધું શૂટિંગ માટે થયું હોય, પણ સાચે જ જો આવાં કોઈ આતંકી હુમલા થયાં ન્હોત તો દેશ અત્યારે ક્યાંનો ક્યાં પહોંચ્યો હોત! અને ભારતનાં વિકાસને તોડવા માટે જ કદાચ..પરંતુ આ જોઈ નવેમ્બરની 26/11 2008ની એ ગોઝારી ઘટના યાદ આવી ગઈ. જેમાં 10 સશસ્ત્ર સજ્જ આતંકવાદી ઓએ દેશની આર્થિક રાજધાની ગણાતાં મુંબઈમાં હુમલો કર્યો, આ હુમલા તાજ હોટેલ, ઓબેરોય હોટેલ, કામા હૉસ્પિટલ, સીએસટી સ્ટેશન, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, લિયોપોલ્ડ કેફે, મેટ્રો સિનેમા, મુંબઈ છબડ હાઉસ અને આ ઉપરાંત ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં આતંકવાદીઓ નિર્દયતાથી ગોળીઓ વરસાવી. હુમલો લગભગ 60 કલાક ચાલ્યો, જેમાં સુરક્ષાકર્મીઓ અને વિદેશીઓ સહિત 166 લોકો માર્યા ગયાં, અને 300થી વધુ લોકો ઘાયલ થયાં હતાં, જેમાં 26 વિદેશીઓ પણ હતાં. સિરિયલ બ્લાસ્ટ કરનારા આ આતંકવાદી ઓ હોટલ તાજમાં છુપાવામા સફળ થયાં, અને આમ 13 માંથી 10 આતંકવાદી હોટલ તાજમાં છુપાયાં હતાં. 26/11 મુંબઈ ટેરર એટેકને 17 વર્ષ પૂર્ણ થશે. આ આખું ઓપરેશન પાર પાડવામાં જે ખાખી વર્દી એટલે મુંબઈ પોલીસના ઓફિસરો અને બાહોશ પોલીસ જવાનોએ બલિદાન આપ્યું છે, એને યાદ કરી શ્રદ્ધાંજલિ આપીએ. એથી પણ વધુ વિશ્વમાંથી આતંકવાદ ખત્મ થાય એ માટે વિશ્વનાં તમામ દેશ એ સત્તાની કે મહા સત્તાની લાલચમાંથી બહાર આવી વૈશ્વિક શાંતિ માટે વિચારવું પડશે, વસુધૈવ કુટુંબની ભારતીય મૂળની પરંપરાને જીવિત કરવી પડશે, અને બધાં સાથે પરિવાર જન જેવો ભાવ રાખવો પડશે.

28 નવેમ્બરની વહેલી સવારે મુંબઈ પોલીસ તથા સુરક્ષા દળો દ્વારા તાજ હોટેલની આજુબાજુ કડક સુરક્ષા ગોઠવી દેવાઈ હતી. બીજે દિવસે, 29 નવેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડસ્ દ્વારા શેષ રહેલા આતંકવાદીઓને ઠાર કરવા ઓપરેશન બ્લેક ટોર્નેડો હાથ ધર્યું. જેના પરીણામ રુપે બધા જ આતંકવાદીઓને મારી નખાયા. હુમલાનો એક માત્ર જીવીત આતંકવાદી, અજમલ કસાબ દ્વારા જાહેર કરવામાં આવ્યુ કે તેઓ પાકિસ્તાનના લશ્કર એ તોયબાસંગઠનના સભ્યો હતા.બાદમાં સુપ્રીમ કોર્ટે અજમલ કસાબને ફાંસીની સજા આપી.

આ આખાં ઓપરેશનમાં ત્રણ પોલીસ કમિશનર અને એક પોલીસ ઈન્સ્પેક્ટર શહીદ થયાં અને બાદમાં તેમને અશોક ચક્રની પદવી એનાયત કરવામાં આવી.

**હેમંત કરકરે મુંબઈ આતંકવાદ વિરોધી દળના વડા હતા. તેઓએ 1982 થી 2008 સુધી પોતાની ફરજ બજાવી અને 2008 ના મુંબઈ આતંકી હુમલાદરમિયાન છાતીમાં ત્રણ ગોળી વાગતાં શહીદ થયા હતા.તેમને 26 જાન્યુઆરી 2009 ના રોજઅશોક ચક્ર મૃત્યુપર્યંત એનાયત કરાયો હતો.

**અશોક કામ્ટેમુંબઈ પોલીસના પૂર્વ વિભાગ અધિક



પોલીસ કમિશ્નર હતા. તેઓ2008 મુંબઈ હુમલાદરમિયાન આતંકવાદીઓ વિરોધી કાર્યવાહીમાં શહીદ થયા હતા.તેમને વીરતા માટે ભારતનો શાંતિકાળનો સર્વોચ્ચ પુરસ્કારઅશોક ચક્રએનાયત કરાયો હતો.

**તુકારામ ઓમબ્લે પણ 1991 મા મુંબઈ પોલીસમાં મદદનીશ સબ ઈન્સપેક્ટર તરીકે નિયુક્ત હતા. તેઓ1954 મા ભારતીય ભૂમિ સેના માંથી નિવૃત્ત થયા બાદ પોલીસમાં જોડાયા હતા. તેઓ પણ 2008 મુંબઈ આતંકી હુમલાદરમિયાન ગિરગામ ચોપાટી, મુંબઈ ખાતે આતંકવાદીઓ વિરુદ્ધની કાર્યવાહીમાં શહીદ થયા હતા. તેઓએ હુમલામાં સંડોવણી ધરાવતા આતંકવાદી અજમલ કસાબને જીવિત પકડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પાછળથી અજમલ કસાબ પર ખટલો ચાલ્યો, અને તેને ફાંસી પર ચડાવાયો હતો. આ સાહસ, નિસ્વાર્થતા અને સર્વોચ્ચ બલિદાન માટે ઓમ્બલેને ભારત સરકારેઅશોક ચક્રવડે મૃત્યુપર્યંત નવાજ્યા હતા.

26/11 2008 ના આ સિરિયલ બ્લાસ્ટ વિશે સર્ચ કરતી હતી તો ઘણી એવી વાત જાણવા મળી કે જે ખરેખર આપણને સમગ્ર ટાટા ગૃપ માટે પ્રાઉડ ફીલ કરાવે.

સૌ પ્રથમ તો હોટલ તાજ બનવા પાછળનું કારણ, એકવાર જમશેદજી ટાટા બ્રિટન ગયા અને ત્યાં તેમને ભારતીય હોવાને કારણે હોટલમાં રોકાવાની મંજૂરી આપી નહીં! અને ત્યારે એમણે ભારતમાં એક ભવ્ય હોટલ બનાવશે કે જે ફક્ત ભારતીય નહીં પણ દુનિયા માટે આકર્ષણનું કેન્દ્ર બનશે! અને આમ ગેટ વે ઓફ ઈન્ડિયા ના 10 વર્ષ પહેલાં એટલે કે 1903 મા હોટલ તાજનું નિર્માણ થયું. હોટલ તાજ એ ઈન્ડિયન નેવીને રસ્તો બતાવવા માટે એક ટ્રાયંગલ પોઈન્ટનું કામ કર્યું છે. ફર્સ્ટ વર્લ્ડ વોર દરમિયાન હોટલ તાજને એક હોસ્પિટલમાં બદલવામાં આવી હતી. આ ઉપરાંત આ હોટલ સાથે બીજી પણ ખાસિયત જોડાયેલી છે. જેમાંઆખોદિવસ બાર અને આખો દિવસ રેસ્ટોરન્ટ ચલાવવા માટે લાઈસેન્સ મળ્યું હતું. 1972માં દેશમાં પહેલીવાર 24 કલાક ખુલી રહેનાર કોફી શોપ પણ અહીં જ હતી. પહેલીહોટલ કે જેમાં ઈન્ટરનેશનલ સ્તરનું ડિસ્કોથેક હતું. જર્મન એલિવેટર્સ લગાવવામાં આવ્યા હતા. તુર્કીના બાથ ટબ અને અમેરિકન કંપનીના પંખા લગાવવામાં આવ્યા હતા. પ્રથમહોટેલ કેજેમાંબ્રિટીશ બટલર્સને હાયર કર્યા હતા. પ્રથમ ચાર દાયકા સુધી, હોટલના રસોડાઓ ફ્રેન્ચ શેફ દ્વારા ચલાવવામાં આવતા હતા. આતંકવાદી હુમલા બાદ બરાક ઓબામા આ હોટલમાં રોકાનારા પહેલા વિદેશી રાષ્ટ્રપતિ હતા.હોટલની શરૂઆતમાં સિંગલ રૂમનું ભાડું દસ રૂપિયા હતું. પંખા અને અટેચ્ડ બાથરૂમ વાળા રૂમનું ભાડું 13 રૂપિયા હતું.

હવે પાછા 26/11/2008 પર આવીએ, આ 26/11 નાં સિરિયલ બ્લાસ્ટમાં હોટલ તાજ પણ સામેલ હતી. 600 રૂમ અને 44 સ્યુટ ધરાવતી ભારતની પ્રથમ લક્ઝરી હોટેલ તાજ મહેલ પેલેસ પર પાકિસ્તાનનાં 10 આતંકવાદી ઓએ હુમલો કર્યો હતો. આપણે સૌ જાણીએ છીએ તેમ હોટલ તાજ એ ટાટા ગૃપ અંડર આવે છે અને એટલે રતન ટાટાને આ સમાચાર મળતાં જ તેઓ થોડીવારમાંતાજહોટલનાં ગેટ પર પહોંચી ગયાં. તમામ અવરોધો છતાં રતન ટાટા તાજહોટલની અંદર ગયા અને ત્યાં ત્રણ દિવસ અને ત્રણ રાત રોકાયા. એમણે તાત્કાલિક એવી જાહેરાત કરી કે ભલે આખી સંપત્તિ એટલે કે હોટલ ઉડાવી દેવી પડે પણ એક પણ આતંકવાદી બચવો ન જોઈએ.

26/11 હુમલા પછી રતન ટાટાએ જે કર્યું તે માત્ર તેઓ જ કરી શક્યા હતાં. હુમલાના 20 દિવસની અંદર તેમણે એક ટ્રસ્ટની રચના કરી. આ 20 દિવસમાં આ ટ્રસ્ટે હુમલામાં માર્યા ગયેલાં દરેક કર્મચારીના પરિવારને 36 લાખથી 85 લાખ રૂપિયા સુધીનું વળતર આપ્યું હતું. માત્ર તાજ હોટલના કર્મચારીઓને જ નહીં પરંતુ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા અન્ય લોકોને પણ વળતર આપ્યું હતું, જેમ કે રેલ્વે કર્મચારીઓ, પોલીસ સ્ટાફ, ત્યાંથી પસાર થતા લોકો. રતન ટાટાએ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા લોકોનાં બાળકોના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી પણ લીધી હતી. તમને જાણીને નવાઈ લાગશે કે જે કામ રતન ટાટાએ માત્ર 20 દિવસમાં ટ્રસ્ટ બનાવીને કર્યું, એ જ કામ કરવામાં સરકારને વર્ષો લાગ્યાં. પરંતુ રતન ટાટાએ આ કામ ઝડપથી કર્યું. તો 26/11 2008 ની ગોઝારી ઘટના ઘટી ત્યારે જે શહીદ થયાં એને તો આપણે યાદ કરવાનાં જ છે! અને તેમની બહાદૂરીને વંદન કરી શ્રદ્ધાંજલિ આપવાની છે, પણ જેમણે આ આખી ઘટનામાં નુકશાન પહોંચ્યું એ તમામને વળતર આપ્યું એ દેશપ્રેમી રતન ટાટાનાં દેહ વિલયને પણ એક વર્ષ ઉપર થયું ! અને ભારતે આવાં એક સાધુ ચરિતને ગુમાવ્યા કે જેણે પોતાની પહેલા દેશ માટે હંમેશા વિચાર્યું. ભારતની શાન ગણાતી આવી હોટલનું નિર્માણ કરનાર જમશેદજી ટાટાને પણ વંદન ! કારણકે એમનાં દેશપ્રેમ આગળ આપણું મસ્તક કાયમ નમવું જોઈએ. ધન્ય છે એ ભારત ભૂમિના સૌ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ વીરને. જય હિન્દ.

## પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી થી દિલ્હી અને દિલ્હી સરાય રોહિલ્લા વચ્ચે સ્પેશિયલ ટ્રેનો

અમદાવાદ, તા. 06

પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુગમ અવરજવર જાળવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વેએ ટ્રેન ઓન ડિમાન્ડ (TOD) યોજના હેઠળ સાબરમતી-દિલ્હી જંકશન અને સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા વચ્ચે ખાસ ભાડા પર સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. વિગતો નીચે મુજબ છે:

1. ટ્રેન સંખ્યા 09497/09498 સાબરમતી-દિલ્લી જં. સુપરફાસ્ટ સ્પેશિયલ (04 ફેરા)

ટ્રેન સંખ્યા 09497 સાબરમતી-દિલ્હી સ્પેશિયલ 7 અને 9 ડિસેમ્બર 2025 ના રોજ સાબરમતીથી 22:55 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 15:15 વાગ્યે દિલ્હી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. 09498 દિલ્હી-સાબરમતી સ્પેશિયલ 8 અને 10 ડિસેમ્બર 2025 ના રોજ દિલ્હી જંક્શનથી 21:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 12:20 વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ જંક્શન, અજમેર, જયપુર, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર ક્લાસ કોચ હશે.

2. ટ્રેન નં. 04061/4062 સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા-સાબરમતી સ્પેશિયલ (2 ટ્રિપ્સ)

ટ્રેન નંબર 04061 સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા સ્પેશિયલ 07 ડિસેમ્બર 2025 ના રોજ સવારે 05.30 વાગ્યે સાબરમતીથી ઉપડશે અને તે જ દિવસે રાત્રે 23.00 વાગ્યે દિલ્હી સરાય રોહિલ્લા પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 04062 દિલ્હી સરાય રોહિલ્લા-સાબરમતી સ્પેશિયલ 06 ડિસેમ્બર 2025 ના રોજ સવારે 08.10 વાગ્યે દિલ્હી સરાય રોહિલ્લાથી ઉપડીને બીજા દિવસે 07 ડિસેમ્બર 2025 ના રોજ 00.30 વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, અલવર, રેવારી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 2 - ટાયર અને એસી 3 - ટાયર ક્લાસ રિઝર્વ કોચ હશે.ટ્રેન નંબર 04061 સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા સ્પેશિયલ 07 ડિસેમ્બર 2025 ના રોજ સવારે 05.30 વાગ્યે સાબરમતીથી ઉપડશે અને તે જ દિવસે રાત્રે 23.00 વાગ્યે દિલ્હી સરાય રોહિલ્લા પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 04062 દિલ્હી સરાય રોહિલ્લા-સાબરમતી સ્પેશિયલ 06 ડિસેમ્બર 2025 ના રોજ સવારે 08.10 વાગ્યે દિલ્હી સરાય રોહિલ્લાથી ઉપડીને બીજા દિવસે 07 ડિસેમ્બર 2025 ના રોજ 00.30 વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન પાલનપુર, આબુ રોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, અલવર, રેવારી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી 2 - ટાયર અને એસી 3 - ટાયર ક્લાસ રિઝર્વ કોચ હશે.ટ્રેન સંખ્યા 09497 અને 04061 ની બુકિંગ તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ છે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

# કોઇને 'સારા'લાગશો, કોઇને 'ખરાબ' લાગશો,પણ ચીંતા ના કરશો.જેવા જેના વિચારો હોય છે,તેવા જ તેના 'મૂલ્યાંકન' હોય છે.."ઝૂકે" છે તે... અવશ્ય કંઇક ને કંઇક લઇને "ઊઠે" છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો મનુષ્યોને શિવજી આમસમજાવે છે કે,હરિ સ્મરણ અને હરિકીર્તન થી મનુષ્ય મોહિનીના મોહમાંથી બચી શકશે મોહિની એટલે ભગવાનની માયા. એને તરવાનું રેંજીપેંજીનું કામનથી દૃઢ મનોબળવાળા પરાક્રમી,ભક્ત નું જ એ કામ છે.બાકી મોટા મોટા સંત- મહાત્માઓ ભગવાનની માયા જોઈ ગોથાં ખાઈ જાય છે,ત્યાં સામાન્ય માનવીનું શું ગજું?તે પછી શુકદેવજી પરીક્ષિત રાજાને વામન ભગવાનની કથાસંભળાવી દેવ-દૈત્યોનું યુદ્ધ થયા પછી દૈત્યો શુક્રાચાર્યને શરણે ગયા.શુક્રાચાર્ય ની મદદથી દૈત્યોનું બળ વધ્યું. શુક્રાચાર્યે બલિને કહ્યું કે,તું વિશ્વ જીત યજ્ઞ કર.બલિએ વિશ્વ જીત યજ્ઞ કર્યો તે યજ્ઞમાંથી સર્વજિતરથ નીકળ્યો જે શુક્રની સેવા કરે છેતે બલિબને છે.શુક્ર-શક્તિતત્ત્વછે. તેનાઆધારે શરીર બન્યું છે. બ્રહ્મચર્યની સેવા કરો તો બલિ થશો.શુક્રાચાર્ય એટલે સંયમ બ્રહ્મ ચર્યની સેવા કરવા એટલે કે સંયમ બ્રહ્મચર્ય પાળવાથી દૈત્યો બલિ બળવાન થયા.

બલિએ સર્વવિષયોનો યજ્ઞમાં હોમ કર્યો. સંયમરૂપી અગ્નિમાં સર્વ વિષયોનો હોમ કરી બલિ જિતેન્દ્રિય બન્યો, અને બળવાન થયેલા બલિને શુક્રાચાર્યે પોતાનું બ્રહ્મ તેજ આપ્યું. બલિરાજાએ દેવોનો પરાભવ કર્યો અને સ્વર્ગનું રાજ મેળવ્યું.પછી બલિ ઈન્દ્રાસન ઉપર બેઠો. શુક્રાચાર્ય વિચાર કરે છે. બલિ સો અશ્વમેઘ યજ્ઞ કરે તો સ્વર્ગનું રાજ્ય કાયમને માટે મળે.યજ્ઞ કરવા બલિરાજા ભૃગુ કચ્છ (હાલના ભરૂચ) તીર્થમાં આવ્યા.દેવોની લાચાર હાલત જોઈ દેવોની માતા અદિતિને બહુ દુ:ખ થયું.તેમણે કશ્યપ પાસે માગ્યું કે,મારા છોકરાઓને સ્વર્ગ નું રાજ્ય પાછું મળે તેવું વરદાન આપો!કશ્યપ કહે છે,આવી બાબત પ્રભુ પર છોડવા સિવાય બીજો ઉપાય નથી માટે દેવી,તમે ફાગણ મહિનામાં વિધિપૂર્વક પયો વ્રત નામનું વ્રત કરો તો પરમાત્મા તમારા ઘરે પુત્રરૂપે આવશે. અદિતિ અને કશ્યપ ગૃહસ્થાશ્રમી છે.બંને પતિપત્ની પ્રભુ ભક્ત છે. આવા ગૃહસ્થાશ્રમીને વગર યોગા ભ્યાસે યોગનું ફળ મળી શકે છે. ગૃહસ્થાશ્રમ તો જે યત્ર યોગોહ્ય યોગિનામ્ાુ લોકો યોગ કરી શકતા નથી તેને પણ યોગનું ફળ આપવા વાળોછે. ગૃહસ્થાશ્રમમાં અગિયાર ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી પડે છે. ગૃહસ્થાશ્રમમાં ધર્મમુખ્ય છે,ભોગ નહીં.આજ તો વરરાજા ઘોડા પર બેસતાં બીએ છે,કારણ કે ઘોડાને કાબૂમાં રાખવા લગામ પકડતાં આવડતી નથી.જેની લગામ પોતાના હાથમાં નહીં તે ગૃહસ્થાશ્રમ ખાડામાં જ પડે. શાસ્ત્રમાં ગૃહસ્થાશ્રમના ઘણાં વખાણ કર્યા છે.નિંદા કામવાસના ની કરો છે. મહાત્માઓ તો ત્યાં સુધી કહે છેકે,ગૃહસ્થાશ્રમીનો આનંદ અનેક વખત યોગીઓના આનંદ કરતાં પણ ચડિયાતો છે. સ્ત્રી કે પુરુષ કોઈની નિંદા કરતા નથી. નિંદા કેવળ વાસનાની કરાય છે.

કશ્યપ અદિતિનો ગૃહસ્થાશ્રમ દિવ્ય હતો.બંને પવિત્ર જીવન ગાળી તપશ્ચર્યા



કરતાં હતાં. તેથી પ્રભુને થયું કે, આજે હું એમના ઘરે જન્મ લઉં. અદિતિ એટલે અભેદબુદ્ધિ-બ્રહ્માકાર વૃત્તિમાંથી બ્રહ્મ પ્રગટ થાય છે.કશ્યપએ મન છે. જેની મનોવૃત્તિ બ્રહ્મકાર બની છે. તે કશ્યપ છે. સ્ત્રી જો અદિતિ બને અને પુરુષ જો કશ્યપ બને તો તેને ઘરે ભગવાન અવતાર લે છે,ત્યારે પરમાત્મા પ્રગટ થાય છે. યોગીઓ બ્રહ્મચિંતન કરતાં બ્રહ્મ મય થઈ શકે છે, પરંતુ ગૃહસ્થાશ્રમી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે. દેહ દૃષ્ટિ હશે ત્યાં સુધી કામ તમારી પાછળ છે માટે કામનો વિનાશ કરવો હોય તો દેહદૃષ્ટિ રાખવાને બદલે દેવદૃષ્ટિ રાખો. દ્રષ્ટિ કેન્દ્ર બદલવાનું છે. દૃષ્ટિ એની એ છે,પણ કયા કાચ માંથી કઈ તરફ જોવાય છે તેના પર આધાર છે.

ભાગવત પરમહંસોનું શાસ્ત્ર છે.તે દૃષ્ટિદાતા છે.જગત બગડયું નથી. મનુષ્યની આંખ-મન-બુદ્ધિ બગડ્યાં છે. તું તારા કાળજાને સુધાર.તારા આંખ-મન બુદ્ધિને સુધારે તો જગત સુધરી જશે. કોઇને બાહ્યકારે જોશો નહીં.એક વખતે જનકરાજાના દરબારમાં અષ્ટાવક્ર મુનિ પધાર્યા. તેમનાંઆઠે અંગ વાંકા જોઈ બધા હસવા લાગ્યા.અષ્ટાવક્ર પણતેથી હસવા લાગ્યા.

જનકરાજા તેમને પૂછે છે, અમે સર્વ તો તમારું વાંકું શરીર જોઈને હસીએ છીએ; પરંતુ અહીં તમે શા માટે હસોછે?અષ્ટાવક્ર બોલ્યા મેં માન્યું હતું કે,જનક રાજાના દરબારમાં બધા જ્ઞાનીઓ વિરાજે છે, પરંતુ અહીં તો બધા ચમાર ભેગા થયા છે એ જોઈ હું હસું છું. શરીર તો જેવું તમારું છે,તેવું જ મારું છે. તમારા આકાર કરતાં મારા અંગોનો આકાર થોડો જુદો પડયો એ તમે જોયું, પણ બીજું કાંઈ જોયું?તમે જોવાનું જોયું નહીં તેથી મને હસવું આવ્યું.તમે બ્રહ્મમય દૃષ્ટિવાળા હોતો કૃતિને જુઓ મનુષ્યપેઠે કેવળઆકૃતિમાં શું જુઓ છો!

દિતિ એટલે ભેદબુદ્ધિ,અદિતિ એટલે અભેદબુદ્ધિ-બ્રહ્માકારવૃત્તિ દિતિ એટલે ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ જેવા રાક્ષસોના જન્મ થાય છે. અદિતિ એટલે અભેદબુદ્ધિમાંથી ભગવાન વામન જન્મે છે.જગતને ભેદભાવ થી જોશો નહીં.જગતને અભેદ ભાવથી જોવાનું છે.આકારએ કિંમતી વસ્તુ નથી,સોનુંએ કિંમતી વસ્તુ છે.કિંમત સોનાની મળે છે, આકારની નહીં.માટે મૂળ પદાર્થને જુઓ.

એક મહાત્મા પાસે સોનાનો ગણપતિ અને સોનાનો ઉંદર હતો શરીર વૃદ્ધ થયું.મૂર્તિ માટેઆ ચેલા ઓ ઝઘડો કરશે. તેથી મહાત્માએ વિચાર્યું કે,આ મૂર્તિ ઓ વેચી ભંડારો કરીશ. મૂર્તિઓ વેચવા લઈ ગયા. ગણપતિની મૂર્તિ દસ તોલાની થઈ.ઉંદરની મૂર્તિ અગિયાર તોલાની થઈ.સોનીએ કહ્યુંકે,ગણપતિની કિંમત એક હજાર રૂપિયા અને ઉંદરની ૧૧૦૦ રૂપિયા.મહાત્મા કહે ગણપતિ તો માલિક દેવ છે.તેની કિંમત ઓછી કેમ આપે છે? સોની કહે, હું તો સોનાની કિંમત આપું છું, માલિક દેવની નહીં. મારે મન ગણપતિ નથી,આ ઉંદર નથી આ સોનું છે.

તેમ જ્ઞાની પુરુષો આકારને જોતા નથી.જ્ઞાનીપુરુષો સૃષ્ટિનેનિર્વિકાર ભાવે જુએ છે.સર્વમાં એકને નિહાળો. અદિતિને પતિમાં પણ પરમાત્માનાં દર્શન થતાં હતાં

જે વસ્તુનું મન વારંવાર ચિંતન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે. એક જ સ્વરૂપનું વારં વાર ધ્યાન કરો, સ્મરણ કરો, ચિંતન કરો તો તમે એ સ્વરૂપમય બની જશો.એક શેઠ કાશ્મીરગયા હતા,ત્યાં તેમણે પુષ્કળ ગુલાબનાં ફૂલ જોયાં.શેઠનામનમાં દ્રવ્યનો ભાવ હતો એટલે શેઠને થયું, અહીં ગુલકંદની ફેકટરીખોલીહોય તો વેપાર સારો ચાલે.શેઠની આંખ માં કેવળ દ્રવ્યનો ભાવ હતો.તેથી તેમને બધે પૈસો જ દેખાય છેતેવી રીતે દૃષ્ટિને ભાગવતમયબનાવશો તો દૃષ્ટિ જ્યાં જશે ત્યાં ભગવાન દેખાશે. ગોપીની દ્રષ્ટિ પરમાત્મામાં જ હતી.

શ્રીકૃષ્ણ મથુરામાં બીરાજતા હતા ત્યારે ગોપીનો શ્રીકૃષ્ણ ગોકુળમાં જ દેખાય છે. ઉદ્ધવને કહે છે કે,કનૈયો અહીં જ છે!ગોપીને બધું જ શ્રીકૃષ્ણમય, શ્યામ જ શ્યામ દેખાય છે. કુંજન શ્યામ,યમુના શ્યામ,ગગન શ્યામ, ઘનશ્યામ,શિવનો કંઠશ્યામ બધે શ્યામ રંગ છે.હવે કશ્યપનો અર્થ જુઓ.તે શબ્દને ઊલટાવોતો થશે પશ્યક. ઉપનિષદમાં'ક'નો અર્થકર્યો છે ઈશ્વર.ક એટલે ઈશ્વર અને શ્યપ એટલે જોવું.સર્વમાં એક ઈશ્વરને જુએ તે કશ્યપ. કશ્યપની વૃત્તિ બ્રહ્માકાર બની ત્યારે ભગવાનને પ્રગટ થવું પડયું. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

## મધ્ય ગુજરાત પ્રદેશકક્ષા કલા મહાકુંભ ૨૦૨૫-૨૬ સ્પર્ધા દ્વિતીય દિવસ ૦૬ ડિસેમ્બરના રોજ આયોજિત મધ્ય ગુજરાત પ્રદેશકક્ષા કલા મહાકુંભ કાર્યક્રમમાં ૧૨૦૦ થી વધુ યુવા કલાકારોએ કર્યું કલા પ્રતિભાનું પ્રદર્શ

નડિયાદ, તા. 06

ખેડા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા નડિયાદ સંતરામ મંદિર ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે આયોજિત ત્રિદિવસીય મધ્ય ગુજરાત પ્રદેશકક્ષા કલા મહાકુંભ ૨૦૨૫-૨૬ સ્પર્ધાના દ્વિતીય દિવસ, ૦૬, ડિસેમ્બર, શનિવારે ૧૨૦૦ થી વધુ કલાવૃંદોએ વિભિન્ન કલાકૃતિઓનું પ્રદર્શન કરી કાર્યક્રમને શોભાવ્યો હતો. સંતરામ મંદિર પરિસરના કુલ ૦૬ સ્ટેજ પર બાળ અને યુવાકલાકારોએ લોકનૃત્ય, ઓરગન, તબલા, કથક, વક્તૃત્વ, લગ્ન ગીત, લોકગીત, ભજન, સુગમ સંગીત, નિબંધ, ચિત્રકલા અને સર્જનાત્મક કારીગરી સહિતની ૧૧ કલા કૃતિઓનું પ્રદર્શન કરી પોતાની કલા પ્રતિભાની રજૂઆત કરી હતી.ટિપ્પણી અને ઘડા લઈ ઝીણા મોર બોલે રે મારો સોનાનો ઘડુલો રે જેવા લોક નૃત્યોની રમઝટએઆકર્ષણ જમાવ્યું હતું. આ તકે ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણે કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌ કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. સાંસદશ્રીએ ખૂબ જ રસ પૂર્વક તમામ સ્ટેજ પર પ્રદર્શિત કલાકૃતિઓને નિહાળી હતી અને બાળ કલાકારોનું વિશેષ અભિવાદન કર્યું હતું. ૧૦ વર્ષની બાળ કલાકાર, મિતલ ગોહિલને સુંદર નૃત્ય પ્રસ્તુતિ બદલ સાંસદશ્રીએ રોકડ પુરસ્કાર આપી તેની બાળ કલાને બિરદાવી હતી. સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા નવા કલાકારોને નવીન તક પૂરી પાડવાનું મંચ એટલે કલા મહાકુંભ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ખેલ, કલા અને ટેકનોલોજી ક્ષેત્રે વિકાસના નવા આયામો દ્વારા ભારતના સોફ્ટ પાવરની વિશ્વએ નોંધ લીધી છે. રાષ્ટ્રની સાચી મૂડી તેના નાગરિકો છે. કલા મહાકુંભ અને ખેલ મહાકુંભ જેવા કાર્યક્રમોના આયોજન દ્વારા ગ્રામીણ વિસ્તારના બાળકો અને યુવાનોની પ્રતિભાને ઓળખ મળી છે. આજે, ગુજરાતની ગરબા સંસ્કૃતિનો વૈશ્વિક પ્રભાવ જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે જુદા જુદા કલાકારોએ કલા મહાકુંભ કાર્યક્રમમાં પોતાની કલા પ્રતિભાની પ્રસ્તુતિનો આનંદ વ્યક્ત કર્યો હતો.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધાવડીયા નવીન મકાનનું લોકાર્પણ તેમજ કદવાલ મુકામે નવીન બનનાર આરોગ્ય કેન્દ્રનુ ખાતમુહૂર્ત રાજ્ય મંત્રી રમેશ કટારાના વરદ હસ્તે કરવામાં આવ્યું




ઝાલોદ, તા. 06

06-12-2025 શનિવારના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધાવડીયા નવીન મકાનની લોકાર્પણ વિધિ સવારના 11 વાગે યોજાઈ હતી. તેમજ કદવાલ આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત 1 વાગે યોજાયું હતું આ લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત પ્રસંગે આવેલ રાજ્યમંત્રી રમેશ કટારા , દાહોદ જિલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોર, ઝાલોદ 130 વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાનુ સ્વાગત ફટાકડાની ભવ્ય આતશબાજી તેમજ ઢોલકુંડી સાથે વાજતે ગાજતે કરવામાં આવ્યું હતું. રાજ્ય મંત્રી રમેશ કટારા,સાંસદ જસવંતસિંહ ભાભોર અને ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા જનતાની સુખાકારી અને આરોગ્યની વિશેષ જાળવણી માટે ધાવડીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલ જનસભામા આમંત્રિત સહુ મહેમાનોનુ સ્વાગત સ્વાગત ગીત ,પ્રાર્થના ગીત અને દિપ પ્રાગટય સાથે કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સહુ મહેમાનોનુ સ્વાગત ફૂલહાર, પાઘડી તેમજ કોટી પહેરાવી આવકારવા આવેલ હતા.

ધારાસભ્ય મહેશ ભૂરીયા એ આ પ્રસંગે ઉદ્બોધન આપતા કહ્યું હતું કે બોર્ડર વિલેજના વિસ્તારોના વિકાસ માટે અમારી સરકાર વિશેષ પ્રયત્નશીલ છે અને આ વિસ્તારની સુખાકારી અને જનસુખાકારી માટે રોડ રસ્તાનું હાલ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું તેમજ આ વિસ્તારના લોકોના આરોગ્યની વિશેષ કાળજી જાળવવા માટે આજરોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવેલ છે. આ આરોગ્ય મંદિર ગરીબ જનતા માટે આશીર્વાદ સમાન બની રહેશે તેમ કહ્યું હતું તેમજ વિશેષમાં કહ્યું હતું કે આ સરકાર સતત આ વિસ્તારની સુખાકારી માટે ચિંતિત છે અને તેઓની સુખાકારી માટે અમે સહુ કામગીરી કરી રહેલ છે. રાજ્ય મંત્રી રમેશ કટારા એ કહ્યું ભાજપ સરકાર ગરીબ જનતાની ખૂબ ચિંતા કરી તેઓની સુખાકારી માટે કામગીરી કરી રહેલ છે. વિરોધી પક્ષો પર આક્ષેપો મુકતા કહ્યું હતું કે ભાજપ વિરોધીઓ ફક્ત ગરીબ જનતાને ઉશ્કેરવાનુ કામ કરે છે. વિરોધીઓ પાસે કોઈ સ્પષ્ટ દિશા નથી તેથી તેઓ ફક્ત ગરીબોને ઉશ્કેરી રાજકીય રોટલા શેકી રહેલ છે. આ બોર્ડર વિલેજના ધાવડીયા વિસ્તારના આરોગ્ય મંદિરનું એક કરોડ એકત્રીસ લાખના ખર્ચે લોકાર્પણ કરવામાં આવેલ છે તેમજ કદવાલ મુકામે નવીન બનનાર આરોગ્ય કેન્દ્રનુ ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું .કદવાલ મુકામે અંદાજીત છ કરોડ પચાસ લાખના ખર્ચે નવીન આરોગ્ય કેન્દ્ર બનનાર છે. જેથી લોકોની આરોગ્ય સુવિધામાં વધારો થશે. સાંસદ જસવંતસિંહ ભાભોરે કહ્યું હતુ કે આ વિસ્તારમા લોકોના આરોગ્ય માટે ભાજપના વડાપ્રધાન અને ગુજરાતના મુખ્યમંત્રી સતત ચિંતા કરી આ વિસ્તારોમાં માટે કામગીરી કરી રહેલ છે. ધાવડીયા વિસ્તારની અંદાજીત 19,000 ની વસ્તીને આ આરોગ્ય મંદિરનો લાભ મળવાનો છે. જ્યારે પણ કોઈ સમાનતા વ્યક્તિ પણ જો બીમાર થાય તો તેને હવે લાંબે નહીં જવું પડે અને તેઓને સર્વ સુવિધા યુક્ત આરોગ્ય મંદિરનો લાભ અહીંયા મળી રહેશે. આગામી સમયમાં ઘર ઘર સુધી આરોગ્ય ટીમ પહોંચી તેઓના આરોગ્ય માટે ચેકઅપ કરવાની છે જેથી સહુ લોકો સ્વસ્થ્ય અને કુશળ રહે. આ સરકાર આરોગ્ય ક્ષેત્રે ચિંતિત રહી સતત નાનામાં નાના ગ્રામીણ વિસ્તારોમાં જઈ કેમ્પો યોજી રહેલ છે અને જેથી દરેક પરિવારો રોગ મુક્ત બની રહે.

આજના આ પ્રસંગે રાજ્ય મંત્રી રમેશ કટારા, સાંસદ જસવંતસિંહ ભાભોર, ધારાસભ્ય મહેશ ભૂરીયા, તાલુકા હેલ્થ ઓફિસર તુષાર ભાભોર, તાલુકા ભાજપ પ્રમુખ સુરેશ ભાભોર, તલાટી મંત્રી, જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, સરપંચો, આરોગ્ય ટીમ ,ગ્રામજનો તેમજ ભાજપ સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહી આ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

## ડા. બાબાસાહેબ આંબેડકર મહાપરિનિર્વાણ દિવસ નિમિતે ઝાલોદમાં કાર્યક્રમ યોજાયો



ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 06

ભારતીય જનતા પાર્ટી ઝાલોદ નગર દ્વારા નગર પાલિકા હોલ ખાતે ભાવભીની શ્રદ્ધાંજલિ અપાઈ. ઝાલોદ નગરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિતે ભારતીય જનતા પક્ષ દ્વારા નગર પાલિકા હોલ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રદેશ અને જિલ્લા સ્તરના આગેવાનોની વિશેષ હાજરી રહી હતી.પ્રદેશમાંથી મુખ્ય વક્તા તરીકે હિતેષભાઈ મકવાણા (પૂર્વ મેયર, મહાનગર પાલિકા ગાંધીનગર) તેમજ પંચમહાલ જિલ્લાના પૂર્વ ભાજપ પ્રમુખ શ્રી અશ્વીનભાઈ પટેલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લા કોષાધ્યક્ષ પંકજભાઈ અગ્રવાલ, શ્રી દેવચંદભાઈ પરમાર, જિલ્લા મોરચા પ્રમુખ ભરતભાઈ શ્રીમાળી, જિલ્લા મોરચા પ્રભારી ટપુભાઈ વસૈયા, શનીલાલ ભુનાતર, દિનેશભાઈ પંચાલ, પાર્થ પટેલ, સંતોષ ભગોરા, જીતુભાઈ ડામોર સહિત તમામ કાઉન્સીલરો તથા મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને માલ્યાર્પણ કરી મહાપરિનિર્વાણ દિવસની ભાવપૂર્વક યાદગાર શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

## ગાંધીનગર લોકસભા સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫નો સમાપન સમારોહ યોજાયો

### ૨૧મી સપ્ટેમ્બરથી ૦૫ ડિસેમ્બર દરમિયાન 'ફિટ યુવા ફોર વિકસિત ભારત'ના સૂત્ર સાથે ગાંધીનગર લોકસભા સાંસદ ખેલ મહોત્સવમાં વિવિધ ૯ રમતોમાં સ્પર્ધાઓ યોજાઈ

### વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલા સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. 06

ગાંધીનગર લોકસભા સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદમાં સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫નો સમાપન સમારોહ યોજાયો હતો. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નારણપુરા ખાતે યોજાયેલા સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. સમાપન સમારોહમાં ગાંધીનગર લોકસભા સાંસદ તથા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અંડર ૧૭ અને ઓપન એજ ગ્રુપમાં કબડ્ડી, ખો-ખો અને વોલીબોલની વિજેતા ટીમોને સન્માનિત કરવામાં આવી હતી. સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫ના સમાપન સમારોહમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ વર્ષ પહેલા ખેલકૂદ મહોત્સવના આયોજનનો વિચાર આપ્યો હતો. આ વિચાર આજે વટવૃક્ષ બન્યો છે. સાંસદ ખેલ મહોત્સવ અંતર્ગત દેશમાં ૩૦૦થી વધુ મત વિસ્તારમાં લાખો ખેલાડીઓ ખેલ, ફિટનેસ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી રહ્યા છે. સાથે સાથે અનેક ખેલાડીઓને તેમની પ્રતિભા વિકસાવવાનું પ્લેટફોર્મ મળ્યું, જેનાથી ટેલેન્ટ સર્ચની શરૂઆત થઈ છે. તેમણે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતમાં ખેલ મહાકુંભ શરૂ કર્યો હતો, આજે દેશના વડાપ્રધાન તરીકે તેમણે દેશના યુવાનોને રમત ગમત માટેની જિજ્ઞાસા , સુવિધા, તાલીમ, સ્પર્ધાની પ્રેરણા આપી છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, માણસના જીવનમાં રમત ગમતનું વિશેષ મહત્વ રહેલું છે. હાર્યા પછી જીતવાની શીખ સાથે ઝનૂનથી આગળ વધવાનો ગુણ દરેક ક્ષેત્રે આગળ લઈ જાય છે, સાથે જીતેલા રમતવીરને અહંકારી થયા વગર સ્પોર્ટ્સમેન સ્પિરિટથી આગળ વધવાની શિક્ષા આપે છે, તેમણે ગાંધીનગર લોકસભામાં થયેલ મહોત્સવની માહિતી આપતા જણાવ્યું હતું કે, ત્રણ ચરણમાં યોજાયેલ રમતોત્સવમાં ૧.૫૭ લાખથી વધુ ખેલાડીઓ દ્વારા રજીસ્ટ્રેશન થયું છે,જેમાં ૮૭ હજાર પુરુષ અને ૭૦ હજાર મહિલા ખેલાડીઓ સામેલ થયા હતા તેમ જણાવી આગામી સમયમાં મહિલા ખેલાડીઓ વધુ રજિસ્ટ્રેશન કરાવે તેવી અપીલ કરી હતી. તેમણે વિજેતા થયેલા ૮૫૦૦ ખેલાડીઓને અભિનંદન આપવાની સાથે પરાજિત થયેલ ખેલાડીઓને જીજીવિષા અને મહત્વકાંક્ષાને જીવનના પ્રેરણા સ્ત્રોત બનાવી આગળ વધવા આહવાન કર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ આણંદ માં ૫૯ હજાર ખેલાડીઓના રજિસ્ટ્રેશન માટે પદાધિકારીઓએ અભિનંદન અપાતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રીએ સાંસદોને કરેલ અપીલ આજે દેશના યુવાનો માટે માર્ગદર્શક બની છે.

તેમણે જણાવ્યું હતું કે શિસ્ત,ધ્યેય,ટીમ ભાવના અને ખેલદિલી જેવા ગુણોનો વિકાસ રમત ગમત થકી થાય છે, સાથે સાથે પ્રતિભાની પહેચાન, સ્વ-પરિચય, ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ, સાથે નશા મુક્ત ભારત અભિયાનને આગળ વધારવાનું કામ સાંસદ ખેલ મહોત્સવથી થાય છે. વધુમાં વાત કરતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે દેશના રમતવીરોને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ અનેકવિધ યોજનાઓ શરૂ કરાવી છે. વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકારનું રમત ગમત ક્ષેત્રનું બજેટ ૮૦૦ કરોડ હતું, જે પાંચ ગણું વધીને ૨૦૨૫માં ૪૦૦૦ કરોડ થયું છે. દેશમાં સુઆયોજિત સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય સુવિધાઓના લીધે વિવિધ મહત્વની સ્પર્ધાઓમાં મેડલની સંખ્યા પણ વધી છે એમ તેમણે ઉમેર્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં ભારતીય ખેલાડીઓએ જીતેલા મેડલ વિશે વાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં કોમનવેલ્થ રમતોમાં આપણા ખેલાડીઓએ ૧૫ મેડલ જીત્યા હતા જે ૨૦૧૮માં ૨૬ અને ૨૦૨૨માં ૨૨ મેડલ થયા. એશિયન ગેમ્સમાં આપણા ખેલાડીઓએ પહેલા જીતેલા ૫૭ મેડલથી વધીને ૧૦૭ મેડલ જીત્યા, તો પેરા એશિયન ગેમ્સમાં પહેલા ૩૩ મેડલ હતા, જે વધીને ૧૧૧ મેડલ આપણા ખેલાડીઓ લાવ્યા છે. જ્યારે ઓલમ્પિક રમતો ભારતમાં રમાશે ત્યારે મેડલ ટેબલમાં આપણે ટોપ ફાઈવમાં હોઈશું એવો આશાવાદ આ તકે શ્રી અમિતભાઈ શાહે વ્યક્ત કર્યો હતો. સાથે જ, તેમણે ઉપસ્થિત સૌને વ્યસન મુક્ત રહેવા અને વધુને વધુ વૃક્ષારોપણ કરીને ગ્રીન કવર વધારવા પોતાનું યોગદાન આપવા સહયોગ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના સફળ પ્રયાસોના પરિણામે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની કરવાનું ગૌરવ અમદાવાદને મળ્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ અને રાજ્યમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે પરેડાઈમ શિફ્ટ આપણે જોઈ રહ્યા છીએ. કોમનવેલ્થ ગેમ્સના આયોજન સાથે ગુજરાત વિશ્વનું સ્પોર્ટ્સ હબ બનશે એવો આશાવાદ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન અને રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં 'ખેલે તે ખીલે'ના મંત્ર સાથે ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી. ખેલ મહાકુંભે રાજ્યના ગામેગામથી લઈને શહેરના યુવાઓને સ્પોર્ટ્સ પ્રત્યે પ્રોત્સાહિત કરવા સાથે રાજ્યના સ્પોર્ટ્સ કલ્ચરને નવી દિશા આપી છે.

## પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી થી દિલ્હી અને દિલ્હી સરાય રોહિલ્લા વચ્ચે સ્પેશિયલ ટ્રેનો

અમદાવાદ, તા. 06

પશ્ચિમ રેલ્વે મુસાફરોની સુગમ અવરજવર જાળવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વેએ ટ્રેન ઓન ડિમાન્ડ (TOD) યોજના હેઠળ સાબરમતી-દિલ્હી જંક્શન અને સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા વચ્ચે ખાસ ભાડા પર સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લીધો છે. વિગતો નીચે મુજબ છે : 1. ટ્રેન સંખ્યા 09497/09498 સાબરમતી-દિલ્લી જં. સુપરફાસ્ટ સ્પેશિયલ (04 ફેરા), ટ્રેન સંખ્યા 09497 સાબરમતી-દિલ્હી સ્પેશિયલ 7 અને 9 ડિસેમ્બર 2025 ના રોજ સાબરમતીથી 22:55 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 15:15 વાગ્યે દિલ્હી પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. 09498 દિલ્હી-સાબરમતી સ્પેશિયલ 8 અને 10 ડિસેમ્બર 2025 ના રોજ દિલ્હી જંક્શનથી 21:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 12:20 વાગ્યે સાબરમતી પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ જંક્શન, અજમેર, જયપુર, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર ક્લાસ કોચ હશે. 2. ટ્રેન નં. 04061/4062 સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા-સાબરમતી સ્પેશિયલ (2 ટ્રિપ્સ) ટ્રેન નંબર 04061 સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા સ્પેશિયલ 07 ડિસેમ્બર 2025 ના રોજ સવારે 05.30 વાગ્યે સાબરમતીથી ઉપડશે અને તે જ દિવસે રાત્રે 23.00 વાગ્યે દિલ્હી સરાય રોહિલ્લા પહોંચશે.

## પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ઉછેરેલા ફળોની મીઠાશ, સુગંધ અને આકારમાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે

નડિયાદ, તા. 06

પ્રાકૃતિક કૃષિ એવી ખેતી પદ્ધતિ છે જેમાં કોઈપણ રાસાયણિક ખાતર કે જંતુનાશકનો ઉપયોગ થતો નથી. ખેતરનું પોષણ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કુદરતી સંસાધનો દ્વારા પૂરૂં કરવામાં આવે છે, જેમ કે - ગાયનું ખાતર, ગૌમૂત્ર, જીવામૃત, બીજામૃત, મલ્ચિંગ,વાવેતર વચ્ચેના પ્રાકૃતિક છોડના કારણે જમીન ફળદ્રુપતા જાળવે છે, જમીનમાં રહેલા જીવાણુઓનું સંતુલન વધારે છે. પ્રાકૃતિક કૃષિમાં શાકભાજી અને ફળો સંપૂર્ણપણે 0% જંતુનાશક સાથે, કુદરતી રીતો વડે ઉગાડવામાં આવે છે. આરોગ્યપ્રદ ખોરાક અને ખેતી પ્રત્યે વધતી જતી માંગને કારણે પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય તરીકે ઉભરી આવી છે. આ પદ્ધતિ માત્ર ખેતી નહિ પરંતુ કુદરત સાથે સમન્વયથી જીવન જીવવાનો એક વિસ્તૃત દૃષ્ટિકોણ છે. પ્રાકૃતિક કૃષિથી 0% જંતુનાશક ખેતીનું મહત્વ: શુદ્ધ, સલામત અને પૌષ્ટિક ખોરાક છે. કેમિકલ રહિત શાકભાજી અને ફળો સ્વાદ, સુગંધ અને રંગમાં વધુ સારા હોય છે. એ શરીરને વધુ પૌષ્ટિક મૂલ્ય આપે છે. જમીનની તંદુરસ્તીનું રક્ષણ કરે છે.રાસાયણિક પદાર્થો જમીનનાં સજીવતંત્રને નુકસાન પહોંચાડે છે. નેચરલ ફાર્મિંગ જમીનને ફરીથી જીવંત અને શક્તિશાળી બનાવે છે. પ્રાકૃતિક ખેતી દ્વારા પર્યાવરણનું રક્ષણ થાય છે. ભૂગર્ભજળ પ્રદૂષણ અટકે, પક્ષીઓ અને જમીનના કીડા-જંતુઓનું સંવર્ધન થાય છે. પ્રાકૃતિક કૃષિથી થતા શાકભાજી અને અનાજની બજાર માંગ વધી રહી છે. આજના યુગમાં ઝેરમુક્ત શાકભાજી અને ફળોને માર્કેટમાં વધતી માંગ મળી રહી છે.

## શ્રી અમિતભાઈ શાહ અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ કાર્નિવલ પરેડને ફ્લેગ ઓફ કરાવી

# કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ

ગાંધીનગર, તા. 06

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ (ASF) 2025-26'નો ભવ્ય પ્રારંભ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરાવ્યો હતો. આ ફેસ્ટિવલના પ્રારંભ પ્રસંગે શ્રી અમિતભાઈ શાહ અને શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ કાર્નિવલ પરેડને ફ્લેગ ઓફ કરાવી હતી. અને અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ શોપિંગ ફેસ્ટિવલના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. મહાનુભાવોએ સ્વદેશી વસ્તુઓની ખરીદી કરી અને ડિજિટલ પેમેન્ટ કરીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, અમદાવાદ શહેરના સર્વ ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ તેમજ ડેપ્યુટી મેયર શ્રી જતીન પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી દેવાંગ દાણી, શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગ પ્રજાપતિ, દંડક શ્રીમતિ શીતલ ડાગા, ચીફ કમિશનર ઑફ સ્ટેટ ટેક્સ શ્રી રાજીવ ટોપનો, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ, શહેર પ્રમુખ પ્રેરક શાહ, તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, 5 ડિસેમ્બર 2025 થી 16 જાન્યુઆરી 2026 સુધી ચાલનારો આ રિટેલ, લાઈફસ્ટાઈલ અને એન્ટરટેઈનમેન્ટનો વિશાળ મહોત્સવ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ' સંકલ્પને સાકાર કરવાની સાથે શહેરના વેપાર અને પર્યટન ક્ષેત્રમાં નવી ઉર્જા ફૂંકશે. "સ્વદેશી વિથ ગ્લોબલ અપિલ" થીમ આધારિત આ ફેસ્ટિવલની સેકન્ડ એડિશન માટે નગરજનોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વર્ષે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ (ASF) અંતર્ગત શહેરના 6 મુખ્ય શોપિંગ ડિસ્ટ્રિક્ટ્સ અને 12થી વધુ હોટસ્પોટ ઝોન્સને તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં સિંધુ ભવન રોડ, સી.જી. રોડ,



નિકોલ મોડર્ન સ્ટ્રીટ, કાંકરીયા-રામબાગ રોડ, વસ્ત્રાપુર, પ્રહલાદનગર, સાયન્સ સિટી, રિવરફ્રન્ટ, લૉ ગાર્ડન, મણેકચોક સહિતના વિસ્તાર અને શહેરના અગ્રણી મોલ્સનો સમાવેશ થાય છે. સમગ્ર શહેરમાં શોપિંગ, મનોરંજન, ફૂડ અને આર્ટીઝન માર્કેટનો અદ્દભૂત સમન્વય જોવા મળશે. આ ફેસ્ટિવલ દરમિયાન ફૂડ ફેસ્ટિવલ્સ, લાઈવ મ્યુઝિક શોઝ, સાંસ્કૃતિક કાર્યક્રમો, કોમેડી અને કાવ્ય સંધ્યા, રમતગમત પ્રવૃત્તિઓ, યુવા ઝોન્સ અને ફેમિલી એન્ટરટેઈનમેન્ટ ઝોન સહિત અનેક કાર્યક્રમો નાગરિકો અને પ્રવાસીઓ માટે ખુલ્લા રહેશે. શહેરના નાગરિકો અને વિદેશી પ્રવાસીઓ માટે ખાસ તૈયાર કરાયેલા હેરિટેજ વોકિંગ ટૂર્સ, જ્યારે સિંધુ ભવન રોડ પર વેડિંગ શોપિંગ એક્સપિરિયન્સ ઝોન આ સિઝનના વેડિંગ શોપિંગને પ્રીમિયમ સ્પર્શ આપશે. આ ફેસ્ટિવલમાં મેજર બ્રાન્ડ્સ, હોટેલ્સ, મોલ્સ, રિટેલ, ક્લોથિંગ, ગિફ્ટ, રેસ્ટોરાં અને અન્ય ક્ષેત્ર સાથે સંકળેલી બ્રાન્ડ ભાગીદાર બન્યા છે. આ ફેસ્ટિવલને ડિજિટલ રીતે સુલભ બનાવવા માટે ASF ની અધિકૃત મોબાઈલ એપ અને વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યા છે. એપ મારફતે ખાસ ઑફર્સ, ઈન્ટરેક્ટિવ મેપ, ઈવેન્ટ્સના રિયલ-ટાઈમ અપડેટ્સ તથા શોપર પાસ જે AMTS અને BRTSમાં ફેસ્ટિવલ દરમિયાન નિ:શુલ્ક મુસાફરીની સગવડ સાથે ખાસ ડીલ્સ અને લકી ડ્રોઝની તક મળશે. આ વર્ષે ASFમાં 8000થી વધુ વ્યવસાયો જોડાયા છે, જેમાં રિટેલ સ્ટોર્સ, મોલ્સ, MSMEs, હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ, કારીગરો અને પ્રીમિયમ બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. શહેરમાં વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપવા માટે વસ્ત્રાપુર ખાતેનું સ્વદેશી મોલ, કોટેજ ઈન્ડસ્ટ્રી પ્રદર્શન અને સ્થાનિક કારીગરોની વિશેષ ભાગીદારી પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. આ ફેસ્ટિવલ દરમિયાન શહેરના આઉટલેટ્સમાં 15% થી 35% સુધીના ડિસ્કાઉન્ટ્સ ગ્રાહકોને ઉપલબ્ધ રહેશે. હંગ્રીટો, વીકએન્ડ વિન્ડો, ફન બ્લાસ્ટ અને વિવિધ સાંસ્કૃતિક-મનોરંજન કાર્યક્રમો દરમિયાન શહેરભરમાં ઉત્સવનો માહોલ છવાઈ જશે. અમદાવાદ શહેર દેશ-વિદેશના મુલાકાતીઓને આ અનોખા વેપાર-સંસ્કૃતિ-મનોરંજનના ભવ્ય ઉત્સવમાં આવકારવા આતુર છે. સ્વદેશી ગૌરવ, રિટેલ ઈનોવેશન અને આધુનિક શહેર જીવનશૈલીના સમન્વય સાથે ASF 2025-26 અમદાવાદને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રિટેલ નકશા પર નવી ઓળખ અપાવશે. વધુ વિગતો માટે મુલાકાત માટે: www. ahmedabad shoppingfestival 2025. com ની મુલાકાત લઈ શકાશે/



# ફર્ગ્યુસન T20 વર્લ્ડ કપને લઈને ઉત્સાહિત : કહ્યું- અમે જીતી શકીએ છીએ ; ડેઝર્ટ વાઈપર્સના કેપ્ટને ILT20 ખિતાબની આશા વ્યક્ત કરી

**તમે 150+ kmph ની ઝડપથી બોલિંગ કરનારા ખેલાડીઓમાંથી એક છો. આજકાલ આટલા ઝડપી બોલરો ઓછા કેમ દેખાય છે? ફર્ગ્યુસન: આજકાલ ક્રિકેટ ખૂબ જ વધારે રમાઈ રહ્યું છે, જેના કારણે સ્કલ્સ અને ફિટનેસ બંને પર અલગ-અલગ સમય આપવો મુશ્કેલ બની જાય છે.**

**મુંબઈ, તા. 06**

ડેઝર્ટ વાઈપર્સના કેપ્ટન અને ન્યૂઝીલેન્ડના સ્ટાર ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન T-20 વર્લ્ડ કપ માટે ઉત્સાહિત છે. તેણે ILT20ની ચોથી સિઝન દરમિયાન ભાસ્કર સાથે વાતચીત કરી. તેણે ટીમના ટાઈટલ જીતવાની તકો, લીગની વિશેષતાઓ, તેના મનપસંદ સાથી ખેલાડીઓ અને 150 kmphની ઝડપ જાળવી રાખવાના પડકારો વિશે ખુલીને વાત કરી.

આ ઉપરાંત, તેણે ન્યૂઝીલેન્ડ ક્રિકેટમાં થઈ રહેલા ફેરફારો, યુવા ફાસ્ટ બોલરોના ઉભરવા અને આગામી T-20 વર્લ્ડ કપમાં તેની ટીમના આશાવાદ વિશે પણ વાત કરી. આ ઈન્ટરવ્યૂમાં તેના તમામ સવાલ-જવાબ વાંચો...

સવાલ: આ વખતે ડેઝર્ટ વાઈપર્સના ટાઈટલ જીતવાની તકો કેવી દેખાઈ રહી છે? ફર્ગ્યુસન: દર વર્ષની જેમ આ વખતે પણ અમે ખૂબ જ મજબૂત ટીમ સાથે આવ્યા છીએ. બાકીની ટીમની સ્ક્વોડ પણ ઘણી મજબૂત છે. અમે એક-એક મેચ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. શરૂઆત સારી રહી છે અને આજે અબુ ધાબી નાઈટ રાઈડર્સ સામે મોટો મુકાબલો છે. અત્યાર સુધી ગ્રુપનું વાતાવરણ ખૂબ સારું છે, હું ખૂબ ઉત્સાહિત છું.

સવાલ: તમે દુનિયાની લગભગ બધી લીગ્સ રમ્યા છો, IPL સહિત ઘણી લીગ્સ, ILT20 તમારા માટે શું ખાસ બનાવે છે? ફર્ગ્યુસન: આ મારા માટે ખાસ એટલા માટે છે કારણ કે આ એક એવી લીગ છે જ્યાં હું કેપ્ટનશીપ કરું છું. આ મારા માટે ગર્વની વાત છે. આ ફ્રેન્ચાઈઝી ખેલાડીઓનું ઓન અને ઓફ ફિલ્ડ ખૂબ ધ્યાન રાખે છે. હોટલથી લઈને પરિવારો માટે સપોર્ટ સુધી, બધું ખૂબ સારું છે. મનોરંજક વાતાવરણ મળે છે અને ક્રિકેટ રમવામાં પણ મજા આવે છે. UAEના ત્રણેય સ્થળો શાનદાર છે અને અહીં ઘણા મોટા ખેલાડીઓ આવે છે, જેનાથી પડકાર પણ મનોરંજક બને છે.

સવાલ: તમારી ટીમમાંથી ત્રણ એવા ખેલાડીઓ જેના પર ચાહકોએ આ વર્ષે ખાસ ધ્યાન આપવું જોઈએ? ફર્ગ્યુસન: હેટી (શિમરોન હેટમાયર) ખૂબ જ ખતરનાક બેટર છે. તેની સાથે રમવું ગમે છે. કાઝી (ખુઝૈમા તનવીર) નો હું હંમેશાથી મોટો ચાહક રહ્યો છું. ગયા વર્ષે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને આ વખતે પણ વધુ સા ફોર્મમાં દેખાઈ રહ્યો છે. બાકી અમારા ઘણા સ્ટાર્સને તો તમે જાણો જ છો, પરંતુ કાઝીને હું આ વખતે અમારા સૌથી મોટા સ્ટાર્સમાં જોઈ રહ્યો છું.

સવાલ: તમે 150+ kmph ની ઝડપથી બોલિંગ કરનારા ખેલાડીઓમાંથી એક છો. આજકાલ આટલા ઝડપી બોલરો ઓછા કેમ દેખાય છે? ફર્ગ્યુસન: આજકાલ ક્રિકેટ ખૂબ જ વધારે રમાઈ રહ્યું છે, જેના કારણે સ્કલ્સ અને ફિટનેસ બંને પર અલગ-અલગ સમય આપવો મુશ્કેલ બની જાય છે. દરેક પરિસ્થિતિમાં 150 ની ઝડપથી બોલિંગ કરવી ફાયદાકારક નથી હોતી. હવે બોલિંગમાં ફેરફારોની જરૂર હોય છે. ન્યૂઝીલેન્ડમાં પણ કેટલાક ઝડપી બોલરો આવી રહ્યા છે, જેમ કે વિલ ઓ'રૂર્ક, બેન સીયર્સ, જેઓ 150 ની આસપાસ બોલ નાખે છે. પરંતુ આખા વર્ષ દરમિયાન આવી ઝડપ જાળવી રાખવી સરળ નથી. મિચેલ સ્ટાર્ક જેવા બોલરો આવું કરતો આવ્યો છે, જે પ્રેરણા આપે છે. અમને પણ આશા છે કે વધુ ઝડપી બોલરો સામે આવશે.

સવાલ: ટિમ સાઉથી, ટ્રેન્ટ બોલ્ટ અને નીલ વેગનર જેવા મોટા બોલરો નિવૃત્ત થઈ ચૂક્યા છે. શું તેનાથી ન્યૂઝીલેન્ડનો પેસ એટેક નબળો પડ્યો છે? ફર્ગ્યુસન: આ બધા અમારા મહાન ખેલાડીઓ રહ્યા છે. આટલા અનુભવી બોલરોને બદલવા સહેલા નથી હોતા. પરંતુ ન્યૂઝીલેન્ડનો પેસ એટેક હજુ પણ મજબૂત છે. જેકબ ડફી, વિલ ઓરૂર્ક, કાયલ જેમિસન, મેટ હેનરી બધા ખૂબ સારું પ્રદર્શન કરી રહ્યા છે. અમારી પાસે ઝડપી વિકેટ પણ હોય છે જે ગતિને પ્રોત્સાહન આપે છે. તેથી ન્યૂઝીલેન્ડનું ભવિષ્ય ઝડપી બોલિંગમાં ઘણું સારું છે.

## ક્રિકેટરમાંથી એક્ટર બન્યો, દર્દ ભૂલાવવા 24 કલાક દારૂ પીધો, કહ્યું - 3 વખત મોતના મૂખમાંથી પાછો આવ્યો

**દિલ્હી, તા. 06**

90ના દાયકાની વાત છે, જ્યારે ક્રિકેટર સલિલ અંકોલાને જીવનમાં એક મોટો ઝટકો મળ્યો. તે સમયે તે પૈસા માટે ક્રિકેટરથી એક્ટર બન્યો હતો. જ્યારે એક્ટિંગની દુનિયામાં પગ મૂક્યો તો અનેક ટીવી શોમાં કામ કર્યું. જેમાં 'કહેતા હૈ દિલ', 'કોરા કાગઝ' અને 'વિક્રાલ ઔર ગબરાલ' જેવા શોનો સમાવેશ થાય છે. પડદાં પર ભલે સલિલ ડેશિંગ અને હેન્ડસમ દેખાતો હોય પરંતુ, પડદાની પાછળ તેની સ્થિતિ કંઈ ખાસ નહોતી. તે દારૂની લતમાં ફસાઈ ગયો હતો. હાલમાં જ તેણે એક ઈન્ટરવ્યુમાં જીવનના આ તબક્કા વિશે ખુલીને વાત કરી છે. જ્યારે, તેણે ક્રિકેટ રમવાનું છોડીને દારૂ પીવાનું શરૂ કરી દીધું હતું.

## BCCI એ લોચો માર્યો, ત્રેવડી સદી ફટકારનાર બેટરને જ જન્મદિવસની શુભેચ્છા ન પાઠવી, ચારેકોરથી ટીકા

- **કરુણ નાયરે 2016માં ચેન્નઈમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ટેસ્ટ મેચમાં તેની પ્રથમ ટેસ્ટ સદીને સીધી 303 રનની ત્રિપલ સેન્ચ્યુરીમાં ફેરવીને ઈતિહાસ રચ્યો**

**દિલ્હી, તા. 06**

ભારતમાં ક્રિકેટની સર્વોચ્ચ સંસ્થા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ શનિવારે (6 ડિસેમ્બર) 6 ભારતીય ક્રિકેટરોનો જન્મદિવસ હોવા છતાં, માત્ર ચાર ખેલાડીઓને જ શુભેચ્છા આપી અને આ દરમિયાન સ્ટાર બેટર કરુણ નાયરને ભૂલી જતાં મોટો વિવાદ ઊભો થયો છે. સામાન્ય રીતે દરેક ક્રિકેટરને સમાન ગણવામાં આવતા BCCI ના આ વલણથી સવાલો ઊભા થયા છે. જે વ્યક્તિને



ભારતીય બોર્ડે નજરઅંદાજ કર્યા છે, તે છે કરુણ નાયર, જે ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં ટેસ્ટ મેચમાં ત્રિપલ સેન્ચ્યુરી ફટકારનાર માત્ર બીજો ખેલાડી છે. આજે 6 ડિસેમ્બરે ભારતના 6 ક્રિકેટરોનો જન્મદિવસ છે. BCCI એ X (અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કરીને નીચેના ચાર ખેલાડીઓને શુભેચ્છા આપી: કરુણ નાયરે 2016માં ચેન્નઈમાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી ટેસ્ટ મેચમાં તેની પ્રથમ ટેસ્ટ સદીને સીધી 303 રનની ત્રિપલ સેન્ચ્યુરીમાં ફેરવીને ઈતિહાસ રચ્યો હતો. જોકે, આ જબરદસ્ત પ્રદર્શન પછીની થોડી મેચોમાં જ તેને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. નાયર ઈંગ્લેન્ડ પ્રવાસ પછી ટીમમાંથી બહાર ચાલી રહ્યો છે, પરંતુ તે ડોમેસ્ટિક ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે. આઠ વર્ષ બાદ, આ જ વર્ષે કેપ્ટન શુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળ ઈંગ્લેન્ડના પ્રવાસ માટે તેને ટીમમાં જગ્યા મળી હતી, પરંતુ ચાર મેચમાં માત્ર એક અડધી સદી ફટકાર્યા બાદ તેને ફરીથી ટીમની બહાર કરી દેવાયો હતો. BCCI દ્વારા ત્રિપલ સેન્ચ્યુરી ફટકારનાર ખેલાડીને તેના જન્મદિવસ પર શુભેચ્છા ન આપવાના કારણે ક્રિકેટ જગતમાં અને સોશિયલ મીડિયા પર આ મુદ્દે સવાલો અને વિવાદ શરૂ થયો છે.

## વિચિત્ર કારણોસર WBBLમાં મેચ રદ, કદાચ ક્રિકેટ ઈતિહાસમાં આવું પહેલીવાર થયું! જાણો મામલો

**પલાશ સાથે સ્મૃતિએ બોલિવૂડ સોંગ્સ પર ડાન્સ કર્યો**

**દિલ્હી, તા. 06**

મહિલા બિગ બૅશ લીગ (WBBL)માં એડિલેડ સ્ટ્રાઈકર્સ (Adelaide Strikers) અને હોબાર્ટ હરિકેન્સ (Hobart Hurricanes) વચ્ચે કારે રોટન ઓવલ (એડિલેડ) માં રમાઈ રહેલી મેચ એક અત્યંત અજીબોગરીબ કારણોસર રદ કરી દેવામાં આવ્યો. ક્રિકેટના ઈતિહાસમાં આ પ્રકારની ઘટનાને કારણે મેચ રદ થવાનો કદાચ આ પહેલો કિસ્સો છે. મળતી માહિતી મુજબ, શુક્રવારે (5 ડિસેમ્બર) જ્યારે આ મેચ રોકાઈ, ત્યારે એડિલેડ સ્ટ્રાઈકર્સે 20 ઓવરમાં 167/4નો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ઈનિંગ્સ બ્રેક દરમિયાન WBBLના નિયમો મુજબ પિચને રોલરથી રોલ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન નજીકમાં વૉર્મ-અપ કરી રહેલી ટીમનો એક બૉલ અચાનક રોલર નીચે આવી ગયો. રોલરનું વજન એટલું વધારે હતું કે બૉલ પિચની વચ્ચોવચ દબાઈ ગયો અને તેનાથી પિચ પર દડાના આકારનો ઊંડો ખાડો બની ગયો.

પિચની સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ જવાના કારણે મેચ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એડિલેડ સ્ટ્રાઈકર્સે તેમના ઈન્સ્ટાગ્રામ પર આ અંગે એક નિવેદન આપતા જણાવ્યું કે, આ ઘટનાને કારણે પિચની સ્થિતિ ઘણી બદલાઈ ગઈ હતી. મેચ રેફરી અને અમ્પાયરોએ પરિસ્થિતિની તપાસ કરી અને તેમને લાગ્યું કે હરિકેન્સને આવી પિચ પર બેટિંગ કરાવવી યોગ્ય નહીં ગણાય, કારણ કે તેનાથી સ્ટ્રાઈકર્સના મુકાબલે તેમને તદ્દન અલગ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હોત. બંને ટીમોના કેપ્ટન સાથે વાત કરવામાં આવી હતી અને આ નિર્ણય પર તમામ લોકો સંમત થયા હતા.

## દિવ્યા ખોસલાએ મુકેશ ભટ્ટનું કોલ રેકોર્ડિંગ શેર કર્યું

**ફિલ્મ 'જિગરા' વિરુદ્ધ 'સાવી'ના વિવાદ પર કહ્યું- મેં કોઈ છીછરી હરકત નથી કરી? સત્યનો પર્દાફાશ થવો જરૂરી**




**મુંબઈ, તા. 22**

ફિલ્મ નિર્માતા મુકેશ ભટ્ટે તાજેતરમાં જણાવ્યું હતું કે ફિલ્મ 'સાવી' વિરુદ્ધ 'જીગરા'ની આસપાસનો વિવાદ પબ્લિસિટી માટે હતો. ફિલ્મ 'સાવી' ની મુખ્ય એક્ટ્રેસ દિવ્યા ખોસલાએ એક કોલ રેકોર્ડિંગ શેર કર્યું જેમાં તેણે મુકેશ સાથે આ નિવેદન વિશે વાત કરી હતી, જેમાં મુકેશ તેના અગાઉના નિવેદનને પાછું ખેંચતા દેખાયા હતા. ગુરુવારે, દિવ્યાએ ઈન્સ્ટાગ્રામ પર આ ઓડિયો રેકોર્ડિંગ શેર કર્યું. તેમાં, તે મુકેશને પૂછે છે, 'શું તમે કહ્યું હતું કે મેં બેદરકારીથી કામ કર્યું છે? શું મેં આલિયાના જિગરા વિવાદનો ઉપયોગ કરીને પબ્લિસિટી સ્ટંટ કર્યો હતો?' આના પર મુકેશ જવાબ આપે છે, 'કોઈએ મને પૂછ્યું નથી, કે મેં કોઈને કહ્યું નથી. લોકો પોતાના ફાયદા માટે આ બધું બનાવી રહ્યા છે.' દિવ્યાએ સમજાવ્યું કે તેના જન્મદિવસ પર ઘણા નકારાત્મક અહેવાલો આવ્યા હતા, જેના કારણે તે નારાજ થઈ ગઈ હતી. મુકેશે જવાબ આપ્યો કે આ બધું આયોજનબદ્ધ હતું અને કોઈ જાણી જોઈને તેને નિશાન બનાવી રહ્યું હતું. તેણે કહ્યું, 'સૌ પ્રથમ, મને ખબર નહોતી કે આજે તમારો જન્મદિવસ છે, અને હું આવી વસ્તુઓ કરતી નથી. તમે જાણો છો કે હું કેવી છું.' રેકોર્ડિંગમાં, મુકેશ એમ પણ કહે છે કે આ પ્રતિક્રિયા કોઈ બીજા તરફથી આવી હશે. તે દિવ્યાને આ બાબતોથી ઉપર ઉઠીને તેના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહે છે. તે કહે છે કે ભવિષ્યમાં તેના માટે બધું સારું થઈ જશે.

## શ્રદ્ધા કપૂર ફિલ્મના શૂટિંગ દરમિયાન ઘાયલ થઈ



**મુંબઈ, તા. 22**

એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર હાલમાં તેની આગામી ફિલ્મ, 'ઈથા' પર કામ કરી રહી છે. આ ફિલ્મ પ્રખ્યાત લાવણી ડાન્સર અને તમાશા કલાકાર વિઠાબાઈ ભાઉ નારાયણગાંવકરની બાયોપિક છે. ફિલ્મનું શૂટિંગ મહારાષ્ટ્રના નાસિક નજીક ઔંધેવાડીમાં ચાલી રહ્યું છે. હવે, મિડ-ડેના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ગયા અઠવાડિયે, શ્રદ્ધાના ડાબા પગના અંગૂઠામાં ફ્રેક્ચર થયા પછી દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકરે ફિલ્મનું શૂટિંગ બંધ કરવું પડ્યું હતું. લાવણી નૃત્યના દૃશ્યના શૂટિંગ વખતે તેને આ ઈજા થઈ હતી. એક સૂત્રએ જણાવ્યું હતું કે લાવણી સંગીતમાં મજબૂત લય અને ઝડપી સ્ટેપ હોય છે. આ ગીત સંગીતકાર અજય ગોગાવલે અને અતુલ ગોગાવલે દ્વારા કંપોઝ કરવામાં આવ્યું છે. ગીતમાં શ્રદ્ધા ચળકતી નૌવરી સાડી, ભારે ઘરેણાં અને કમરપટ્ટામાં જોવા મળવાની હતી. યુવાન વિઠાબાઈની ભૂમિકા ભજવવા માટે તેણે લગભગ 15 કિલો વજન વધાર્યું. એક ડાન્સ સ્ટેપ દરમિયાન, તેણે પોતાનું બધુ વજન તેના ડાબા પગ પર મૂકી દીધું અને તેનું સંતુલન ગુમાવી દીધું, જેના પરિણામે તેને ઈજા થઈ. શ્રદ્ધાની ઈજા બાદ, લક્ષ્મણ ઉતેકરે નાસિકનું શૂટિંગ શેડ્યૂલ રદ કર્યું. જોકે, શ્રદ્ધા સમય બગાડવાનું ટાળવા માંગતી હતી. તેણે સૂચન કર્યું કે જે દ્રશ્યોમાં હલનચલન ન હોય તે મુંબઈમાં શૂટ કરી શકાય. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીમે મુંબઈના મડ આઈલેન્ડમાં એક સેટ બનાવ્યો હતો અને ક્લોઝ-અપ્સ અને ભાવનાત્મક દૃશ્યોનું શૂટિંગ શરૂ કર્યું હતું. જોકે, બે દિવસ પછી, શ્રદ્ધાનો દુખાવો વધી ગયો, જેના કારણે તેને રોકવાની ફરજ પડી.

## એક્ટ્રેસે 'તારક મહેતા'ના સેટની પડદા પાછળની વાત કહી

**અસિત મોદી સેટ પર કલાકારોને હેરાન કરે છે? કેવું વર્તન કરે છે? અંતે આ સિક્રેટ ખુલ્યું**

**મુંબઈ, તા. 22**

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' એક લોકપ્રિય ટેલિવિઝન શો છે. તે 18 વર્ષથી દર્શકોનું મનોરંજન કરી રહ્યો છે. તેણે દીપ્તિ સાધવાની સહિત ઘણા સ્ટાર્સની કારકિર્દીની શરૂઆત કરી છે. દીપ્તિએ આ શોમાં એક નાનકડી ભૂમિકા ભજવી હતી. તેણે એક નાનકડી ભૂમિકા એટલી સુંદર રીતે ભજવી હતી કે લોકો તેને આજે પણ યાદ કરે છે. આજતક સાથેના એક વિશિષ્ટ ઈન્ટરવ્યૂમાં, દીપ્તિએ તારક મહેતા, અસિત મોદીની આસપાસના વિવાદ અને તેના અંગત જીવન વિશે ઘણી વિગતો શેર કરી. દીપ્તિએ તારક મહેતા વિશેના સત્યનો ખુલાસો કર્યો દીપ્તિને પૂછવામાં આવ્યું, 'તારક મહેતાએ તમને લોકપ્રિયતા આપી. શું તેમાં કામ કરતી વખતે તમારી સાથે ક્યારેય અન્યાય થયો હતો?' શો



આસપાસના વિવાદ વિશે તમારું શું કહેવું છે? તેણે કહ્યું, 'તારક મહેતામાં કામ કરવાનો મને ખરેખર આનંદ આવ્યો. સેટ પર મારી સાથે ખૂબ જ આદર અને પ્રેમથી વર્તવામાં આવતું હતું. મારો કેમિયો હતો, તેથી મારા પર વધારે એટેન્શન આપવામાં આવતું હતું. મને મારું પેમેન્ટ પણ સમયસર મળી ગયું હતું' અસિત સર પણ મારી સાથે ખૂબ જ સારા હતા. આજે પણ અમારી વચ્ચે વાતચીત થાય છે, હું જ્યારે પણ તેમને ફોન કરું ત્યારે તે અમારી સાથે વાત કરે છે. તેઓ મારી સાથે સારી રીતે વાત કરે છે. મને નથી લાગતું કે તેમણે ક્યારેય કોઈ સાથે અન્યાય કર્યો હશે. પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું દીપ્તિ એક એક્ટ્રેસમાંથી નિર્માતા બની છે. તેણે કહ્યું, 'મેં મારું પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું છે. હું એક એક્ટ્રેસમાંથી નિર્માતા બની છું. મેં એક્ટિંગ છોડી નથી. પરંતુ મારી પાસે પહેલેથી જ મારું પોતાનું પ્રોડક્શન હાઉસ ખોલવાની યોજના હતી. હું નવી પ્રતિભા અને નવા લોકોને તકો આપવા માગું છું.' તેણે સતત મહેનતથી વજન ઘટાડ્યું એક્ટ્રેસ તેની વજન ઘટાડવાની સફર વિશે પણ ચર્ચા કરી. તેણે કહ્યું, 'હું પેરિસ ફેશન વીકમાં ગઈ હતી. મારે ડિઝાઈનર આઉટફિટમાં રેમ્પ વોક કરવું પડ્યું.

## 'અનીત પડ્ડા મારી ગર્લફ્રેન્ડ નથી': અફવાઓ પર અહાન પાંડેએ મૌન તોડ્યું



**મુંબઈ, તા. 22**

એક્ટર અહાન પાંડે અને એક્ટ્રેસ અનીત પડ્ડા આ વર્ષે તેની પહેલી ફિલ્મ 'સૈયારા' રિલીઝ થયા પછી ચર્ચામાં આવ્યા હતા. આ સુપરહિટ ફિલ્મમાં તેમની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રીને લોકોએ ખૂબ પસંદ કરી હતી. ત્યારબાદ સોશિયલ મીડિયા પર અફવાઓ ફેલાઈ હતી કે તેઓ રિલેશનશિપમાં છે. તાજેતરમાં, ફિલ્મ નિર્માતા કરણ જોહરે સાનિયા મિર્ઝાના ટોક શોમાં તો કહ્યું હતું કે આ બંને બોલિવૂડનું આગામી 'ઈટ કપલ' બની શકે છે. હવે, અહાને આ અફવાઓ અને સંબંધોની ચર્ચાઓ પર પોતાનું મૌન તોડ્યું છે. GQ ઈન્ડિયા સાથેના એક ઈન્ટરવ્યૂમાં, જ્યારે અહાનને પૂછવામાં આવ્યું કે શું તે ખરેખર અનિતને ડેટ કરી રહ્યો છે, ત્યારે તેણે કહ્યું, 'અનિત મારી બેસ્ટ ફ્રેન્ડ છે. આખું ઈન્ટરનેટ વિચારે છે કે અમે સાથે રિલેશનશિપમાં છીએ, પરંતુ તે સાચું નથી. કેમેસ્ટ્રી હંમેશા રોમાન્સથી નથી બનતી, તે કમફર્ટેબલ, સુરક્ષા અને સમજણથી પણ બને છે. આ જ વાત અમે એકબીજાને અનુભવી. તે મારી ગર્લફ્રેન્ડ નથી, પરંતુ તેની સાથે મારું બોન્ડિંગ અજોડ છે.'

### નેટફ્લિક્સ રોકડ અને સ્ટોકથી વોર્નર બ્રધર્સને પેમેન્ટ કરશે, ડીલથી સ્ટ્રીમિંગ માર્કેટમાં નેટફ્લિક્સનો દબદબો વધશે

# નેટફ્લિક્સે વોર્નર બ્રધર્સ સ્ટુડિયોને ખરીદવાની જાહેરાત કરી

## ₹6.47 લાખ કરોડમાં ડીલ થઈ, નેટફ્લિક્સ રોકડ અને સ્ટોકથી ચૂકવણી કરશે

**નવી દિલ્હી, તા. 06**

OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સે વોર્નર બ્રધર્સ સ્ટુડિયોને 72 બિલિયન ડોલર એટલે કે 6.47 લાખ કરોડ રૂપિયામાં ખરીદવાની જાહેરાત કરી છે. આ ડીલ એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં એક મોટું મર્જર છે, જે સ્ટ્રીમિંગ અને ટ્રેડિશનલ મીડિયાને જોડશે.

કંપનીના જણાવ્યા અનુસાર, આ ખરીદી તેમની કન્ટેન્ટને વધુ મજબૂત બનાવશે. નેટફ્લિક્સના CEO ટેડ સારન્ડોસે કહ્યું, 'આ ડીલ અમારી વૃદ્ધિને નવી ઊંચાઈ આપશે. વોર્નરની ફિલ્મો અને શો અમારી લાઈબ્રેરીનો ભાગ બનશે, જેનાથી યુઝર્સને વધુ વિકલ્પો મળશે.'

આ જાહેરાત ગુરુવારે કંપનીની બોર્ડ મીટિંગ પછી કરવામાં આવી હતી. ડીલ હેઠળ નેટફ્લિક્સ, વોર્નર બ્રધર્સ ડિસ્કવરી (WBD) ના ફિલ્મ-ટીવી સ્ટુડિયો અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ (HBO Max અને HBO)ને પોતાની સાથે ભેળવશે.આ ડીલ 72 બિલિયન ડોલરની છે, જેમાં મોટાભાગનું પેમેન્ટ રોકડમાં થશે અને બાકીનું નેટફ્લિક્સના શેર દ્વારા પણ ચૂકવવામાં આવશે. વોર્નર બ્રધર્સ ડિસ્કવરીનો એક ભાગ છે, જે પહેલાથી જ ઘણા બિડર્સના ધ્યાનમાં હતું. રિપોર્ટ્સ અનુસાર, ડિઝની અને એમેઝોને પણ બિડ લગાવી હતી, પરંતુ નેટફ્લિક્સે સૌથી ઊંચી બોલી લગાવી.આ ડીલ આવતા વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, જો રેગ્યુલેટરી મંજૂરી મળી જાય તો. નેટફ્લિક્સ પાસે હાલમાં વિશ્વભરમાં 30 કરોડ સબ્સ્ક્રાઈબર્સ છે, જ્યારે વોર્નર બ્રધર્સ 13 કરોડથી વધુ યુઝર્સને સેવા આપે છે. આ મર્જર બંનેના દર્શકોને એક પ્લેટફોર્મ પર લાવશે.1997માં રીડ હેસ્ટિંગ્સે DVD રેન્ટલથી કરી હતી. આજે તે ગ્લોબલ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ છે, જેની 2024માં આવક 35 બિલિયન ડોલર એટલે કે 3.14 લાખ કરોડ રૂપિયા રહી. કંપની ઓરિજિનલ કન્ટેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમ કે સ્ટ્રેન્જર થિંગ્સ અને ધ ક્રાઉન.જ્યારે વોર્નર બ્રધર્સ 1923માં સ્થપાઈ હતી, જે હોલીવુડના સૌથી જૂના સ્ટુડિયોમાંથી એક છે. તે બેટમેન, હેરી પોટર જેવી ફ્રેન્ચાઈઝીની માલિક છે. 2022માં વોર્નર ડિસ્કવરીનું મર્જર થયું હતું, પરંતુ કંપની દેવું અને સ્પર્ધાથી ઝઝૂમી રહી હતી. નેટફ્લિક્સ માટે આ ખરીદી સસ્તામાં ગુણવત્તાયુક્ત કન્ટેન્ટ મેળવવાની તક છે.આ ડીલથી સ્ટ્રીમિંગ વોરમાં નેટફ્લિક્સ આગળ નીકળી જશે. નિષ્ણાતોનું કહેવું છે કે વોર્નરની 10 હજારથી વધુ ફિલ્મો અને શો નેટફ્લિક્સ પર આવી જશે, જે યુઝર્સને પ્લેટફોર્મ પર રોકવામાં મદદ કરશે. પરંતુ આ ડીલ એન્ટી-ટ્રસ્ટ ચિંતાઓને પ્રોત્સાહન આપી શકે છે, કારણ કે માર્કેટ શેર 40%થી ઉપર જતો રહેશે.વોર્નરના ચેરમેન ડેવિડ ઝાસલેવે કહ્યું, 'નેટફ્લિક્સ સાથેની ભાગીદારીથી અમારી સર્જનાત્મકતાને નવું પ્લેટફોર્મ મળશે.' ઈન્ડસ્ટ્રી વિશ્લેષકો માને છે કે આ મર્જર પેરામાઉન્ટ જેવા નાના પ્લેયર્સ પર દબાણ લાવશે.




# ચાંદી એક અઠવાડિયામાં ₹13,851 મોંઘી થઈ, સોનું ₹2001 વધ્યું

## આ વર્ષે ગોલ્ડે 69%, સિલ્વરે 107%નું રિટર્ન આપ્યું

**નવી દિલ્હી, તા. 06**

સોના-ચાંદીના ભાવમાં સતત બીજા અઠવાડિયે તેજી જોવા મળી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 28 નવેમ્બરે સોનું 1,26,591 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર હતું, જે 5 ડિસેમ્બર સુધીમાં 2001 રૂપિયા વધીને 1,28,592 રૂપિયા પર પહોંચી ગયું છે. 17 ઓક્ટોબરે સોનું 1,30,874 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું હતું, જે તેની સૌથી મોંઘી કિંમત છે. આ અઠવાડિયે ચાંદીમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો. ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે (28 નવેમ્બર) 1 કિલોગ્રામ ચાંદીની કિંમત 1,64,359 રૂપિયા હતી, જે આ અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસ એટલે કે 5 ડિસેમ્બર સુધીમાં 13,851 રૂપિયા વધીને 1,78,210 રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ. આ પહેલા શુક્રવાર, 5 ડિસેમ્બરે ચાંદી 1,78,210 પર પહોંચી ગઈ હતી, જે તેની સૌથી ઊંચી કિંમત છે.



કેરેટ મુજબ સોનાનો ભાવ

સંદર્ભ: IBJA (5 ડિસેમ્બર, 2025)

આ વર્ષે સોનું 52,430 અને ચાંદી 92,193 મોંઘી થઈ

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 52,430 રૂપિયા (69%) વધી છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,28,592 રૂપિયા થઈ ગયું છે.

# ઈન્ટરનેટ પર '404 નોટ ફાઉન્ડ' કોડનો શું અર્થ થાય?

## જાણો ક્લાયન્ટ-સાઈડ એરરના સામાન્ય કારણો અને તેને ઠીક કરવાના યોગ્ય ઉપાયો

**મુંબઈ, તા. 06**

ઈન્ટરનેટ પર બ્રાઉઝ કરતી વખતે ઘણીવાર 404 Not Found જેવો એરર કોડ દેખાય છે. ઘણા યુઝર્સ આ જોઈને પરેશાન થઈ જાય છે કે આખરે ભૂલ ક્યાં થઈ. જ્યારે આપણે બ્રાઉઝરમાં કોઈ URL ટાઈપ કરીએ છીએ, ત્યારે બ્રાઉઝર સર્વરને રિક્વેસ્ટ મોકલે છે. જો સર્વર પાસે તે નામ અથવા સ્થાનનું પેજ હાજર હોય, તો તે પેજ લોડ કરીને આપે છે. પરંતુ જો ફાઈલ હાજર ન હોય તો તે 404 કોડ સાથે Not Found મેસેજ પાછો મોકલે છે. ખરેખર આ મેસેજ વેબ સર્વર તરફથી આવતો HTTP Status Code છે. તેનો અર્થ એ છે કે યુઝર દ્વારા વિનંતી કરેલી વેબપેજ ફાઈલ સર્વર પર હાજર નથી અથવા સર્વર તેને શોધી શકતું નથી.

404 એરરને ક્લાયન્ટ-સાઈડ એરર તરીકે ઓળખવામાં આવે છે. તેનો અર્થ એ છે કે સમસ્યા ઘણીવાર યુઝર તરફથી હોય છે. ઉદાહરણ તરીકે, ખોટો URL ટાઈપ કરવો અથવા પેજ હટી જવાને કારણે આ એરર આવે છે, આ સર્વર બંધ થવાને કારણે થતું નથી. 404 એરર આવવાના સૌથી સામાન્ય કારણો છે: URL ટાઈપ કરવામાં ભૂલ, પેજ ડિલીટ અથવા મૂવ થવું, બ્રોકન લિંક, અથવા વેબસાઈટનું રિમોડેલિંગ. 404 એરરના અન્ય કારણો અને તેને ઠીક કરવાના ઉપાયો ક્યારેક વેબમાસ્ટર્સ જૂની લિંક પર આવતા ટ્રાફિક માટે સાચો રીડાયરેક્ટ સેટ નથી કરતા; આવા કિસ્સામાં જૂની લિંક ક્લિક કરવા પર 404 એરર દેખાય છે. તેથી આ એરર ઈન્ટરનેટ પર જૂના, expired અથવા ખોટા સરનામા માટે ખૂબ જ સામાન્ય છે.




404 એરર દેખાય ત્યારે સમસ્યાની તપાસ કરવાના કેટલાક સરળ રસ્તાઓ:

સૌથી પહેલા એ જુઓ કે URL સાચી રીતે ટાઈપ થયો છે કે નહીં.

વેબસાઈટના હોમપેજ પર જઈને તે પેજ શોધવાનો પ્રયાસ કરો.

બ્રાઉઝરનું કેશ અથવા કૂકીઝ ક્લિયર કરવું પણ યોગ્ય હોઈ શકે છે.

જો લિંક ખૂબ જૂની છે તો પેજ ખરેખર હટાવાયું પણ હોઈ શકે છે.

ડેવલપર અથવા વેબસાઈટ માલિકો માટે 404 એરરને હેન્ડલ કરવી જરૂરી છે. ઘણી સાઈટ્સ પોતાનો કસ્ટમ 404 પેજ બનાવે છે, જ્યાં મેસેજ, સર્ચ બોક્સ અથવા અન્ય લિંક આપીને યુઝર્સને સાચા પેજ તરફ રીડાયરેક્ટ કરી શકાય છે. આનાથી યુઝર્સ સાઈટ છોડીને જતા નથી અને ફરીથી મુખ્ય કન્ટેન્ટ સુધી પહોંચી શકે છે.

# કાળા કાચવાળી કારના રોલાં જોજો મોંઘાં ન પડી જાય! : સુરક્ષાની દ્રષ્ટિએ ખતરનાક, જાણો કેટલો દંડ ભરવો પડી શકે છે

**નવી દિલ્હી, તા. 06**

તાજેતરમાં દિલ્લી ટ્રાફિક પોલીસે કારની વિન્ડો પર રંગીન કે બ્લેક ફિલ્મ લગાવનારાઓ સામે મોટી કાર્યવાહી કરી. અહીં માત્ર એક અઠવાડિયામાં 2,235થી વધુ ચલણ કાપવામાં આવ્યા. આ જ રીતે યુપીના મેરઠમાં 'ઓપરેશન બ્લેક કેટ' ચલાવવામાં આવ્યું, જે અંતર્ગત 3 દિવસની અંદર 454 વાહનોના ચલણ કરવામાં આવ્યા. આ તમામ વાહનો પર નિયમો વિરુદ્ધ ટિન્ટેડ/બ્લેક ફિલ્મ ચઢાવેલી હતી. દિલ્હીના અધિક પોલીસ કમિશનર (ટ્રાફિક) સત્યવીર કટારાના જણાવ્યા અનુસાર, છેલ્લા એક વર્ષમાં માત્ર દિલ્હીમાં બ્લેક ફિલ્મના ઉલ્લંઘનને લઈને 20,232 ચલણ કરવામાં આવ્યા છે. આ દર્શાવે છે કે કાં તો લોકોમાં જાણકારીનો અભાવ છે અથવા જાણી જોઈને નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. તમે પણ જોયું હશે કે કેટલાક લોકો પોતાની કારને મોડિફાય કરાવતી વખતે વિન્ડો પર બ્લેક કે ટિન્ટેડ ફિલ્મ લગાવી દે છે. આ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન છે અને સુરક્ષાની દ્રષ્ટિએ પણ ખતરનાક છે. આવી સ્થિતિમાં દરેક વાહન માલિકને આ વિશે જાણકારી હોવી જરૂરી છે. તો ચાલો, આજે 'કામના



સમાચાર' માં સમજીશું કે ગાડીઓની વિન્ડો પર બ્લેક/ટિન્ટેડ ફિલ્મ લગાવવી કાયદેસર ગુનો શા માટે છે? સાથે જ જાણીશું કે-

આ અંગે કાયદો શું કહે છે?

કાર માલિકોએ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ?

નિષ્ણાત: સૌરભ કુમાર, ડિવિઝનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર (DTO), બાંદા, ઉત્તર પ્રદેશ

પ્રશ્ન- લોકો કારમાં બ્લેક ફિલ્મ કે કાચ શા માટે લગાવે છે?

જવાબ- ઘણીવાર લોકો કારની અંદર ગરમી ઓછી કરવા, પ્રાઈવસી વધારવા, પ્રીમિયમ લુક મેળવવા અથવા મોડિફિકેશનના શોખમાં કાર પર બ્લેક/ટિન્ટેડ ફિલ્મ લગાવી લે છે. કેટલાક લોકો નિયમોની જાણકારી ન હોવા છતાં પણ આવું કરે છે. જોકે, આ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. નીચે આપેલા ગ્રાફિક્સથી કારમાં બ્લેક ફિલ્મ લગાવવાના મુખ્ય કારણો જાણો-

પ્રશ્ન- ભારતમાં કારમાં બ્લેક ફિલ્મ લગાવવા અંગે શું નિયમો છે?

જવાબ- ભારતમાં કારની વિન્ડો પર બ્લેક/ટિન્ટેડ કાચ કે ફિલ્મ લગાવવા અંગે કાયદો ખૂબ જ સ્પષ્ટ છે. સુપ્રીમ કોર્ટે 2012ના એક કેસ (અભિષેક ગોયનકા વિરુદ્ધ ભારત સંઘ)ના પોતાના નિર્ણયમાં સ્પષ્ટ કહ્યું છે કે કાર ખરીદ્યા પછી બહારથી કોઈપણ પ્રકારની ફિલ્મ (બ્લેક, સ્મોક્ડ, રિફ્લેક્ટિવ) લગાવવી સંપૂર્ણપણે ગેરકાયદેસર છે, ભલે તે વિઝિબલ લાઈટ ટ્રાન્સમિશન (VLT) ધોરણોને પૂર્ણ કરતી હોય.

પોલીસને આવા કિસ્સાઓમાં ચલણ કાપવાનો અને સ્થળ પર જ ફિલ્મ અને કાચ હટાવવાનો અધિકાર છે. કોર્ટે આ પ્રતિબંધ માર્ગ સલામતી, પારદર્શિતા અને ગુનાઓની રોકથામને ધ્યાનમાં રાખીને લગાવ્યો હતો. જ્યારે 'સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ (CMVR)' 1989 ના નિયમ 100માં કારના ફેક્ટરી-બિલ્ટ ગ્લાસ માટે VLT ધોરણો

# બિઝનેસ મંત્ર : શા માટે જાગવાનો સમય સફળતા સાથે કોઈ સંબંધ ધરાવતો નથી

## સૌથી સફળ લોકો વહેલા જાગ્યા એટલે સફળ ન થયા. તેઓ વહેલા જાગ્યા કારણ કે તેમની પાસે સ્પષ્ટતા (clarity), લક્ષ્યો, ભૂખ (hunger) અને શિસ્ત હતી

**નવી દિલ્હી, તા. 06**

શું તમને ક્યારેય 5 AM (સવારે 5 વાગ્યે) જાગવાનું દબાણ અનુભવાય છે? કારણ કે દરેક પુસ્તક, વીડિયો અને પ્રભાવક (influencer) દાવો કરે છે કે "સફળ લોકો સૂર્યોદય પહેલાં જાગે છે." તે લગભગ એવું લાગે છે કે જો તમે વહેલા ન જાગો તો તમે જીવનમાં કંઈક ખોટું કરી રહ્યા છો. પરંતુ બિઝનેસ સ્ટ્રેટેજિસ્ટ અને ગેમ ચેન્જર હિરવ શાહ એક ખૂબ જ સરળ પ્રશ્ન પૂછે છે: "જો વહેલા જાગવું ખરેખર સફળતાની ખાતરી આપતું હોય... તો શા માટે આટલા બધા વહેલા જાગનારાઓ હજી પણ એવું જ સરેરાશ જીવન જીવે છે?" વિચારો.

જો 5 AMની આદત આપોઆપ વિજેતાઓ બનાવતી હોય, તો: દરેક વહેલો જાગનારો વ્યક્તિ કરોડપતિ હોવો જોઈએ. દરેક સવારનો ચાલનાર વ્યક્તિ બિઝનેસ લીડર હોવો જોઈએ. સૂર્યોદય પહેલાં જાગનાર દરેક વ્યક્તિ અટકાવી ન શકાય તેવો (unstoppable) હોવો જોઈએ. પરંતુ વાસ્તવિકતા અલગ છે. એવા અસંખ્ય લોકો છે જેઓ શિસ્ત સાથે વહેલા જાગે છે – છતાં વર્ષો સુધી અટવાયેલા રહે છે, સંઘર્ષ કરે છે અને દિશાહીન રહે છે. અને બીજી બાજુ... એવા લોકો છે જેઓ મોડા જાગે છે, બપોરે તેમનો દિવસ શરૂ કરે છે, છતાં કંપનીઓ બનાવે છે, સંપત્તિ સર્જે છે અને વૈશ્વિક સફળતાઓનું નેતૃત્વ કરે છે.

તો સત્ય શું છે?

શા માટે એક વહેલો જાગનારો નિષ્ફળ જાય છે અને એક મોડો જાગનારો સફળ થાય છે? અસાધારણ વૃદ્ધિ પાછળનું સાચું સૂત્ર શું છે? "સફળતા વહેલા જાગનારાઓની કે મોડા જાગનારાઓની નથી. તે સંરેખિત થઈને (aligned) જાગનારાઓની છે." -

વિભાગ 2 – શા માટે 5 AM એક એવી દંતકથા બની ગઈ જેમાં દરેક વ્યક્તિએ વિશ્વાસ કર્યો, આપણે વહેલા જાગવાથી સફળતા, શાંતિ અને સમૃદ્ધિ મળે છે તેવું સાંભળીને મોટા થયા છીએ. સમય જતાં, આ એક નિયમમાં – લગભગ પૂજાતા રીત-રિવાજમાં પરિવર્તિત થઈ ગયો. "ધ 5 AM ક્લબ" (The 5 AM Club) જેવા પુસ્તકો, સોશિયલ મીડિયાના પ્રભાવકો અને પ્રેરક વક્તાઓએ એવું દર્શાવ્યું કે વહેલી સવાર દરેક સફળ વ્યક્તિ પાછળનું ગુપ્ત સૂત્ર છે.

પરંતુ અહીં એ ભાગ છે જેને લોકો ભૂલી જાય છે:

સૌથી સફળ લોકો વહેલા જાગ્યા એટલે સફળ ન થયા.

તેઓ વહેલા જાગ્યા કારણ કે તેમની પાસે સ્પષ્ટતા (clarity), લક્ષ્યો, ભૂખ (hunger) અને શિસ્ત હતી.

તે સ્પષ્ટતા પહેલા આવી.

સમય પાછળથી આવ્યો.

"એક રૂટિન ત્યારે જ શક્તિશાળી બને છે જ્યારે તેની પાછળનું મન શક્તિશાળી હોય. અન્યથા, શ્રેષ્ઠ આદતો પણ માત્ર ખાલી રીત-રિવાજ બની જાય છે." - બે લોકો 5 AM વાગ્યે જાગી શકે છે. એક વૃદ્ધિ કરે છે. એક અટવાયેલો રહે છે. તફાવત સમય નથી. તફાવત એ સમય પાછળનો ઉદ્દેશ્ય (purpose) છે. વિભાગ 3 – વાસ્તવિકતાની ચકાસણી: વહેલા જાગનારાઓ હંમેશા ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્તકર્તા હોતા નથી આ તે જગ્યા છે જ્યાં દંતકથા તૂટે છે. અસંખ્ય લોકો 5 AM વાગ્યે જાગે છે, ચાલવા જાય છે, ચા પીવે છે, ફોન સ્ક્રોલ કરે છે, જીવન વિશે ફરિયાદ કરે છે અને પછી વર્ષો સુધી તે જ ચક્રનું પુનરાવર્તન કરે છે.

કોઈ વ્યૂહરચના નહીં.

કોઈ સ્પષ્ટતા નહીં.

કોઈ ભૂખ નહીં.

માત્ર દિશા વિનાની શિસ્ત. અને દિશા વિનાની શિસ્ત માત્ર હલનચલન છે –




# લેટ ફી સાથે 31 ડિસેમ્બર સુધી ITR ફાઈલ કરો : જાણો શું છે નિયમો

**નવી દિલ્હી, તા. 06**

જો તમે હજુ સુધી નાણાકીય વર્ષ 2024-25નું ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કર્યું નથી, તો તમે લેટ ફી સાથે 31 ડિસેમ્બર 2025 સુધીમાં ફાઈલ કરી શકો છો. એટલે કે, આ માટે તમારી પાસે 1 મહિનાથી પણ ઓછો સમય બાકી છે. આ પછી તમે રિટર્ન ફાઈલ કરી શકશો નહીં, જેના કારણે નોટિસ આવવા ઉપરાંત દંડ સહિત અન્ય કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

જો તમે 5 લાખથી ઓછી આવકનું બિલેટેડ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરો છો, તો તમારે 1,000 રૂપિયા લેટ ફી ચૂકવવી પડશે. જ્યારે, 5 લાખ કે તેથી વધુની આવક પર 5,000 રૂપિયાની લેટ ફી ચૂકવવી પડશે. નાણાકીય વર્ષ 2024-25 માટે કોઈપણ લેટ ફી વિના ITR ફાઈલ કરવાની છેલ્લી તારીખ 16 સપ્ટેમ્બર હતી. બિલેટેડ ટેક્સ રિટર્ન શું હોય છે? જો તમે તમારું ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) સામાન્ય નિયત તારીખ (એટલે કે 31 જુલાઈ અથવા 31 ઓગસ્ટ, જે પણ લાગુ પડતી હોય) પછી ફાઈલ કરો છો, તો તેને બિલેટેડ રિટર્ન કહેવાય છે. સરળ ભાષામાં, સમયસર ITR ભર્યું નથી, પછીથી ભર્યું તો તેને બિલેટેડ રિટર્ન કહેવાય છે. જો 31 ડિસેમ્બર પછી ITR ફાઈલ કરવા પર તમારું રિફંડ (પાછું મળવાપાત્ર ટેક્સ) ક્લેમ નહીં થાય, ભલે ગમે તેટલું રિફંડ બનતું હોય, તે સરકાર પાસે જતું રહેશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) આનંદ જૈન પાસેથી રિટર્ન ભરવાની પ્રક્રિયા 4 સ્ટેપમાં જાણો...

1. બધા કાગળિયાં તૈયાર રાખો

પગાર, TDS ની માહિતી માટે ફોર્મ 16. કેટલો ટેક્સ જમા કર્યો અને કેટલો બાકી છે તેના માટે ફોર્મ 26AS અને એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (AIS). બેંક સ્ટેટમેન્ટ, વ્યાજ પ્રમાણપત્ર ઉપરાંત LIC, PPF, NSC જેવા ઈન્વેસ્ટમેન્ટ પ્રૂફ. ઘર/મકાન લોનની વિગતો. ભાડાની રસીદ, કેપિટલ ગેઈનની માહિતી.

2. સાચું ITR ફોર્મ પસંદ કરો

ITR-1 : જો આવક પગાર, એક મકાન અને વ્યાજમાંથી હોય. આવક 50 લાખથી ઓછી હોય.

ITR-2: જો આવક પગાર અને પેન્શનમાંથી હોય. એકથી વધુ ઘર હોય અથવા કેપિટલ ગેઈન હોય.

ITR-3: જો આવક બિઝનેસ અથવા પ્રોફેશનમાંથી હોય.

ITR-4: પ્રિઝમ્પટિવ ટેક્સેશન સ્કીમ હેઠળ રિટર્ન ફાઈલ કરી રહ્યા છો.

3. ઓનલાઈન ITR ફાઈલિંગ

ઈનકમ ટેક્સ વેબસાઈટ (incometax.gov) પર લોગિન કરો. ઈ-ફાઈલિંગ પોર્ટલ પર તમારો PAN અને પાસવર્ડ દાખલ કરો. આવક મુજબ યોગ્ય ફોર્મ પસંદ કરીને માહિતી ભરો. ટેક્સ ગણતરી કરો. જો વધારાનો ટેક્સ ચૂકવવાનો હોય તો ઓનલાઈન પેમેન્ટ કરો.

4. ITR વેરિફિકેશન

રિટર્ન ફાઈલ કર્યા પછી 30 દિવસની અંદર ઈ-વેરિફિકેશન કરવું જરૂરી છે. વેરિફિકેશન માટે- આધાર OTP, નેટ બેન્કિંગ, ડીમેટ એકાઉન્ટ જેવા વિકલ્પો. રિટર્નમાં ખોટી માહિતી આપવાનું ટાળો ઘણા ટેક્સપેયર ખોટા ડિડક્શન જેમ કે- LIC, મેડિક્લેમ, હાઉસ લોન ઈન્ટરેસ્ટ અને દાનની ખોટી માહિતી આપીને ટેક્સ બચાવે છે. પરંતુ ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ આજના સમયમાં AI દ્વારા રિટર્નના ડેટાનું વિશ્લેષણ કરે છે. ખોટી માહિતી આપવાથી નોટિસ આવી શકે છે. આવી સ્થિતિમાં, રિટર્ન ફાઈલ કરતી વખતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અથવા ટેક્સ એક્સપર્ટની સલાહ ચોક્કસ લો.

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**કેન્ટીનના સંચાલન અને સંચાલનના કરાર માટે ટેન્ડર**

કેટલોગ નંબર: MSSDRMCANRCRGG1

કરારનો પ્રકાર: ડીઆરએમ ઓફિસ-ભાવનગર પરા ખાતે કેન્ટીનનું સંચાલન અને સંચાલન અને ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન ખાતે રેલ કોચ રેસ્ટોરન્ટ.

શ્રેણી: એમ.આઈ.એસ.સી. સ્ટેટિક સેવાઓ

બિડર/ટેન્ડરરએ (IREPS/E-ઓક્શન) સાઈટ (www.ireps.gov.in) ની મુલાકાત લેવાની રહેશે અથવા વધુ પૂછપરછ માટે ડિવિઝનલ ઓફિસ ભાવનગર અથવા ટેલિફોન (વાણિજ્યિક નિરીક્ષક (NFR), ભાવનગર ડિવિઝન - +91-7227989486) ની મુલાકાત લઈ શકો છો.

હરાજી શરૂ થવાનો સમય અને તારીખ: 22.12.2025 ના રોજ 11:00 કલાકે BVP 214

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**OHE ફેરફાર કામ**

ઇ-ટેન્ડર- સિનિયર ડીઈઈ/ટીઆર/એડીઆઈ/૨૫ (૨૦૨૫-૨૬) તારીખ ૦૫.૧૨.૨૦૨૫ ટેન્ડર નંબર:ટીઆરડી-એડી-આઈ-ટી-૧૭-૨૦૨૫-૨૬ કામનું નામ: ગાંધીધામ ખાતે 'સી એન્ડ ડબલ્યુ યાર્ડ' માં હાલની લાઈનોના વિસ્તરણ અને લખપત - ગાંધીધામ આડેસર વિભાગમાં એલસી એલિમિનેશન અને આરઓબી કામના સંદર્ભમાં ઓએચઇ મોડિફિકેશન કામ. -કમાણી રકમ: ૨,૨૫,૧૦૦/- જમા કરાવવાની તારીખ અને સમય: ૦૨.૦૧.૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક પછી નહીં. ખુલવાની તારીખ અને સમય: ૦૨.૦૧.૨૦૨૬ ના ૧૫.૩૦ કલાકે. અંદાજિત કિંમત: ૧,૫૦,૨૦,૨૯૮.૬૦ ઓફિસનું સરનામું: સિનિયર. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. વેબસાઈટ વિગતો: www.ireps.gov.in ADI 224

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**પ્રમાણભૂત વીજ પુરવઠા સોકેટ્સની જોગવાઈ સાથે જોડાણમાં વિદ્યુત કાર્ય**

ઈ-ટેન્ડર-નોટિસ નં. સિનિયર ડીઈઈ/એડીઆઈ/38(25-26) તારીખ: 05.12.2025 ટેન્ડર નંબર: EL-50-1-ADI-T-46-2025-26 કામનું નામ: અમદાવાદ ડિવિઝનમાં ટ્રેક મશીન સાઈડિંગ્સ પર સ્ટાન્ડર્ડ પાવર સપ્લાય સોકેટ્સની જોગવાઈના સંદર્ભમાં ઈલેક્ટ્રિકલ કાર્ય. અંદાજિત કિંમત: 1,54,91,311/- સૌથી વધુ કમાણી: 2,27,500/- સબમિટ કરવાની તારીખ અને સમય: 31.12.2025 ના 15:00 કલાક પછી નહીં ખુલવાની તારીખ અને સમય: 31.12.2025 ના 15.30 કલાકે ઓફિસનું સરનામું: સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે; જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. વેબસાઈટ વિગતો: www.ireps.gov.in ADI 222

અમને લાઈક કરો: facebook.com/WesternRly

સુભાષબ્રિજના નીચેના ભાગે ઈન્સ્પેક્શન કરાતાં મસમોટી તિરાડ અને ખસી ગયેલો સ્પાન જોવા મળ્યો

# અમદાવાદ કોર્પોરેશનને બ્રિજ નીચે તિરાડો દેખાઈ

- અમદાવાદના તમામ બ્રિજનું ઈન્સ્પેક્શન ચોમાસા પહેલાં અને પછી કરવામાં આવે છે.
- આ ઈન્સ્પેક્શનની પ્રક્રિયા બાદ બ્રિજના કેન્ટિલિવરના ભાગમાં તિરાડ પડી છે. કેન્ટિલિવરનો ભાગ એક તરફ નમી ગયો છે



**અમદાવાદ, તા.06**

અમદાવાદ શહેરના સૌથી વ્યસ્ત અને અને જૂના અમદાવાદમાં જવા માટેના પ્રવેશદ્વાર ગણાતા સુભાષબ્રિજ પર તિરાડ અને સ્પાનનો ભાગ બેસી જવાની ઘટના બાદ તંત્રમાં દોડધામ મચી છે. સદનસીબે ગંભીરાબ્રિજ જેવી દુર્ઘટના અટકી છે, પરંતુ હવે શું એને લઈ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. બ્રિજ ડિઝાઈન કન્સલ્ટન્ટ અને બ્રિજ એક્સપર્ટ દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલા સુભાષબ્રિજના નીચેના ભાગમાં ઈન્સ્પેક્શન કરવામાં આવતાં બ્રિજમાં તિરાડો અને સ્પાન ખસી ગયેલો જોવા મળ્યો છે. સુભાષબ્રિજનો જે સ્પાનનો ભાગ બેસી ગયો છે એના નીચેના ભાગે તિરાડ પડી છે. બ્રિજના ત્રીજા નંબરના સ્પાનનો ભાગ બેસી ગયો છે. બ્રિજ ડિઝાઈન કન્સલ્ટન્ટ અને બ્રિજ એક્સપર્ટ દ્વારા સુભાષબ્રિજની દરેક તરફથી તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં બ્રિજના એક જ સ્પાનમાં નુકસાન થયું છે, જોકે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર મોરબી અને ગંભીરાબ્રિજની દુર્ઘટનાને ધ્યાનમાં રાખી ઊંઘતું ઝડપાયા બાદ સુભાષબ્રિજનો સ્પાન બેસી જતાં બ્રિજના અન્ય સ્પાનની પણ તપાસ કરવામાં આવી રહી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એમ પેનલ કરવામાં આવેલા ડિઝાઈન કન્સલ્ટન્ટ ઉપરાંત SVNIT અને અલગ અલગ એક્સપર્ટ કમિટીના લોકોની પણ મદદ લેવામાં આવી રહી છે. ફોટોમાં કેન્ટિલિવરનો ભાગ નમી ગયેલો અને તિરાડો જોવા મળી, 'કેન્ટિલિવર એરિયા' એટલે પુલનો એવો ભાગ, જે એક છેડે આધાર (support) સાથે જોડાયેલો હોય છે, પરંતુ બીજા છેડે કોઈ ટેકો હોતો નથી અને એ હવામાં લટકતો હોય છે, જે પુલને લાંબો કરવા માટે વપરાય છે; ગુજરાતીમાં એને 'આધારહીન લટકતો ભાગ' અથવા 'લટકતો વિસ્તાર' કહી શકાય, જ્યાં એ પુલના મુખ્ય માળખાનો ભાગ હોય છે અને લોડ વહન કરે છે.

### બ્રિજના તમામ સ્પાનની તપાસ કર્યા બાદ અંતિમ નિર્ણય લેવાશે

સૂત્રોના જણાવ્યા મુજબ, સુભાષબ્રિજમાં જે સ્પાનમાં તિરાડ પડી અને ભાગ બેસી ગયો છે એ સ્પાનને બદલવામાં આવી શકી છે. અલગ અલગ એક્સપર્ટ દ્વારા આખા સુભાષબ્રિજના સ્પાન અને પિલર સહિત તપાસ કર્યા બાદ એક સ્પાન સિવાય કોઈ તકલીફ નહીં હોય.

### ચાર મહિના પહેલાં જ બ્રિજનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું

અમદાવાદના તમામ બ્રિજનું ઈન્સ્પેક્શન ચોમાસા પહેલાં અને પછી કરવામાં આવે છે. સામાન્ય રીતે ચોમાસું 15 જૂનથી શરૂ થતું હોવાની ગણતરી કરવામાં આવતી હોય છે, ત્યારે ચોમાસા પહેલાં બ્રિજ ઈન્સ્પેક્શન મે અને જૂન મહિનામાં કરવાનું હોય એની જગ્યાએ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં કરવામાં આવ્યું છે.

**ગંભીર ખામી હશે તો બ્રિજ બેથી ત્રણ મહિના બંધ રહી શકે છે** AMCના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ અને રાજ્ય સરકારના રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગ દ્વારા સુભાષબ્રિજનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું છે. બ્રિજની બંને તરફ એક સ્પાનનો ભાગ નમી ગયો છે. બ્રિજનું પ્રાથમિક રીતે ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું છે,

# જમાલપુરમાં જમણવારમાં 40 લોકોને ફૂડ પોઈઝનિંગ

## નવા ઘરના પ્રસંગે જમણવારમાં ગાજરનો હલવો ખાધા બાદ મોડી રાત્રે તબિયત લથડી, ફૂડ વિભાગે હલવાનું સેમ્પલ લીધુ

**અમદાવાદ, તા.06**

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં આવેલા છીપાવાડમાં ગફુરજીની ગલીમાં ફૂડ પોઈઝનિંગની ઘટના સામે આવી છે. 35થી 40 જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. નવા ઘરના પ્રસંગે જમણવાર યોજવામાં આવ્યો હતો. લગ્ન પ્રસંગના જમણવારમાં લોકોએ ગાજરનો હલવો ખાધો હતો, ત્યારબાદ મોડી રાત્રે લોકોની તબિયત ખરાબ થઈ હતી અને લોકોમાં દોડધામ મચતા અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર માટે દોડ્યા હતા. આ મામલે AMC ફૂડ વિભાગની ટીમને જાણ કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના જણાવ્યા મુજબ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા ગફૂરજીની ગલીમાં રહેતા નવા ઘરના પ્રસંગે જમણવાર યોજવામાં આવ્યો હતો. જમણવારમાં માત્ર સંબંધીઓને બોલાવવામાં આવ્યાં હતા. 50થી 100 માણસોનો જમણવાર યોજાયો હતો. જેમાં ગાજરનો હલવો, ખીચડી અને નોનવેજ સહિતની ચીજવસ્તુઓ ખાવામાં હતી. જે ખાધા બાદ અચાનક જ 30થી 40 લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. રાતે તાત્કાલિક છીપા વેલ્ફેર દવાખાનામાં અને



જમાલપુર ચેપી રોગ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

બંને હોસ્પિટલમાં કુલ 34 લોકોએ સારવાર લીધી હતી. હોસ્પિટલમાં 5 લોકોએ સારવાર લીધી, જેમાં એક હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે 4 લોકોને રજા આપી દેવામાં આવી હતી. બીજા લોકોએ પણ પ્રાથમિક સારવાર લીધી હતી. આ ઘટના બનતા રાતે લોકોમાં દોડધામ મચી ગઈ હતી. AMCના આરોગ્ય વિભાગના અધિકારી ડો. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, જમાલપુરમાં ગફૂરજીની ચાલીમાં પ્રસંગમાં જમણવાર યોજાયો હતો. જેમાં ગાજરનો હલવો, રોટી, ભાત અને નોનવેજનો જમણવાર હતો. જેમાં 34 લોકોને રાત્રે વોમીટીંગ અને ઝાડા ઉલ્ટી થયા હતા. જેના પગલે ખાનગી અને AMC હોસ્પિટલમાં સારવાર લેવા પહોંચ્યા હતા. જેમાં 1 વ્યક્તિ સારવાર માટે હાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ફૂડ વિભાગ દ્વારા ગાજરના હલવાનું સેમ્પલ લેવામાં આવ્યું છે. જ્યાંથી માવો લેવામાં આવ્યો ત્યાંથી પણ સેમ્પલ લેવાની પ્રક્રિયા કરવામાં આવશે. જેમાં ગાજરનો હલવો, રોટી, ભાત અને નોનવેજનો જમણવાર હતો. જેમાં 34 લોકોને રાત્રે વોમીટીંગ અને ઝાડા ઉલ્ટી થયા હતા. જેના પગલે ખાનગી અને AMC હોસ્પિટલમાં સારવાર લેવા પહોંચ્યા હતા. જેમાં 1 વ્યક્તિ સારવાર માટે હાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ફૂડ વિભાગ દ્વારા ગાજરના હલવાનું સેમ્પલ લેવામાં આવ્યું છે. જ્યાંથી માવો લેવામાં આવ્યો ત્યાંથી પણ સેમ્પલ લેવાની પ્રક્રિયા કરવામાં આવશે.

# અકસ્માત કરીને મૃત્યુ નીપજાવવા બદલ 1 વર્ષની કેદ

**15 વર્ષનો સગીર ખાટલામાં સૂતો હતો અને ગાડી અથડાવી, સગીરનું મૃત્યુ નીપજ્યું અને 4 વર્ષના બાળકને ઈજા પહોંચી**

**અમદાવાદ, તા.06**

વર્ષ 2024ના એપ્રિલ મહિનામાં મૂળ બિહારના મોનુકુમાર તેલીએ બેદરકારી પૂર્વક ગાડી હંકારીને ખાટલામાં સૂતા 15 વર્ષીય સગીરને અથડાવતા સારવાર દરમિયાન સગીરનું મોત નીપજ્યું હતું, જ્યારે બાજુમાં સુતા 4 વર્ષના બાળકને ઈજા પહોંચી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપીને 1 વર્ષની કેદ અને 6 હજારનો દંડ ફટકારવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીનો વ્યક્તિની હત્યા કરવાનો ઈરાદો ન હોવાવથી સાઅપરાધ મનુષ્યવધનો ગુનો લગાડવામાં આવ્યો ન હતો. વર્ષ 2024ના એપ્રિલ મહિનામાં I ડિવિઝન પોલીસ મથકે મૂળ બિહારના એક પિતાએ ફરિયાદ નોંધાવી હતી કે, તેમનો 15 વર્ષીય સગીર પુત્ર તેના 4 વર્ષીય ભાઈ સાથે સિંગરવા ખાતે ઘરની બહાર ખાટલામાં સૂતો હતો. ત્યારે આરોપી મૂળ બિહારના મોનુકુમાર તેલીએ બેદરકારી અને પૂરઝડપે મહિન્દ્રા XUV ગાડી ખાટલા સાથે અથડાવતા તેમનો દીકરો ખાટલા અને ગાડી વચ્ચે દબાઈ ગયો હતો. નાના 4 વર્ષીય દીકરાને પણ ઈજાઓ થઈ હતી. આરોપીની ગાડીમાં જ દીકરાને સિંગરવા હોસ્પિટલ લઈ જવાયો હતો. જે હોસ્પિટલે મોટા 15 વર્ષીય દીકરાને આંતરિક ઈજાઓ અને શોકને કારણે મૃત જાહેર કર્યો હતો. આરોપી સામે અમદાવાદ જિલ્લા મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલતા 9 સાહેદ અને 7 દસ્તાવેજી પુરાવા તેમજ સરકારી વકીલ એમ.એસ.શેખની દલીલોને આધારે આરોપીને કોર્ટે 1 વર્ષની કેદ અને કુલ 6 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

# ઈન્ડિગોના ધાંધિયા, 79 ફ્લાઈટ કેન્સલ : અમદાવાદ એરપોર્ટ પર NSUI-યૂથ કોંગ્રેસનો વિરોધ

**અમદાવાદ, તા.06**

પાઈલટ્સ અને ક્રૂ-મેમ્બર્સની અછતને કારણે દેશની સૌથી મોટી એરલાઈનની કટોકટીનો આજે ચોથો દિવસ છે. આજે પણ ઈન્ડિગોની રાત્રિના 12 વાગ્યાથી બપોરના 2 વાગ્યા સુધીમાં 79 ફ્લાઈટ કેન્સલ થઈ છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના અધિકારીના જણાવ્યા મુજબ, અમદાવાદથી જતી 37 અને આવતી 35 ફ્લાઈટ એમ કુલ 72 ફ્લાઈટ કેન્સલ થઈ છે. આ સાથે જ વડોદરા એરપોર્ટની 6, રાજકોટ એરપોર્ટની એક ફ્લાઈટ રદ થઈ છે. દિવસ દરમિયાન તમામ એરપોર્ટ પર આવતી અને જતી ફ્લાઈટ એકંદરે અડધો કલાકથી વધુ મોડી




પડી રહી છે. ફ્લાઈટની હાલાકીના કારણે અમદાવાદ એરપોર્ટ પર એક યુવતી રડી પડી હતી. ગઈકાલની જેમ ઈન્ડિગો એરલાઈનના કાઉન્ટર પર ઈન્ક્વાયરી માટે મુસાફરોની લાંબી લાઈનો લાગી ગઈ છે. કોઈ પોતાના બેગેજ માટે તો કોઈ પોતાના ટિકિટના કન્ફર્મેશન માટે લાઈનમાં ઊભા છે. ઈન્ડિગો દ્વારા યોગ્ય જવાબ ન મળતો હોવાનો પણ આક્ષેપ મુસાફરોએ કર્યો હતો. બપોરના 1 વાગ્યાની આસપાસ મુસાફરોન પડતી હાલાકીને લઈ વિરોધ કરવા આવેલા NSUI અને યૂથ કોંગ્રેસના 20થી વધુ કાર્યકરોની પોલીસે ટીંગાટોળી સાથે અટકાયત કરી હતી. ગઈકાલે (5 ડિસેમ્બરે) ઈન્ડિગો એરલાઈન્સના CEO પીટર એલ્બર્સે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી મુસાફરોની માફી માગતાં જણાવ્યું હતું કે 15 ડિસે. સુધીમાં જેનું બુકિંગ છે, તેણે હાલાકી ભોગવવી પડી શકે છે, જોકે ગઈકાલે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર 155 ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસોથી ઈન્ડિગો એરલાઈનના ધાંધિયાની વચ્ચે અનેક મુસાફરોને હાલાકી ભોગવી પડી રહી છે. તેને લઈને હવે પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરો માટે સ્પેશિયલ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પશ્ચિમ રેલવે મુસાફરોને સારી સુવિધા પૂરી પાડવા અને મુસાફરોની માંગને ધ્યાનમાં રાખીને ટ્રેન ઓન ડિમાન્ડ (TOD) હેઠળ સાબરમતીથી દિલ્હી જંક્શન અને સાબરમતી-દિલ્હી સરાય રોહિલ્લા વચ્ચે ખાસ ભાડાવાળી સ્પેશિયલ ટ્રેનો ચાલવાના છે. રસ્તામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ જંક્શન, અજમેર, જયપુર, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્હી કેન્ટ ખાતે રોકાશે. ટ્રેનમાં એસી 3-ટાયર કોચ હશે. આ ટ્રેન કુલ 925 કિમીનું અંતર કાપે છે, જેમાં મુસાફરીનો સમય આશરે 4:20 કલાક (સાબરમતી-દિલ્હી) અને 3:20 કલાક (દિલ્હી-સાબરમતી)નો છે.

# અમદાવાદમાં દિવ્યાંગ યુવતીને હોસ્પિટલે લઈ જવાનું કહી કુકર્મ આચર્યું, માનસિક વિકૃત સામે 15થી વધુ ગુના

**અમદાવાદ, તા.06**

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં દિવ્યાંગ યુવતી પર મોડીરાતે અજાણ્યા શખસે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી હતી. આ ઘટનામાં ક્રાઈમ બ્રાંચે ગુનો દાખલ થયાના ચાર દિવસમાં માનિસક વિકૃત આરોપીની ધરપકડ કરી લીધી છે. મોડીરાતે દિવ્યાંગ યુવતી તેના ઘરેથી ઊતરીને રોડ પર આવી હતી, જ્યાં આરોપીએ મોકાનો ફાયદો ઉઠાવીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. ક્રાઈમ બ્રાંચને આરોપીને ઝડપી લેવા માટે 30થી વધુ સીસીટીવી કેમેરા ચેક કરવા પડ્યા હતા. માનસિક વિકૃત આરોપી સામે 15થી વધુ ગુના નોંધાયેલા છે. 26 નવેમ્બરની રાતે દાણીલીમડાના મકાનમાં રહેતી એક દિવ્યાંગ યુવતી પર દુષ્કર્મ થયું હતું. યુવતીની માનસિક સ્થિતિ સારી નહીં હોવાના કારણે તે મોડીરાતે પોતાના મકાનના નીચે ઊતરી ગઈ હતી. યુવતી મોડીરાતે ચાલતી ચાલતી રોડ પર આવી ત્યારે જમાલપુર વિસ્તારમાં રહેતા મોઈનુદ્દીન બાદશાહ નામના યુવકની નજર તેના પર પડી હતી. દિવ્યાંગ યુવતીને જોઈને મોઈનુદ્દીનની નિયત ખરાબ થઈ હતી અને તે તેની પાસે ગયો હતો. મોઈનુદ્દીને તેની પાસે જતાંની સાથે જ યુવતીને પૂછ્યું હતું કે તારે ક્યાં જવું છે અને અહીં કેમ ફરે છે. યુવતીએ મોઈનુદ્દીનને જવાબ આપ્યો હતો કે મારે દવાખાને જવું છે. મયુદ્દીને યુવતીને દવાખાને લઈને જવાનું કહ્યું હતું, જેથી તે રાજી થઈ ગઈ હતી. મોઈનુદ્દીન યુવતીને અંધારામાં અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો અને ત્યાં તેના પર દુષ્કર્મ આચર્યું હતું. યુવતીને પીંખી નાખ્યા બાદ મોઈનુદ્દીન ત્યાંથી જતો રહ્યો હતો અને બાદમાં તે પણ પોતાના ઘરે આવી ગઈ હતી. ઘરના લોકોને સમગ્ર ઘટનાની જાણ થતાં તેમણે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધ્યો હતો અને કેસની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપાઈ હતી.

# સિંધુભવન રોડ પર બાઈકની ટક્કરની અદાવતમાં ખૂની ખેલ

**અમદાવાદ, તા.06**

અમદાવાદમાં દિન-પ્રતિદિન સામાન્ય બાબતોમાં મારામારીની ઘટનાઓ વધી રહી છે. શહેરના સિંધુભવન રોડ પર બાઈકની સામાન્ય ટક્કર થતાં યુવક પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જેના સીસીટીવી સામે આવ્યા છે. યુવકને માથાના ભાગે તલવારનો ઘા મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જેને તાત્કાલિક સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો છે, જ્યાં તેની ફરિયાદના આધારે પોલીસે ચાર આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ વચનારામ રબારી નોકરી પૂરી કરીને તેમના સહકર્મી પ્રવીણ હિરાગર અને અન્ય સ્ટાફ સાથે સિંધુ ભવન રોડ પર સુપર માર્કેટની બહાર ઊભા હતા. તે સમયે એક બાઈક ચાલકે પ્રવીણ હિરાગરને ટક્કર મારતાં બંને નીચે પડ્યા હતા. નીચે પડ્યા બાદ ઉશ્કેરાયેલા મોટરસાયકલ ચાલક અને તેના સાથીએ પ્રવીણ હિરાગરને માર મારવાનું શરૂ કર્યું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

